


# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

24 MARCH-2024 SUNDAY

વર્ષ-13 । અંક-129 । વિક્રમ સંવત-2080 । ફાગણ સુદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક



પેજ 5



અનિલ અંબાણીની રિલાયન્સ પાવર બતાવશે પાવર, એક ડિલથી શેર...

બ્રિટનના શાહી પરિવાર માટે કપરાં દિવસો : વેલ્સની પ્રિન્સેસ કેટ...



પેજ 10



અન્યાય તેમજ અધર્મ ઉપર ભક્તિ અને સત્યના વિજયનો સંદેશ આપતા

હોળીના પર્વની હાર્દિક શુભકામના


## ખૂન કા બદલા ખૂન સે લેંગે... હું સોગંદ ખાઉ છું કે તેમને છોડીશું નહીં : પુતિન

# મોસ્કો હુમલા બાદ રશિયામાં રાષ્ટ્રીય શોક જાહેર

(એજન્સી) મોસ્કો, તા. 23

રશિયાના રાષ્ટ્રપતિ પુતિને મૉસ્કોના એક કૉન્સર્ટ હૉલમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી છે. તેની સાથે જ રાષ્ટ્રપતિએ રાષ્ટ્રીય શોક દિવસની જાહેરાત પણ કરી છે. પોતાના નિવેદનમાં તેમણે કહ્યું કે, અનેક નિર્દોષ લોકો ક્રોકસ સિટી હૉલમાં આતંકવાદી હુમલાનો શિકાર બની ગયા. મને વિશ્વાસ છે કે ક્રોકસ સિટી હૉલમાં આતંકવાદી હુમલાના પીડિતોનો જીવ બચાવવા માટે ડૉક્ટરો તમામ પ્રયાસ કરશે. તેની સાથે જ પુતિને કહ્યું કે, આ હુમલા પાછળ જે પણ છે, હું સોગંદ ખાઉ છું કે તેમને છોડવામાં નહીં આવે. તેમણે એ પણ દાવો કર્યો છે કે બંદૂકધારીઓએ યૂક્રેન ભાગવાના પ્રયાસ કર્યા. જણાવી દઈએ કે, આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ઑફ સીરિયા એન્ડ ઈરાક (ISIS)એ શુક્રવારે મૉસ્કોના ક્રોકસ કૉન્સર્ટ હૉલમાં થયેલા ફાયરિંગ અને બોમ્બ વિસ્ફોટની જવાબદારી લીધી છે. આ ભયંકર હુમલામાં 93 લોકોના મોત થયા અને 145 લોકો ઈજાગ્રસ્ત થયા. ISISએ પોતાની ટેલીગ્રામ ચેનલ પર એક નિવેદન જાહેર કરીને કહ્યું કે, 'અમારા લડવૈયાઓએ રશિયાની રાજધાની મૉસ્કોના બહારના વિસ્તારમાં આવેલ ક્રોકસ કૉન્સર્ટ હૉલમાં હુમલો કર્યો. હુમલાખોર સુરક્ષિત રીતે પોતાના ઠેકાણાઓ પર પરત આવ્યા છે.'



### અમે કરી રહ્યા છીએ આતંકવાદી હુમલાની તપાસ : રશિયા

જ્યારે હુમલો થયો તે સમયે ક્રોકસ સિટી હૉલમાં સોવિયત કાળના જાણિતા મ્યૂઝિક બેન્ડ 'પિકનિક'નું પરફૉર્મન્સ ચાલી રહ્યું હતું. આ મ્યૂઝિક કૉન્સર્ટમાં 62000 લોકો હાજર હતા. રશિયન અધિકારીઓએ કહ્યું કે, અમે આ આતંકવાદી હુમલાની તપાસ કરી રહ્યા છીએ અને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને સતત અપડેટ કરાઈ રહ્યા છે. રશિયન વિદેશ મંત્રાલયે આ આતંકવાદી હુમલો ગણાવ્યો છે અને ઈન્ટરનેશનલ સમુદાયે તેને જઘન્ય અપરાધની નિંદા કરવાની અપીલ કરી છે. આ આતંકવાદી હુમલા એવા સમયે થયો છે જ્યારે વ્લાદિમીર પુતિને હાલમાં જ રાષ્ટ્રપતિ ચૂંટણીમાં મોટી જીત મેળવી છે અને રશિયાના રાષ્ટ્રપતિ તરીકે સતત પાંચમો કાર્યકાળ સંભાળવા જઈ રહ્યા છે. બીજી તરફથ રશિયા ગત બે વર્ષથી યૂક્રેનની સાથે યુદ્ધ લડી રહ્યું છે.


**વિસ્તૃત અહેવાલ પાના નં. 10 પર**


### હુમલાખોરો માટે હોલમાં હથિયારો છુપાવીને રાખ્યા હતા

રશિયન મીડિયા હાઉસ આરટીના રિપોર્ટ અનુસાર, તપાસ એજન્સીઓએ કહ્યું છે કે આતંકવાદી હુમલો સંપૂર્ણ પ્લાનિંગ સાથે થયો હતો. ક્રોકસ પાસે હુમલાખોરો માટે સિટી હોલમાં પહેલાથી જ હથિયારો છુપાયેલા હતા. હજુ તપાસ ચાલુ છે. જો કે, સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા એક વીડિયોમાં એક કથિત હુમલાખોર પોતાનો ગુનો કબૂલી રહ્યો છે. તે સંપૂર્ણ આયોજન વિશે જણાવી રહ્યો છે.

### યુક્રેન બોર્ડરની નજીક આરોપીઓની અટકાયત કરાઇ

રશિયાની તપાસ કમિટીનું કહેવું છે કે હુમલાના સામેલ ચારેય શખ્સો રશિયાના બ્રાંસ્ક વિસ્તારમાંથી ઝડપાયા હતા. આ વિસ્તાર યુક્રેનની બોર્ડરથી ઘણો નજીક છે. એફએસબીના પ્રમુખે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને પકડાયેલા શખ્સો વિશે જાણકારી આપી હતી. હુમલાખોરો એવી યોજના સાથે આવ્યા હતા કે તેઓ હુમલો કરશે અને યુક્રેન તરફ ભાગી જશે. 3 હુમલાખોરોના ફોટોગ્રાફ્સ પણ જાહેર કરવામાં આવ્યા છે.

### રશિયન એજન્સીઓને યુક્રેન પર કેમ છે આશંકા?

રશિયન એજન્સીઓ અને ઘણા નેતાઓનો આરોપ છે કે આ હુમલાની સીધી કડીઓ યુક્રેન સાથે જોડાયેલી છે. જો કે ISISએ નિવેદન બહાર પાડી આ હુમલાની જવાબદારી લીધી હતી. એક ખુફિયા અમેરીકન અધિકારીના જણાવ્યા અનુસાર અમેરીકન એજન્સીઓએ ખાતરી કરી છે કે આ હુમલા માટે ISIS જ જવાબદાર હતું.

### અમારો તેમાં કોઈ હાથ નથી : યુક્રેનનો દાવો

આ હુમલો પુતિનના ફરી રાષ્ટ્રપતિ બન્યાના કેટલાક દિવસો બાદ જ થયો છે. આ હુમલો છેલ્લા કેટલાક વર્ષોમાં રશિયામાં થનારો સૌથી ઘાતક હુમલો હતો. હુમલા બાદ તરત જ કેટલાક રશિયન સાંસદોએ યુક્રેન સામે આંગળી ચીંધી. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કીના સલાહકાર મિખાઈલો પોડોલ્યાકે તેમની કોઈપણ જાતની સંડોવણી હોવાનો ઈનકાર કર્યો હતો. મિખાઈલોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કર્યું કે, 'યુક્રેને ક્યારેય આતંકવાદી પદ્ધતિઓનો ઉપયોગ નથી કર્યો. આ રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધમાં બધું મેદાન પર નક્કી થશે.' આજે રશિયન રાજ્ય મીડિયા દ્વારા શેર કરવામાં આવેલી તસવીરોમાં ઈમરજન્સી વાહનોની લાઈન જોવા મળી હતી.' યુક્રેનની સરકારે પણ સ્પષ્ટતા કરી છે કે, આતંકી હુમલા સાથે અમારે કોઈ લેવા દેવા નથી.

### ISISએ રશિયા પર શા માટે હુમલો કર્યો?

બીબીસીએ પોતાના રિપોર્ટમાં એક્સપર્ટ્સને ટાંકીને લખ્યું - આ હુમલો ISISની ખોરાસન વિંગ એટલે કે ISIS-K દ્વારા કરવામાં આવ્યો હતો. ISIS-Kનું નામ ઉત્તર-પૂર્વ ઈરાન, દક્ષિણ તુર્કમેનિસ્તાન અને ઉત્તર અફઘાનિસ્તાનનો સમાવેશ કરતા પ્રદેશના નામ પરથી રાખવામાં આવ્યું છે.

## Quick Read

### ASIની ટીમ ભોજશાળાનો સરવે કરવા પહોંચી:હિંદુ અને મુસ્લિમ પક્ષોના પ્રતિનિધિઓ પણ પહોંચ્યા

ધાર : મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેંચના આદેશ પર જ્ઞાનવાપી જેવી ધારમાં આવેલી ભોજશાળાના વૈજ્ઞાનિક સર્વે (ASI સર્વે)નો આજે (શનિવાર) બીજો દિવસ છે. દિલ્હી અને ભોપાલના અધિકારીઓની ટીમ સરવે કરી રહી છે. ASIના વકીલ હિમાંશુ જોશી, હિંદુ તરફથી આશિષ ગોયલ અને ગોપાલ શર્મા સરવે ટીમ સાથે ભોજશાળામાં છે. કમાલ મૌલાના વેલ્ફેર સોસાયટીના સમદ ખાન પણ ભોજશાળા પહોંચી ગયા છે. કેમ્પસની બહાર ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

### કોંગ્રેસે રાજગઢ લોકસભા બેઠક પરથી પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહનું નામ નક્કી કર્યું

ભોપાલ : લોકસભા ચૂંટણીને લઈને કોંગ્રેસે મધ્યપ્રદેશમાં 10 બેઠક માટે ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. અહેવાલો અનુસાર, કોંગ્રેસની ચોથી યાદી શનિવારે જાહેર થઈ શકે છે. કોંગ્રેસની આ યાદીમાં મધ્યપ્રદેશના ઉમેદવારોના નામ પણ હોઈ શકે છે. આ દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યસભા સાંસદ દિગ્વિજય સિંહે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'પાર્ટીએ મને ચૂંટણી લડવાનું કહ્યું છે, હું ઈચ્છતો હતો કે એક યુવક રાજગઢ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડે, પરંતુ મારે પાર્ટીના આદેશનું પાલન કરવું પડશે.

### બેઠક વહેંચણી પહેલાં લાલુ અને લેફ્ટએ કર્યો ખેલ ! કોંગ્રેસ મોટી મુંઝવણમાં

પટણા : બિહારમાં યોજાનારી લોકસભા ચૂંટણી માટે મહાગઠબંધનમાં હજુ સુધી બેઠક વહેંચણી અંગે સમજૂતીની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ આ દરમિયાન આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ અને ડાબેરી પક્ષો સતત તેમના ઉમેદવારોના નામની જાહેરાત કરી રહ્યા છે અને તેમને સિમ્બોલ પણ આપી રહ્યા છે. જેના લીધે બિહાર કોંગ્રેસ નેતૃત્વ સામે વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. ખરેખર ઔરંગાબાદ અને બેગુસરાય લોકસભા બેઠકો વિશે ચર્ચા ચાલી રહી છે. ત્યાં કોંગ્રેસ તેના ઉમેદવારો ઉભા કરવા માંગતી હતી.

### કોંગ્રેસ સામે બળવો કરનારા 6 ધારાસભ્યોના કેસરીયા, હિમાચલ પ્રદેશમાં સરકારનું સંખ્યાબળ ઘટ્યું

નવી દિલ્હી : હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસના તમામ છ બળવાખોર ધારાસભ્યો અને ત્રણ અપક્ષ ધારાસભ્યો ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. કોંગ્રેસના ધારાસભ્યો સુધીર શર્મા, રવિ ઠાકુર, રાજેન્દ્ર સિંહ રાણા, ચૈતન્ય શર્મા, દેવેન્દ્ર ભુટ્ટો અને ઈન્દર દત્ત લખનપાલ ભાજપમાં જોડાઈ ગયા છે. આ ધારાસભ્યો ભાજપમાં જોડાયા બાદ કુલ 68 વિધાનસભા બેઠકોમાંથી કોંગ્રેસ હવે 34 બેઠકો પર આવી ગઈ છે. ભાજપની સંખ્યા વધશે નહીં કારણ કે હિમાચલ પ્રદેશ વિધાનસભાના અધ્યક્ષે 6 બળવાખોર ધારાસભ્યોને સસ્પેન્ડ કર્યા છે.

### ધરપકડ-રિમાન્ડ પર તાત્કાલિક સુનાવણીનો HCનો ઇનકાર

# કેજરીવાલને હાઈકોર્ટનો ઝટકો, તત્કાલ સુનાવણીનો ઈન્કાર

### બુધવારે કેસની સુનાવણી થશે : આતિશીનો આરોપ- અમારી ઓફિસ સીલ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા. 23

દિલ્હી લિકર પોલિસી કેસમાં PMLA કોર્ટે 22 માર્ચે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને 6 દિવસ (28 માર્ચ સુધી) માટે ED રિમાન્ડ પર મોકલ્યા છે. કેજરીવાલની 21 માર્ચે સીએમ હાઉસમાંથી ધરપકડ કરવામાં આવી હતી. શુક્રવારે બપોરે 2 વાગ્યે તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. અહીં, શનિવારે સાંજે કેજરીવાલના વકીલે EDની ધરપકડ અને નીચલી કોર્ટના રિમાન્ડના નિર્ણયને દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો હતો. વકીલોએ કહ્યું કે બંને નિર્ણયો ગેરકાયદે છે. કેજરીવાલને મુક્ત કરવા જોઈએ. અમે કોર્ટ પાસે 24 માર્ચ સુધી સુનાવણીની માગ કરી છે. તે જ



સમયે, દિલ્હી હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલની ધરપકડ અને રિમાન્ડના કેસ પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે કહ્યું કે હોળીની રજા છે. બુધવારે (27 માર્ચ)ના રોજ કોર્ટ ખુલશે ત્યારે જ કેસની સુનાવણી થશે. શનિવારે બપોરે કેજરીવાલની પત્ની સુનીતાએ એક વીડિયો મેસેજમાં કેજરીવાલનો સંદેશ વાંચીને સંભળાવ્યો. 3 મિનિટ 21 સેકન્ડના આ મેસેજમાં કહેવામાં આવ્યું કે અત્યાર સુધી મેં ઘણો સંઘર્ષ કર્યો છે, ભવિષ્યમાં પણ મારા જીવનમાં આનાથી પણ મોટા સંઘર્ષ લખાયેલા છે. AAP કાર્યકર્તાઓને અપીલ છે કે મારી ધરપકડના કારણે ભાજપના લોકોને નફરત ન કરો. તમે નીચે આપેલા બ્લોગમાં સંપૂર્ણ સંદેશ વાંચી શકો છો.

### કેજરીવાલે કરોડો ભારતીયોનો વિશ્વાસ તોડ્યો: અન્ના હજારે

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ પર અન્ના હજારેએ એક પત્ર લખ્યો છે. આ પત્રમાં તેમણે કહ્યું કે, દિલ્હી



સરકારની લિકર પોલિસી અને તેના દ્વારા કરવામાં આવેલા ભ્રષ્ટાચારમાં અરવિંદ કેજરીવાલની ધરપકડથી મને ખૂબ દુ:ખ થયું. ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડવામાં આવેલા આ દેશના સૌથી મોટા જન લોકપાલ આંદોલનમાં મારા સાથી રહેલા અરવિંદ કેજરીવાલની ભ્રષ્ટાચાર મામલે ધરપકડ થવી એ સૌથી મોટી વિડબંના છે. અન્ના હજારેએ પત્રમાં આગળ લખ્યું કે, જે તમામ બાબતો વિરુદ્ધ લડવામાં મેં મારું આખું જીવન વિતાવી દીધુ તેના વિરુદ્ધ જઈને કેજરીવાલે કરોડો ભારતીયોનો વિશ્વાસ તોડ્યો છે.

### કેજરીવાલનો પર્દાફાશ કરીશ, સરકારી સાક્ષી બની જઈશ : સુકેશ

મહાઠગ સુકેશ ચંદ્રશેખરે હવે નવો ધડાકો કર્યો છે. સુકેશે અરવિંદ કેજરીવાલ અને તેમની ટીમને એક્સપોઝ કરવાનો



દાવો કર્યો છે. દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટમાં સુકેશે કહ્યું કે, હું કેજરીવાલને ઉઘાડો પાડીશ, હું કેજરીવાલ અને તેમની ટીમ વિરુદ્ધ સરકારી સાક્ષી બની જઈશ. હું એ સુનિશ્ચિત કરીશ કે તેમને સજા કરવામાં આવે. કોર્ટે શુક્રવારે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને કથિત દારૂ નીતિ કૌભાંડ કેસ સાથે સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં 28 માર્ચ સુધી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની કસ્ટડીમાં મોકલી દીધા છે. કેજરીવાલની ધરપકડ બાદ ઠગ સુકેશ ચંદ્રશેખરે તેમને પત્ર લખ્યો છે.

### કેન્દ્ર, રાષ્ટ્રપતિના સચિવ સહિત 4ને પક્ષકાર બનાવ્યા

# કેરળ સરકાર રાષ્ટ્રપતિ વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટ પહોચી, કહ્યું- એમની પાસે 4 બીલ પેન્ડિંગ

(એજન્સી) તિરુવનંતપુરમ, તા. 23

કેરળ સરકારે પોતાના પ્રકારનું એક અનોખું પગલું ભર્યું છે. પી વિજયન સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને કહ્યું છે કે રાષ્ટ્રપતિ તેમના ચાર બિલ પાસ નથી કરી રહ્યા. જ્યારે આ બિલ રાજ્ય વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યા છે. કેરળ સરકારે જે ચાર બિલોનો ઉલ્લેખ કર્યો છે તે છે યુનિવર્સિટી લૉઝ (સુધારા) (નંબર 2) બિલ 2021, કેરળ સરકાર સહકારી મંડળીઓ (સુધારા) બિલ 2022, યુનિવર્સિટી લૉઝ (સુધારા) બિલ 2022 અને યુનિવર્સિટી લૉઝ (સુધારા) ) (નં. 3) બિલ 2022. કેરળ સરકારે એમ પણ કહ્યું છે કે આ બિલોને કોઈપણ કારણ આપ્યા વિના ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યા છે. કેરળની પી વિજયનની આગેવાની હેઠળની એલડીએફ સરકારે કેન્દ્ર સરકાર, રાષ્ટ્રપતિના સચિવ, કેરળના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન અને તેમના વધારાના સચિવને અરજીમાં પક્ષકાર બનાવ્યા છે.



### કેરળ સરકારે કહ્યું- બિલ રોકવા એ કલમ 14નું ઉલ્લંઘન છે

પ્રથમ, બિલ લાંબા સમય સુધી રાજ્યપાલ પાસે રહ્યા. આ પછી બિલોને રાષ્ટ્રપતિ પાસે વિચારણા માટે મોકલવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિએ પણ કોઈ કારણ આપ્યા વગર તેમને પોતાની પાસે પેન્ડિંગ રાખ્યા હતા. ભારતીય સંઘ દ્વારા રાષ્ટ્રપતિને કોઈ પણ કારણ આપ્યા વિના ચાર ખરડાને સંમતિ રોકવાની આપવામાં આવેલી સલાહ પણ મનસ્વી છે અને કલમ 14નું ઉલ્લંઘન છે.

### કેરળ સરકારે રાજ્યપાલ પર બિલ રોકવાનો આરોપ પણ લગાવ્યો હતો

આ પહેલા પણ કેરળ સરકારે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. વિજયન સરકારે રાજ્યપાલ પર આરોપ લગાવ્યો હતો કે આ બિલો વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યા હોવા છતાં તેના ઘણા બિલોને મંજૂરી આપી નથી. આના પર સુપ્રીમ કોર્ટે 20 નવેમ્બર 2023ના રોજ રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાનના કાર્યાલયને નોટિસ આપી હતી.

### યુટ્યુબર મેક્સટર્ન મારપીટ કેસમાં એલ્વિશને કોર્ટમાંથી મળ્યા જામીન

ગુરુગ્રામ : યુટ્યુબર અને બિગ બોસ OTT 2 વિજેતા એલ્વિશ યાદવને મોટી રાહત મળી છે. ગુરુગ્રામની કોર્ટે યુટ્યુબર મેક્સટર્ન ઉર્ફે સાગર પર હુમલાના કેસમાં તેને જામીન આપી દીધા છે. યુટ્યુબર સાગર ઠાકુર વિરુદ્ધ ગુરુગ્રામમાં મારપીટનો કેસ નોંધવામાં આવ્યો હતો. એલ્વિશના એડવોકેટ હિમાંશુ યાદવે કહ્યું કે યુટ્યુબર મેક્સટર્નએ પણ આ કેસમાં સમાધાનની એફિડેવિટ દાખલ કરી છે.

### મૂર્તિકાર અરૂણ યોગીરાજે રામલલાની બનાવી વધુ એક મૂર્તિ

(એજન્સી) અયોધ્યા, તા. 23

પ્રસિદ્ધ મૂર્તિકાર અરૂણ યોગીરાજે અયોધ્યામાં બનેલા રામ મંદિરમાં રામલલાની મૂર્તિ બનાવી છે. 22 જાન્યુઆરીએ રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી, જેમાં વડાપ્રધાન મોદી સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. અરૂણ યોગીરાજ દ્વારા બનાવાયેલી રામલલાની મૂર્તિને લોકોએ આશ્ચર્યચકિત કરી દીધા હતા. એટલી સુંદર મૂર્તિને જોતા જ લોકોને ખુબ ગમી હતી. હવે એકવાર ફરીથી અરૂણે રામલલાની વધુ એક મૂર્તિ બનાવી છે, જેના ખુબ વખાણ થઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ 'X' પર અરૂણ યોગીરાજે રામલલાની નવી મૂર્તિની તસવીરો શેર કરી છે. આ મૂર્તિ પણ રામ મંદિરમાં સ્થાપિત રામલલાની મૂર્તિ જેવી જ છે, પરંતુ તેનાથી ઘણી નાની છે. 'X' પર અરૂણ યોગીરાજે પોસ્ટ કરી. જેમાં લખ્યું કે, 'રામલલાની મુખ્ય મૂર્તિની પસંદગી બાદ મેં અયોધ્યામાં પોતાના ખાલી સમયમાં વધુ એક નાની રામલલાની મૂર્તિ બનાવી.'



યોગીરાજે કુલ ત્રણ તસવીરો શેર કરી છે. જેમાંથી પહેલી તસવીરમાં તે રામલલાની મૂર્તિને હાથમાં લઈને ઉભા છે, જ્યારે બાકી બંને તસવીરોમાં પણ રામલલાની મૂર્તિની તસવીરો છે. રામલલાની નાની મૂર્તિ પણ ખુબસુંદર છે. યોગીરાજની આ પોસ્ટ ખુબ વાયરલ થઈ રહી છે. થોડા સમયમાં જ 22 હજારથી વધુ લોકોએ લાઈક કર્યું છે, જ્યારે લાખો લોકો પોસ્ટ જોઈ ચૂક્યા છે. રામલલાની આ તસવીરને લોકો ખુબસુંદર બતાવી રહ્યા છે.

### સુપ્રીમકોર્ટનો રાજ્યો અને કેન્દ્ર સરકારને આદેશ

# 8 કરોડ લોકોને રેશનકાર્ડ આપો : સુપ્રીમનો કડક આદેશ



રેશન કાર્ડ બની જવાથી આવા લોકોને કેન્દ્ર અને રાજ્ય સરકારોની યોજનાઓ અને રાષ્ટ્રીય ખાધ સુરક્ષા અધિનિયમ 2013 હેઠળ લાભ મળી શકશે

(એજન્સી) નવી દિલ્હી, તા. 23

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં પોતાના એક નિર્ણયમાં રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આદેશ આપ્યો છે કે જે લોકો કેન્દ્ર સરકારના ઈ-શ્રમ પોર્ટલ પર રજિસ્ટર્ડ છે અને અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરે છે તેવા લોકોને બે મહિનાની અંદર રેશન કાર્ડ બનાવીને આપો. આવા લોકોની સંખ્યા લગભગ 8 કરોડ છે. રેશન કાર્ડ બની જવાથી આવા લોકોને કેન્દ્ર અને રાજ્ય સરકારોની યોજનાઓ અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ 2013 હેઠળ લાભ મળી શકશે. એક અહેવાલ પ્રમાણે જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની ખંડપીઠે સામાજિક કાર્યકર્તા હર્ષ માંડર, અંજલિ ભારદ્વાજ અને જગદીપ છોકરની અરજી પર આ આદેશ આપ્યો છે. અરજીમાં સંઘ અને કેટલાક રાજ્યો દ્વારા સૂકા રાશન પર 2021 માં જારી સર્વોચ્ચ અદાલતના નિર્દેશોનું પાલન ન કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. 2021ના પોતાના આદેશમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સૂકું રાશન આપતી વખતે રાજ્ય એવા પ્રવાસી મજૂરો પાસેથી ઓળખ કાર્ડ નહીં માંગશે કે જેમની પાસે રેશન કાર્ડ નથી.

### કોર્ટે પોતાના નિર્ણયમાં રાજ્યોને ચેતવણી આપી

તેના પર કડક વલણ અપનાવતા સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને બે મહિનામાં પોર્ટલ પર રજિસ્ટર્ડ લગભગ આઠ કરોડ લોકોને રેશન કાર્ડ આપવાનો આદેશ આપ્યો છે. કોર્ટે પોતાના નિર્ણયમાં રાજ્યોને ચેતવણી પણ આપી છે કે eKYC રેશનકાર્ડ જારી કરવાના માર્ગમાં કોઈ અવરોધ ન બનવો જોઈએ.



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ : સુરત ખાતે સાઉથ ગુજરાત સોશિયલ મીડિયા મીટ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોસ,રાજ્ય સરકારના મંત્રી મુકેશભાઈ પટેલ,પ્રદેશ ઉપાધ્યક્ષ એમ.એસ.પટેલ, સુરત શહેરના પ્રમુખ નિરંજનભાઈ ઝાંઝમેરા,પ્રદેશ સોશિયલ મીડિયાના કન્વીનર મનનભાઈ દાણી સહીત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની હોળી-ધૂળેટીના રંગપર્વની રાજ્યના સૌ નાગરિકોને શુભેચ્છાઓ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ હોળી - ધૂળેટીના રંગપર્વની સૌને શુભેચ્છાઓ પાઠવી છે. હોલિકા દહનનો આ તહેવાર અનિષ્ટ પર ઈષ્ટની જીતના ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. તેમણેઆ ઉલ્લેખ કરતાં શુભકામના સંદેશમાં જણાવ્યું છે કે, હોલિકા દહનના આ પર્વે આપણે સૌ સંકલ્પ કરીએ કે, ઝેરી રાસાયણિક ખેતી છોડી દઈને વાતાવરણની શુદ્ધિ માટે, ગાયના સંરક્ષણ અને સંવર્ધન માટે, જમીનની ફળદ્રુપતા વધારવા અને શુદ્ધ ખોરાક માટે પ્રાકૃતિક ખેતી અપનાવીએ. ધૂળેટીનો આ રંગોત્સવ સૌના જીવનમાં ઉત્સાહ, ઉમંગ અને આનંદ રેલાવે એજ અભ્યર્થના સાથે રાજ્યપાલએ હોળી અને ધૂળેટીના પર્વની સૌને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

# અમદાવાદ શહેરની 6 નર્સિંગ કોલેજોમાં 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા પ્રથમ વાર મતદાન કરનાર યુવા મતદારો અચૂક મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત યુનિવર્સિટીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં 'મતદાન જાગૃતિ' અંગેના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ પ્રકારના કાર્યક્રમો થકી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત અમદાવાદ શહેરની જુદી જુદી 6 નર્સિંગ કોલેજોમાં 'મતદાન જાગૃતિ' અંગેનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બી.જે. મેડિકલ કોલેજના કેમ્પસ સ્થિત ગર્વમેન્ટ કોલેજ ઓફ નર્સિંગ, જે.જી. કોલેજ ઓફ નર્સિંગ, સ્કુમ કોલેજ ઓફ નર્સિંગ, કે.ડી. કોલેજ ઓફ નર્સિંગ, શ્રેય કોલેજ ઓફ નર્સિંગ, જીસીએસ કોલેજ ઓફ નર્સિંગ.. આ તમામ કોલેજોના યુવાનોમાં મતદાન પર્વના મહત્ત્વ અને મતદાન અંગે જાગૃતિ લાવવા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર યુવાનોને પ્રેઝન્ટેશન દ્વારા ચૂંટણી અને મતદાન જેવી બાબતોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. તમામ કોલેજોમાં ઉપસ્થિત ફર્સ્ટ ટાઇમ વોટર બનનારા સૌ યુવાનોએ દેશહિતમાં અચૂક મતદાનના શપથ લીધા હતા.



આગામી દિવસોમાં વધુમાં વધુ શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજોમાં 'મતદાન જાગૃતિ'ના કાર્યક્રમોનું આયોજન કરી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવશે, એવું સ્વીપ એક્ટિવિટીના નોડલ અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેર તથા જિલ્લામાં મહત્તમ લોકો મતદાન કરે તે દિશામાં અમદાવાદ ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે.

## ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ એસોસિએશનની ગાંધીનગર ખાતે કારોબારી સમિતિ બેઠકમાં જિલ્લાના 3 સંચાલકોની નિમણૂક થતા વ્યાજબી ભાવના દુકાનદારો ખુશી જોવા મળી



અશોક મણવર અમરેલી

ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ એસોસિએશનની કારોબારી બેઠક ગાંધીનગર ખાતે મળેલ જેમાં જિલ્લાના 3 સંચાલકોની નિમણૂક કરવામાં આવેલ જેમાં જીલુ ભાઈ વાળાની સહમંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી છે ત્યારે જુવાનસિંહ કોટીલાને આઈ.ટી.સેલના સહ કન્વીનર અને સંજયભાઈ મકવાણાને કારોબારી સભ્ય તરીકે ઓલ ગુજરાત એફ.પી. એસ. એસોસિયેશન દ્વારા વર્ણી કરવામાં આવેલ છે ત્યારે ફેર પ્રાઈઝ એસોસિયેશન દ્વારા ગુજરાત રાજ્યમાં ચાલતી વ્યાજબી ભાવની દુકાનના સંચાલકોના હક અને ન્યાય માટે હંમેશા લડત કરવામાં આવી રહી છે સરકાર દ્વારા છાસવારે થતા અન્યાય સામે આ એસોસિયેશન દ્વારા તાત્કાલિક હોદ્દેદારો મંત્રીઓ સાથે બેઠક કરી ન્યાય અપાવવા માટે સતત પ્રયત્નશીલ રહી કાર્યવાહી કરે છે ત્યારે અમરેલી જિલ્લામાં 3 વ્યાજબી ભાવના દુકાનદાર સંચાલકની ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ એસોસિએશન દ્વારા કારોબારી સમિતિમાં નિમણુક કરવામાં આવતા વ્યાજબી ભાવના દુકાનદારો ખુશી જોવા મળેલ.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સૌ નાગરિકોને પાઠવી હોળી-ધુળેટીની શુભકામનાઓ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સૌ નાગરિકોને રંગપર્વ હોળી અને ધુળેટીની શુભકામનાઓ પાઠવી છે. મુખ્યમંત્રીએ હોલિકા દહન દ્વારા સમાજ સમસ્તમાંથી કુરિવાજો, બદીઓ અને અનિષ્ટોનું દહન થાય અને સમરસ સમાજનું નિર્માણ થાય તેવી અપેક્ષા વ્યક્ત કરી છે. હોળી પછીના દિવસે ઊજવાતું રંગપર્વ ધુળેટી પરસ્પર પ્રેમ, સદભાવના અને સામાજિક એકતાના રંગથી સૌના સાથ સૌના વિકાસનું ઉમંગપર્વ બની રહેશે, તેમ પણ મુખ્યમંત્રીએ શુભેચ્છા પાઠવતાં જણાવ્યું છે.

## ગુજરાત શ્રમિક સંઘઠન દ્વારા SOU સત્તામંડળ, મુખ્ય સચિવ MD સરદાર સરોવર નર્મદાને લેખીત રજુઆત કરી

# એકતા નગરમાં કર્મચારીઓની માંગણીઓને લઈ દેખાવો કરતા કર્મીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ

- વારંવાર આશ્વાસન આપવામાં આવે છે તેમ આજે પણ અધિકારીઓ સાથે નું વાટાઘાટ માં આશ્વાશન જ મળ્યું હોય આવતીકાલ રવિવાર થી તમામ કર્મીઓ હડતાળ પર ઉતરશે : મહેશ તડવી( ગુજરાત શ્રમિક સંઘઠન ના પ્રમુખ)
- વિવિધ એજન્સીઓના અલગ અલગ નિયમો એક એજન્સી કરો બધાને રેગ્યુલર પગાર, લઘુતમ વેતન ધારા નિયમ મુજબ, જોઈનીંગ લેટર, નિયમ પ્રમાણે કામ અને દાદાગીરી કરતી એજન્સી ને બ્લેકલિસ્ટ કરો ની સંગઠને કરી માંગ





ભરત શાહ દ્વારા - રાજપીપળા

એકતનગર કેવડીયા કોલોની ખાતે વિવિધ ખાનગી એજન્સીઓ માં કામ કરતા 1500 થી વધુ કર્મચારીઓ દ્વારા હોળી પર્વ જ હડતાળ પર ઉતારવાનું એલાન કરતા એજન્સીઓ માં દોડધામ મચી છે. કર્મચારીઓ મોટી સંખ્યામાં ભેગા થઈ જાહેર માર્ગ પર દેખાવો કરતા પોલીસે અટકાવ્યા અને પોલીસ સાથે હળવું ઘર્ષણ પણ કર્મચારીઓનું થયું હતું.

ગુજરાત શ્રમિક સંઘઠન નાં નેતૃત્વમાં કર્મચારીઓ આંદોલન કરી રહ્યા છે.સત્તમંડળ ના મુખ્ય સચિવ અને અધિકારીઓ અને ગાંધીનગરના મંત્રી મંડળ ને પણ લેખિત રજૂઆત કરી માંગ કરી છે કે અમારા વિવિધ મુદ્દાઓ તેમજ માંગણીઓ ને લઈને યોગ્ય નિરાકરણ લાવો, નહિ તો આ તમામ કર્મચારીઓ હડતાળ પર ઉતરી જશે. તો આગામી ઉનાળા વેકેશનમાં પ્રવાસીઓ ની ભીડ ને લઈને SOU સત્તામંડળ ને મુશ્કેલી સર્જાશે. આ રજૂઆત બાબતે ગુજરાત શ્રમિક સંઘઠન ના પ્રમુખ મહેશ તડવી એ જણાવ્યું હતું કે કેવડિયા સત્તા મંડળ દ્વારા વિવિધ જગ્યાઓ માટે મેનપાવર સપ્લાય અપાતા 15 થી વધુ નાની મોટી એજન્સીઓ છે. જેમાં બધાના નિયમો અલગ અલગ છે પણ શોષણ બધા કરે છે. કોઈ મારા જેવું બોલે તો ખોટો કેસ કરાવે અને છુટા કરી દેવાય છે. એમને વારંવાર આશ્વાશન આપવામાં આવ્યું છે અને અમારી કોઈજ માંગ નું નિરાકરણ હજુ સુધી આવ્યું નથી માટે જો અમારી માંગ બાબતે સત્તા મંડળે નિરાકરણ ન લાવે તો આવતીકાલ એટલેકે રવિવાર થી અમે તમામ કર્મચારીઓ હડતાળ પર ઉતરશે.

### કર્મચારીઓ ની માંગ

1. જોઈનિગ લેટર આપવો, 2 પગાર બાબતની વિસંગતાઓ દૂર કરવી બેઝિક પગાર 21,500/,પી.એફ 3000/- તેમજ અન્ય ટેક્ષ એમ ટોટલ અમારું CTC 25,000/- લેખે આપવા 3. મેડિકલ ઈનયોરન્સ તેમજ સેફ્ટી અપાવી 4. આઈકાર્ડ સહી સિક્કા વાળું આપવું, 5. ગ્રેજ્યુઈટી અને અરિયસ બાબતે કોઈ સ્પષ્ટતા નથી 6. મળવા પાત્ર રજા સાથે પગાર, 7.ઓવર ટાઈમ તેમજ જાહેર રજાનું મહેનતાણું ડબલ આપવા 8. બોનસ આપવા બાબતના લાભ કર્મચારીઓ ને મળે અને કોઈ પણ એક એજન્સી કે સત્તામંડળ કર્મચારીઓને લેવામાં આવે એવી માંગ.

## સુરતમાં તાંત્રિકે યુવતીને પ્રેમજાળમાં ફસાવી આચર્યું દુષ્કર્મ

અમદાવાદ

રાજ્યમાં અંધશ્રદ્ધાનો વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક તાંત્રિકે ખોટી રીતે યુવતીને પ્રેમજાળમાં ફસાવી અને તેની પર દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ સામે આવી છે. આ ઘટના સુરતના કતારગામ વિસ્તારમાં બની છે જેમાં યુવતી સાથે આધારે તાંત્રિક કીર્તિ ભુવાનીએ કૃત્ય આચર્યુ હતું. આ અંગેની માહિતી અનુસાર, સુરતના કતારગામમાં કીર્તિ તાંત્રિકે યુવતી સાથે દુષ્કર્મ આચર્યુ હોવાની ફરિયાદ કરવામાં આવી છે. કીર્તીએ યુવતીને પહેલા પ્રેમજાળમાં ફસાવી અને ત્યાર બાદ તેની સાથે દુષ્કર્મ આચર્યો હોવાનું કહેવામાં આવ્યું છે. તેમજ ફરિયાદના આધારે હાલ કીર્તિ માંડવીયાની કતાર પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ઉપરાંત કીર્તિ માંડવીયા સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે. જેમની ધૂણતા હોય તેવી તેમજ સિગારેટ સાથે અનેક રિલ્સ અને ફોટો પણ ઈન્સ્ટાગ્રામમાં જોવા મળી રહ્યા છે. તેમણે 'આદેશ' નામથી એક ટેટૂ પણ બનાવેલો છે. તેમજ તેની મોટા ભાગની રિલ્સમાં આદેશ શબ્દનો ઉલ્લેખ કરાયેલો છે. એકથી વધુ વખત દુષ્કર્મ કર્યાની ફરિયાદ કરી છે. નોંધનીય છેકે અગાઉ સૂરજ ભૂવા જેવા જ ફરી એક તાંત્રિક વીધિ સાથે સંકળાયેલા ભૂવાનો કાંડ બહાર આવતા લોકોમાં ચર્ચાનો એક મુદ્દો બની ગયો છે.

# ગૌર પૂર્ણિમા મહોત્સવ, કે જેને ભગવાન શ્રીકૃષ્ણના ગુહ્યઅવતારના દિવ્ય અવતરણનરૂપ માનવામાં આવે છે, તેની હરેકૃષ્ણ મંદિર ભાડજ ખાતે થનાર ભવ્ય ઉજવણી

અમદાવાદ

ભાડજ તા. 25 માર્ચ, 2024 સોમવારના રોજ ગૌર પૂર્ણિમાની ઉજવણી કરી રહ્યું છે. આ દિન ભગવાન શ્રી ચૈતન્ય મહાપ્રભુ કે જેમને ભગવાન શ્રીકૃષ્ણના છુપા અવતાર તરીકે વિશેષ માનવામાં આવે છે તેમના અવતરણનો શુભદિન છે. પૌરાણિક ગ્રંથો અનુસાર સર્વશક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણ એ ભક્ત તરીકે શ્રી ચૈતન્ય મહાપ્રભુના સ્વરૂપમાં શ્રીધામ માયાપુરમાં (કલકત્તાથી ઉત્તર દિશામાં 150 કિલોમીટર દૂર આવેલ ગામમાં) આશરે 500 વર્ષ પહેલા અવતર્યા હતા. તેમણે કલિયુગમાં હરિનામ સંકિર્તનનો પ્રચાર કર્યો તેમજ લોકસમુદાયને ભગવાનના નામનું રટણ કરવાના કાર્યમાં મહત્વનું યોગદાન આપ્યું જે કલિયુગનો યુગધર્મ મનાય છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુ પોતાની સુવર્ણરૂપી કાયાને કારણે ગૌરાંગા તરીકે પણ પ્રસિધ્ધ છે. આ વર્ષે ભગવાન શ્રી ચૈતન્ય મહાપ્રભુની 536મી જન્મજયંતિ આવી રહી છે તેમજ આ ઉત્સવ ગૌડીય વેષ્ણવો માટે નવવર્ષના શરૂઆતનો નિર્દેશ કરે છે.

આ દિવસે ભક્તો ચંદ્ર રાત્રે પૂર્ણપણે ખીલે ત્યાં સુધી ઉપવાસ રાખે છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુ કોણ છે? સર્વ શક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણએ જગતમાં હરિનામ સંકિર્તનનો પ્રસાર કરવા- જે કલિયુગનો યુગધર્મ મનાય છે - શ્રી ચૈતન્ય મહાપ્રભુ સ્વરૂપે પ્રગટયા.તેઓ ફાગણ સુદ પૂનમના શુભદિવસે વર્ષ 1486માં કલકત્તાથી ઉત્તર દિશામાં 150 કિલોમીટર દૂર આવેલ શ્રીધામ માયાપુરમાં શ્રી જગન્નાથ મિશ્રા અને શ્રીમતી સચીદેવીના પૂત્રસ્વરૂપે અવતર્યા હતા. તેમનો જન્મ તેમના ઘરઆગંણાની બહાર આવેલ લીમડાના ઝાડ નીચે થયો હતો આથી તેમના માતાપિતાએ તેમનું નામ "નીમાઈ" રાખ્યું હતું. જગતમાં હરિનામ સંકિર્તનનો પ્રારંભ સર્વ શકિતમાન ભગવાન શ્રીકૃષ્ણ સ્વંયમ થકી કરવા ઈચ્છતા હતા તેમજ સ્વંયમના ઉદાહરણ દ્વારા કેવી રીતે ભકિતમય સેવામાં સ્વયંએ સમર્પણ કરવું એ દર્શાવવા માંગતા હતા. આથી શ્રીમતી રાધારાની કે જે ભગવાનની સર્વોચ્ચ ભક્ત છે તેમના મનોભાવનો સ્વીકાર કરીને પોતે એક ભક્તરૂપે પ્રગટયા હતા. તેમના અવતરણના આ દિવસને ગૌરપૂર્ણિમા ઉત્સવ તરીકે દર વર્ષે ઉજવવામાં આવે છે. હરેકૃષ્ણ મંદિર ભાડજ ખાતે આ ઉત્સવની ઉજવણી સાંજના 6 વાગ્યાથી શરૂ થશે. ઉત્સવના ભાગરૂપે શ્રી શ્રી

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**પીએસઆઈ જાળવણી અને બ્રેકડાઉન પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતિ ડિવિઝનલ રેલવે મેનેજર (ટીઆરડી) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે આપેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નોટીસ નં.** ડીઆરએમ/ટીઆરડી/બીવીપી/2023-24/01, તા.18-03-2024. **ટેન્ડર નં. 07-ટીઆરડી બીવીપી-2023-24. કામનું નામઃ** ભાવનગર ડિવિઝનઃ- પીએસઆઈ ડિપો બોટાદ, ધોળા જં. અને સાવરકુંડલા ખાતે બે વર્ષ માટે પીએસઆઈ જાળવણી અને બ્રેકડાઉન પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ. (2) **ટેન્ડર રકમઃ** ₹ 1,39,39,923/-, **ટેન્ડર ફીઃ** નિઃશૂલ્ક, **ઈએમડી રકમઃ** ₹ 2,19,700/-, **સરનામુંઃ** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-364003. બીડર્સે માત્ર ઓનલાઈન લીંક એટલે કે www.ireps.gov.in મારફતે અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખઃ 18-04-2024 ના 15:00 કલાક સુધી છે. BVP-189

અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નંબરઃ- ઝાંસી/ઉમુસાપ્ર/2023-24/08 તારીખ :- 21-03-2024

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ**

ભારતના રાષ્ટ્રપતિ વતી, ડેપ્યુટી ચીફ મટીરીયલ મેનેજર, જનરલ સ્ટોર ડેપો, ઝાંસી નીચેની વસ્તુઓ માટે ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડરો આમંત્રિત કરે છે.

| ટેન્ડર નંબર 51245168 | જથ્થો :- 01 નંગ | ટેન્ડર ખુલવાની તારીખ :- 22-04-2024 |
|---|---|---|
| **કાર્યનું વર્ણન :-** બધા સ્ક્રુ કોમ્પ્રેસર 1000CFM, 7.5kg/cm2, સ્પષ્ટીકરણ નંબર મુજબ :- M/RSK/ Air કોમ્પ્રેસર/1000CFM. મેક-IR/ATC/ELG/CPC અથવા સમકક્ષ. | | |
| એર સ્ક્રુ કોમ્પ્રેસર 1000CFM માટે વોરંટી પછીનો વાર્ષિક જાળવણી કરાર (વોરંટી સમયગાળોઃ 2 વર્ષ, AMC સમયગાળોઃ- 5 વર્ષ) | | |

**બાના રકમ :- રૂ:84,040 નોંધ :-** 1. ઉપરોક્ત ઈ-ટેન્ડરોના ટેન્ડર દસ્તાવેજ સાથેની સંપૂર્ણ માહિતી વેબસાઈટ http://www.irpes.gov.in પર ઉપલબ્ધ છે. 2. ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બિડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે, વિક્રેતાઓએ IT ACT-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્રો સાથે IREPS વેબસાઈટ પર નોંધણી કરાવવી જરૂરી છે. 3. નાણાકીય દર પેજમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી સહી કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય ફોર્મ/લેટરહેડમાં હોય તો તેને સીધી અવગણવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 560/24 (D)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR

## મનસુખભાઈ વસાવા એક ડીબેટનું આયોજન કરે, ભ્રષ્ટાચારોના પુરાવા આપવા માટે અમે તૈયાર છીએ: ચૈતર વસાવા

ભરત શાહ દ્વારા - રાજપીપળા

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અને ઈન્ડિયા ગઠબંધન હેઠળ ભરૂચ લોકસભાના ઉમેદવાર ચૈતરભાઈ વસાવાએ એક ગંભીર મુદ્દા પર પોતાની વાત કરતા જણાવ્યું હતું કે, ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવાએ આમ આદમી પાર્ટીના નેતાઓ પર ખોટા આક્ષેપ લગાવ્યા છે કે, આમ આદમી પાર્ટીના નેતાઓએ કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ પાસે 2 લાખ 50 હજાર રૂપિયા હોળીના નામે માંગ્યા છે. હું મનસુખભાઈને જણાવવા માગું છું કે છેલ્લા છ મહિનાથી હું નર્મદા જિલ્લામાં ગયો પણ નથી અને કોર્ટના આદેશ અનુસાર હાલ હું નર્મદા જિલ્લામાં જઈ પણ નથી શકતો. સાથે સાથે એ પણ જણાવવા માગું છું કે કોઈપણ અધિકારી કે કોન્ટ્રાક્ટર સાથે ટેલિફોનિક વાતચીત પણ નથી થઈ. મનસુખભાઈએ ભૂતકાળમાં એલસીબીના પીઆઈ સોલિયા માંથી 35 લાખ રૂપિયા દારૂનો હપ્તો લે છે.

## બગસરાના ખારી ગામેથી માવજીંજવા ગામ સુધી રોડ બન્યાના એક વર્ષ પેહલા રોડ બિસ્માર હાલતમાં વાહન ચાલકો અકસ્માત થવાનો ભય ગામ આગેવાન કમલેશભાઈ રાખોલીયાએ તંત્રને કરી રજુઆત





અશોક મણવર અમરેલી

અમરેલીના બગસરા તાલુકાના ખારી ગામેથી માવજીંજવા ગામે સુધી જવાનો રોડ નવો બનાવવામાં આવ્યા હોય તે માત્ર એક વર્ષ પેહલા જ અતિ બિસ્માર હાલતમાં થય ગયેલ છે લોકોના રોડ ઉપર નીકળવું ઘણું મુશ્કેલ બની રહ્યું છે ઘણી વખત અવાર નવાર એક્સિડન્ટ થઈ રહ્યા છે આ રોડ બાબતે અનેક વખત અધિકારીશ્રીઓને લેખિત અને મૌખિકમાં રજૂઆત કરવી છતા કોઈ પણ જાતનું નિરાકરણ લાવવામાં આવતું નથી તો આ રોડ માત્ર એક જ વર્ષ પહેલાં કેમ અતિ બિસ્માર બન્યો તે અંગે યોગ્ય તપાસ કરાવી આ રોડ બાબતની સ્થળ ઉપર જઈ અને યોગ્ય નિકાલ લાવવા માટે તંત્ર વિનંતી કરવામાં આવી છે ત્યારે છે જો આ રોડનું કોઈ પણ જાતનું નિરાકરણ કરવામાં નહીં આવે અને જો કોઈ વાહન અકસ્માત સર્જાશે તો એ વ્યક્તિની તમામ જવાબદારી જે તે અધિકારીની રહેશે આ રોડને કોઈપણ જાત નું રીપેરીંગ કર્યા સિવાય રોડ પર હાઈલાઈટના બોર્ડ બેનર પણ લગાવી દેવા માં આવ્યા છે. તંત્રની રેહમ હેઠળ અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા હોય એવું લાગે આમાં ઘટતું કરવા ગામ આગેવાન કમલેશભાઈ રાખોલીયાએ તંત્રને જાણ કરવા આવી હોવાનું જાણવા મળ્યું.

# મહીસાગરમાં તળાવમાં ડૂબી જતા 3 યુવકોના મોત, યુવકો ગામના તળાવમાં ન્હાવા પડ્યા હતા

લુણાવાડા

રાજ્યમાં શનિવારે દુ:ખદ ઘટના બની છે જેમાં મહીસાગર જિલ્લાના વિરપુરમાં અણસોલ્યા તળાવમાં આજે ધાવડીયા ગામના ત્રણ યુવાનો નાહવા માટે ગયા હતા. જ્યાં ઊંડા પાણીમાં ડૂબી જતાં ત્રણેયના મોત નીપજ્યાં છે. ત્રણેય મૃતક યુવાનો એક જ ફળિયાના વતની હતા. ત્રણેય યુવાનોના પરિવારજનો હાલ વિરપુર સરકારી દવાખાને પહોંચ્યા છે. જ્યાં દવાખાનાનું પરિસર પરિવારોના આક્રંદથી ગમગીન બન્યું છે. કોણ ત્રણ યુવકે જીવ ગુમાવ્યા આ અંગેની માહિતી અનુસાર, વિરપુર તાલુકાના ધાવડીયા ગામના વતની એક જ ફળિયામાં રહેતા ત્રણ યુવાનો



જયેશ બાલાભાઈ સોલંકી (ઉંમર વર્ષ 20), રવિન્દ્ર રમણભાઈ સોલંકી (ઉંમર વર્ષ 18) અને ત્રીજો નરેશ બાબુભાઈ સોલંકી (ઉંમર વર્ષ 18) આ ત્રણેય મિત્રો બપોરે વિરપુર પાસે આવેલ અણસોલ્યા તળાવમાં નાહવા પડ્યા હતા. જ્યાં એકાએક પાણીના ઉંડાણમાં તેઓનું ડૂબી જતાં મોત નીપજ્યું છે.

## 3 યુવકોના મૃતદેહને પીએમ માટે ખસેડાયા

### ગ્રામજનો દોડતા થયા

વિરપુરના અણસોલ્યા તળાવ ખાતે ત્રણ યુવાનો ડૂબ્યા છે. જેની જાણ આસપાસના લોકો અને ધાવડીયાના ગ્રામજનો અને પરિવારના સભ્યોને થતાં જ તાત્કાલિક તેઓ દોડી આવ્યા હતા અને સ્થાનિક તરવૈયાઓની મદદથી યુવાનોની શોધખોળ હાથ ધરી હતી. બીજીતરફ વિરપુર પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. લુણાવાડા ફાયર વિભાગને જાણ કરતા ફાયર બ્રિગેડ ટીમ પણ પોતાની વાન સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. તેમજ સ્થાનિક લોકોએ વિરપુર તાલુકો બને વર્ષો વીતી ચુક્યા હોવા છતાં ફાયર સ્ટેશન કે તરવૈયા જેવી કોઈ સુવિધા ન હોવાના કારણે આવી ઘટના બનતા લોકોને જીવ ગુમાવવાનો વારો આવે છે તેવા આક્ષેપો કર્યા હતા. બીજીતરફ જિલ્લા પ્રસાસન દ્વારા જિલ્લામાં આવેલ નદી, તળાવ, સરોવરમાં હોળી ધુળેટીના તહેવારો પર નાહવા જવા માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ઉપલેટાના રાજાશાહી વખતના પુલ પર ભારે વાહનો પર પ્રતિબંધ



100 વર્ષ કરતા જૂના મોજ નદીના પુલના નિરીક્ષણ બાદ રાજકોટ જિલ્લા કલેક્ટરનો આદેશ

(એજન્સી) રાજકોટ | રાજકોટ જિલ્લાના ઉપલેટા શહેરની મોજ નદી પર આવેલા અંદાજિત 100 વર્ષ કરતા પણ વધારે જૂના રાજાશાહી વખતના પુલના નિરીક્ષણ બાદ રાજકોટ જિલ્લા કલેક્ટરે આ પુલ પરથી ભારે વાહનોને પ્રતિબંધ ફરમાવતો હુકમ કર્યો છે.

ઉપલેટા શહેરની મોજ નદી પર આવેલા પુલનું થોડા સમય પહેલા સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી દ્વારા સ્ટેબીલીટી અને નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેનો રિપોર્ટ આવ્યા બાદ ભારે વાહનો માટે પ્રવેશ પ્રતિબંધ ફરમાવતો હુકમ રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી દ્વારા કરવામાં આવ્યો છે.

આ અંગે ઉપલેટા નગરપાલિકાના ચીફ ઓફિસર નીલમ ઘેટિયાએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગની સુચના મુજબ ઉપલેટા શહેરના નાગનાથ ચોકથી નેશનલ હાઈવે તરફ જતા રસ્તામાં મોજ નદી પર આવેલા રાજાશાહી વખતના 100 વર્ષ કરતા પણ વધારે જૂના બ્રિજનું સ્ટ્રક્ચર અને સ્ટેબિલિટી રિપોર્ટ કર્યા બાદ અહીં હેવી વાહનો માટે જોખમકારક હોય તેવું દર્શાવ્યું હતું. જેથી આ બ્રિજને રાજકોટ કલેક્ટરના જાહેરનામા મુજબ ભારે વાહનો માટે પ્રતિબંધ ફરમાવતો હુકમ કર્યો છે. જેથી ભારે વાહનોએ વૈકલ્પિક રસ્તેથી પસાર થવાનું રહેશે.

ઉપલેટા શહેરમાં નાગનાથ ચોકથી પૂર્વ દિશા તરફ ધોરાજી શહેર તરફ જતા રસ્તા ઉપર મોજ નદી ઉપર આવેલ બ્રિજ ભારે વાહનોનાં આવન-જાવન પરનાં પ્રતિબંધના કારણે વૈકલ્પિક રસ્તા પરથી બ્રિજનું સમારકામ/સ્ટ્રેન્થનિંગ કામ પૂર્ણ થયા બાદ લાઈટ મોટર વ્હિકલ પ્રકારનાં વાહનો આવન-જાવન કરી શકશે તેવું પણ કલેક્ટર દ્વારા જણાવવામાં આવ્યું છે. જેથી આ બ્રિજ/રસ્તા ઉપર જરૂરી દિશાસુચક સાઈન બોર્ડ ચીફ ઓફિસર ઉપલેટા નગરપાલિકાએ લગાવવાના રહેશે તેવું પણ જણાવવામાં આવ્યું છે.

હવેથી આ બ્રિજ ઉપર ભારે માલસામાન ભરેલી ટ્રક, ટ્રેઈલર્સ, ટેન્કર જેવા ભારે વાહનોના ટ્રાફિકને તાત્કાલિક નજીકના અન્ય રસ્તા પર ડાઈવર્ટ કરવામાં આવશે. તેમજ બ્રિજના સમારકામ/સ્ટ્રેન્થનિંગ કર્યા બાદ પણ માત્ર કાર, એમ્બ્યુલન્સ, મીની બસો વગેરે જેવા ઓછા વજનના વાહનો માટે જ ખુલ્લો રાખી શકાય તેમ જણાવાયું છે. આથી સ્થાનિક સ્તરેથી ભારે વાહનોને અન્ય રસ્તા પર ડાઈવર્ટ કરવા સુચના અપાઈ છે.

# પરીક્ષા કેન્દ્રમાં વિજિલન્સ સ્ક્વોડે નિરાંતે પાન માવા ખાધા, વીડિયો જોયા!

(એજન્સી) જસદણ | વીંછિયા પંથકમાં બોર્ડની પરીક્ષામાં વિજિલન્સ સ્ક્વોડએ પરીક્ષા આપતા છાત્રોને માનસિક રીતે હેરાન તો કર્યા જ હતા સાથે સુપરવાઇઝર સાથે ગેરવર્તન કર્યું અને ઉપરથી પરીક્ષા કેન્દ્રની લોબીમાં પાન-માવા ખાઈને મોબાઈલમાં વિડીયો નિહાળતા હોવાનો સનસનીખેજ આક્ષેપ વાલી મંડળે કરી વિજિલન્સ સ્ક્વોડ સામે શિક્ષાત્મક રાહે પગલાં લેવા માંગણી ઉઠાવી છે. વાલી મંડળના પ્રમુખ જગદીશભાઈ દિયાળભાઈ માથોળીયાએ જિલ્લા કલેકટર અને જિલ્લા શિક્ષણાધિકારી તેમજ બોર્ડના ચેરમેનને પાઠવેલા પત્રમાં વિજિલન્સ સ્ક્વોડ ટીમ નં.35 નાં 4 અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવા માંગણી કરી છે. વાલી મંડળના પ્રમુખ જગદીશભાઈ માથોળીયાએ મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી સહિતને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, તાલુકાની ઉમિયા વિદ્યામંદિરમાં ધોરણ 10 અને 12 ના પરીક્ષા કેન્દ્ર છેલ્લા 10 વર્ષથી ચાલે છે. તેમાં આજદિન સુધી એકપણ કોપી કેસ કે અન્ય બનાવ બન્યો નથી. બોર્ડની ચાલી રહેલી પરીક્ષા દરમિયાન આ શાળામાં તા.19/03/2024 ના રોજ સ્ક્વોડના ડી.બી. પંડયા ચાલુ પરીક્ષાએ સરકારનો પ્રતિબંધ હોવા છતાં લોબીમાં મસાલો(માવો) ખાતા પકડાયા છે. તેમને આ નિયમ લાગૂ નહીં પડતો હોય? સ્ક્વોડ



ટીમ નંબર-35 ના આ ચારેય સભ્ય હોગોકીરો કરતા, મોબાઈલમાં વિડીયો જોતાં અને મોબાઈલમાં વાતો કરતાં હોવાથી મહિલા સુપરવાઈઝરે તેમને ટપાર્યાં કે વિદ્યાર્થીઓને ગભરામણ થાય છે તો તેમણે લાજવાને બદલે ગાજવાનું શરૂ કર્યું અને હાંસી ઉડાવી હતી. પત્રમાં વધુમાં જણાવાયું છે કે તા.20/03/2024 ના સવારે વિજિલન્સ સ્ક્વોડ ટીમ નંબર-35 ના ભાવસુખભાઈ જોષી, હરિકૃષ્ણભાઈ ધાંધલા, કલ્પેશભાઈ પંડયા અને વિજયભાઈ મકવાણા વારંવાર બ્લોકમાં જવાના કારણે અને લોબીમાં બ્લોકની બારી પાસે સતત અવરજવર કરતા હોવાના કારણે નં-11ના પરીક્ષાર્થી લેલા દશરથભાઈ ધનજીભાઈ (ભરવાડ)ને ગભરામણ થવાના કારણે ચક્કર આવતા અને ઊલ્ટી થવા લાગી હતી.

# જ્વેલર ઉપર ગ્રાહકના સ્વાંગમાં બે શખ્સોનો હુમલો

ભુજ | પશ્ચિમ કચ્છમાં હાલ થોળા મહિનાઓથી ચોરી ચપાટી લૂંટ હુમલાના બનાવો એટલી હદે વાધી ગયા છે. કે, પ્રજાને હવે પોતાના જાનમાલનું જોખમ ઉભુ થઇ ગયું છે. તો, કાયદો વ્યવસૃથા ખાડે ગઇ હોઇ તેમજ બે ખોફ ગુનેગારો બનાવને અંજામ આપી રહ્યા છે. તેવામાં ભુજ તાલુકાના સમૃાધ ગામ એવા માધાપર નવાવાસમાં સવારે સાડા બાર વાગ્યાના અરસામાં હરે કૃષ્ણ જ્વેલર્સ નામની દુકાનમાં ગ્રાહકના સ્વાંગમાં લૂંટના ઈરાવે આવેલા બે પરપ્રાંતિય શખ્સોએ વેપારી સાથે સોનુ ખરીદવાની વાત કર્યા બાદ અચાનક લોખંડની ટામીથી હુમલો કરી નાસી છુટયા હતા. ઘાયલ વેપારીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ માધાપર નવાવાસ ખાતે હરેકૃષ્ણ જ્વેલર્સ નામની દુકાનમાં મંગળવારે બે પર પ્રાંતિય શખ્સો સોનાના દાગીના ખરીદવા આવ્યા હતા. બાદમાં ભાગતાલ નકી કર્યા બાદ બુાધવારે સવારે સાડા બાર વાગ્યે દુકાનમાં આવીને વેપારી અમિત ઉર્ફે વસંત દિનેશભાઇ સોની સાથે વાત ચીત કર્યા પછી રકઝક કર્યા બાદ અચાનક બેગમાંથી લોખંડની ટામી કાઢી વેપારીના માથમાં ફટકારી હતી. વેપારીએ પડકાર કરી રાડારાડ કરી મુકતાં આસપાસાથી લોકો દોડી આવ્યા હતા. દરમિયાન આ બન્ને પરપ્રાંતિય શખ્સો નાસી છુટયા હતા. વેપારી વસંતભાઇને સારવાર માટે જી.કે.જનરલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. હાલ પોલીસે બનાવની નોંધ લઇ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. અત્રે ઉલેખનીય છે. કે, આઠ માસ અગાઉ ભુજના હોસ્પિટલ રોડ પર બુકાની ધારીએ બંદૂક તાકી રૃપિયા ૨૪ હજારની લૂંટ ચલાવી હતી.

## પરિવારે કહ્યું, હોસ્પિટલમાં અમને તો મૃતદેહ જોવા મળ્યો

# કસ્ટોડિયન ડેથ : જુગાર કેસના આરોપીનું પો.સ્ટેશનમાં મોત

(એજન્સી) ધોળકા | ધોળકામાં એકબાદ એક ઘટનાઓ સામે આવી રહી છે. તસ્કરોના તરખાટ બાદ શુક્રવારે જુગારની રેડમાં પકડાયેલા શખસનું પોલીસ સ્ટેશનમાં અગમ્યકારણોસર મોત નીપજતાં પોલીસબેડામાં દોડધામ મચી જવા પામી હતી. શહેરના મફતીયાપુરા વિસ્તારમાં પોલીસે જુગાર રમતાં 6 શખસોને ઝડપી લીધા હતા. તે પૈકી 35 વર્ષના યુવકનું પોલીસ મથકમાં મોત થતાં પરિવારે પોલીસની કાર્યવાહી સામે શંકા દર્શાવી છે.

ધોળકાના મફતીપૂરા સિગ્નલ વિસ્તારમાં કેટલાક શખસો જુગાર રમતા હોવાની બાતમી મળતાં પોલીસે રેડ કરી હતી. જેમાં 6 જુગારીને રૂ.4500ના મુદ્દામાલ સાથે પકડી પોલીસ મથકે લઇ જવામાં આવ્યા હતા. દરમિયાન 35 વર્ષના હબીબભાઇ મહમ્દભાઇ મલેકનું છાતીમાં દુ:ખાવા બાદ અચાનક મોત નીપજ્યું હતું. શંકાના દાયરામાં આવેલી ધોળકા પોલીસે યુવકને પાશ્વનાથ હોસ્પિટલ ખસેડતાં હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

બીજી તરફ હોસ્પિટલમાં પહોંચેલા મૃતકના પરિવારજનોએ પોલીસ ઉપર આક્ષેપ કરી પેનલ પીએમની માંગ કરતાં અમદાવાદ ગ્રામ્ય એસપી મેઘા તેવર, ધોળકા ટાઉન પીઆઇ બીએચ રાઠોડ, ડીવાયએસપી પ્રકાશભાઇ પ્રજાપતિ સહિતનો પોલીસ કાફલો દોડી આવ્યો હતો. નોંધનીય છે કે, મૃતકને ચાર બાળકો છે. જે પૈકી 1 તો 6 માસનું હોવાનું જાણવા મળ્યું છે.

મૃતકના ભાઇએ જણાવ્યું હતું કે, ભાઇને પોલીસ પકડી ગયાના અડધા કલાક બાદ મારા મામાના દીકરાનો ફોન આવ્યો હતો કે, હબીબભાઇને પાર્શ્વનાથ હોસ્પિટલમાં લઈ ગયા છીએ. આથી અમો દવાખાને પહોંચ્યા તો ભાઇનો મૃતદેહ પડ્યો હતો. પોલીસે તેની સાથે શું કાર્યવાહી કરી મને ખબર નથી. અસારવા પીએમ માટે મૃતદેહ લઇ જવાયો છે.

આ અંગે ડીવાયએસપી પ્રકાશભાઇ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, જુગારીઓને ઝડપી ફરિયાદ નોંધવાની કાર્યવાહી ચાલી રહી હતી. તે દરમિયાન હબીબહુસૈન મલેક (ઉ.વ.35)ને અચાનક છાતીમાં દુ:ખાવો ઉપડતાં પાશ્વનાથ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં હાજર તબીબે મૃત જાહેર કરતાં અકસ્માતે મોતનો ગુનો નોંધી પ્રાંત અધિકારીની હાજરીમાં પંચનામાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રાજકોટમાં શાળાના આચાર્યએ 4 છાત્રાઓ સાથે અડપલાં કર્યાં

(એજન્સી) રાજકોટ | રાજકોટના શિક્ષણ જગતને શર્મસાર અને કલંકિત કરતો, વાલી જગતમાં ચિંતા જગાવતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હરિ ધવા ચોક પાસે રામેશ્વર વાડીની સામે આવેલ શ્રી શ્રી સરસ્વતિ શૈક્ષણિક સંકુલના આચાર્ય રાકેશ વશરામ સોરઠીયા (ઉ.વ. 37, રહે. શિવમ પાર્ક શેરી નં. 1, બાપા સીતારામ ચોક, મવડી) એ એક નહીં પરંતુ ચાર-ચાર છાત્રાઓને અવારનવાર પોતાની ઓફિસમાં બોલાવી જાતિય સતામણી (શારીરિક અડપલા) કર્યાનો ચોંકાવનારો બનાવ ભક્તિનગર પોલીસમાં જાહેર થયો છે. જેના આધારે પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

ધો. 8માં અભ્યાસ કરતી 14 વર્ષની છાત્રાની માતાએ ફરિયાદ નોંધાવી છે. તેણે પોલીસને જણાવ્યું કે તેની પુત્રી બપોરની શિફટમાં અભ્યાસ કરે છે. ગઈ તા. 20ના રોજ તેની પુત્રીએ તેને કહ્યું કે મમ્મી મારે હવે સરસ્વતિ સ્કૂલમાં ભણવું નથી, તમે મારું સર્ટિફિકેટ કઢાવી લો. જેથી તેણે પુત્રીને કારણ પૂછતા કહ્યું કે ગઈ તા. 4 માર્ચના રોજ બપોરે તે અને ધો. 5માં અભ્યાસ કરતી છાત્રા પ્રિન્સિપાલ રાકેશ સરની ઓફિસમાં સરસ્વતિ માતાની છબીને ફૂલ ચડાવવા ગયા હતા.

તે વખતે રાકેશ સરે તેને કહ્યું કે તું આજે કેમ ફૂલ લાવી છો, જેથી તેણે માતાજીને ચડાવવા લઈ આવ્યાનું કહ્યું હતું. તેણે મોઢા ઉપર માસ્ક બાંધ્યું હોવાથી રાકેશ સરે માસ્ક પહેરવાનું કારણ પૂછતા તેણે તડકાને કારણે પહેર્યાનું કહ્યું હતું. ત્યારબાદ રાકેશ સરે તેને તને શરદી થઈ ગઈ છે તેમ કહી ઘણી વાતો કર્યા બાદ સાથે રહેલી છાત્રાને ઉપર મોકલી દીધી હતી. ત્યારબાદ દરવાજો બંધ કરી મારે તને હગ કરવું છે તેમ કહેતા તે નીચું જોઈ ગઈ હતી અને કોઈ જવાબ આપ્યો ન હતો.

## 150 રૂપિયાના પેમેન્ટના ચક્કરમાં 3 ક્રેડિટ કાર્ડમાંથી ઉચાપત...

# ગૂગલ પરથી ટ્રાવેલ્સ શોધીને કાર બુક કરવામાં તબીબે 4.39 લાખ ગુમાવ્યા

(એજન્સી) સુરત | સરથાણાના એક ડોકટરે ગૂગલ પરથી મહાદેવ ટ્રાવેલ્સનો નંબર મેળવી ફોર વ્હીલ ગાડી બુકિંગ કરવા 150 રૂપિયાનું પેમેન્ટ કરવાના ચક્કરમાં તેમના ત્રણ ક્રેડિટ કાર્ડમાંથી તેમની જાણ બહાર 4.39 લાખ ઉપડી ગયા હતા. આ અંગે તબીબ સુરેશભાઈ અણઘણે સરથાણા પોલીસમાં ફરિયાદ આપી છે, જેના આધારે પોલીસે મોબાઈલ નંબરના ધારક સામે ઠગાઈ અને આઈટી એક્ટનો ગુનો નોંધ્યો છે. પોલીસના જણાવ્યા પ્રમાણે ડો. સુરેશે 12 જાન્યુઆરીએ ટ્રાવેલ્સમાં કાર બુકિંગ કરવા માટે મહાદેવ ટ્રાવેલ્સનો નંબર ગૂગલ પરથી મેળવ્યો હતો. ત્યાર બાદ જે તે નંબર પર કોલ કરતાં સામેથી ગઠિયાએ તેમને કારના ચાર્જીસ બાબતે વાત કરી હતી. ગઠિયાએ તેમને 150 રૂપિયાનું પેમેન્ટ કરવા કહ્યું હતું. આથી ડોકટરે શરૂઆતમાં પોતાના ક્રેડિટ કાર્ડથી પેમેન્ટ કરવાની કોશિશ કરી ત્યાર પછી પત્નીના ક્રેડિટ કાર્ડથી કોશિશ કરવા છતાં




પેમેન્ટ કરી શકાયું ન હતું. જેથી તબીબે ફરી એક અન્ય ક્રેડિટ કાર્ડથી પ્રયાસ કર્યો હતો. જો કે, ઠગે તેમને વેબસાઇટમાં પ્રોબ્લેમ હશે, થોડા સમય પછી ફરી પ્રયાસ કરો એવું કહ્યું હતું અને પછી ખેલ કર્યો હતો.

તબીબે કાર બુકિંગ પેટે પેમેન્ટ કરવા માટે ત્રણવાર પ્રયાસ કર્યો હતો તે દરમિયાનમાં ઠગ ટોળકીએ તેમના ક્રેડિટ કાર્ડમાંથી કોઈક રીતે રૂ. 49789, રૂ.10610 સેરવી લીધા હતા. આવી જ રીતે પત્નીના ક્રેડિટ કાર્ડમાંથી રૂ.98708 અને રૂ.101809 ઉપડી ગયા હતા. આ ઉપરાંત તબીબના અન્ય એક ક્રેડિટ કાર્ડમાંથી રૂ.25705 અને રૂ.82990 મળી કુલ 3 ક્રેડિટ કાર્ડથી રૂ.4,39,906ની રકમ ઉપડી ગઈ હતી.

મહાદેવ ટ્રાવેલ્સનો નંબર ગૂગલ પરથી મેળવ્યો હતો. ત્યાર બાદ જે તે નંબર પર કોલ કરતાં સામેથી ગઠિયાએ તેમને કારના ચાર્જીસ બાબતે વાત કરી હતી. ગઠિયાએ તેમને 150 રૂપિયાનું પેમેન્ટ કરવા કહ્યું હતું. આથી ડોકટરે શરૂઆતમાં પોતાના ક્રેડિટ કાર્ડથી પેમેન્ટ કરવાની કોશિશ કરી ત્યાર પછી પત્નીના ક્રેડિટ કાર્ડથી કોશિશ કરવા છતાં પેમેન્ટ કરી શકાયું ન હતું. જેથી તબીબે ફરી એક અન્ય ક્રેડિટ કાર્ડથી પ્રયાસ કર્યો હતો. જો કે, ઠગે તેમને વેબસાઇટમાં પ્રોબ્લેમ હશે, થોડા સમય પછી ફરી પ્રયાસ કરો એવું કહ્યું હતું અને પછી ખેલ કર્યો હતો.

# પાર્ટટાઈમ જોબના ચક્કરમાં કોચીંગ ક્લાસના કાઉન્સીલરે રૂપિયા 6.83 લાખ ગુમાવ્યા

સુરત | સુરતના સરથાણા જકાતનાકા વિસ્તારમાં રહેતા અને કોચીંગ ક્લાસમાં કાઉન્સીલર તરીકે નોકરી કરતા મૂળ ગીર સોમનાથના યુવાને પાર્ટટાઈમ જોબના નામે હોટલના રેટીંગ વધારવા રૂમ બુક કરવાનો ટાસ્ક આપી રૂ.6.83 લાખ પડાવી લેવાયા હતા.ઠગ ટોળકી વિરુદ્ધ સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી ટોળકીને બેન્ક એકાઉન્ટ ભાડે આપનાર મુખ્ય સૂત્રધાર સહિત સુરતના ચારની ધરપકડ કરી છે.

સાયબર ક્રાઈમ પોલીસ મથકના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ મૂળ ગીર સોમનાથનો વતની અને સુરતમાં સરથાણા જકાતનાકા વિસ્તારમાં રહેતો 28 વર્ષીય મનીષ ( નામ બદલ્યું છે ) સરથાણા વિસ્તારના કોચીંગ ક્લાસમાં કાઉન્સીલર તરીકે નોકરી કરે છે.ગત 3 માર્ચના રોજ તેના ટેલીગ્રામ આઈડી ઉપર સાઈસ્તા પવાર નામના ટેલીગ્રામ આઈડી ઉપરથી પાર્ટટાઈમ જોબ અંગેનો મેસેજ આવ્યો હતો.તેમાં લખ્યું હતું કે હોટલના રેટીંગ વધારવા માટે અલગ અલગ હોટલના રૂમ બુક કરવાના રહેશે અને એક સેટમાં 25 રૂમ બુક કરવાથી રૂ.1 હજારથી રૂ.5600 સુધીનું કમિશન આપવામાં આવશે. મનીષે હા પાડતા તેને લીંક મોકલી રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ ટ્રાયલ બોનસ પેટે રૂ.10 હજાર તેના એકાઉન્ટમાં જમા થયા હતા.મનીષે એક ટાસ્ક પૂર્ણ કરતા તેના એકાઉન્ટમાં રૂ.922 કમિશન પણ જમા થયું હતું. કમિશનની રકમ વિડ્રો કર્યા બાદ નવા ટાસ્ક માટે તેની પાસે રૂ.10 હજાર જમા કરાવ્યા હતા.

ત્યાર બાદ સમયાંતરે પૈસા જમા કરાવડાવ્યા હતા.બાદમાં રૂ.11.43 લાખનું માઈનસ બેલેન્સ બતાવતા સાઈસ્તા પવારને મેસેજ કરતા રકમ ટ્રાન્સફર કરો તો કમિશનના પૈસા વિડ્રો કરી શકાશે, પૈસાની સગવડ ન હોય તો લોન લઈ પૈસા ભરવા કહીને સ્ટીફનનો નંબર આપ્યો હતો.

## પ્રેમી-પંખીડાંનો 2 વર્ષના પુત્ર સાથે આપઘાત

# છેલ્લો ફોટો પાડી સ્ટેટસમાં મૂક્યો : કમરે દુપટ્ટો અને હાથમાં ચાર્જરનો વાયર બાંધીને કૂદી ગયા

(એજન્સી) ગોંડલ | ગોંડલના વેરી તળાવમાં ઝંપલાવીને મહેસાણા પંથકના પ્રેમી-પંખીડાંએ પુત્ર સાથે આપઘાત કરી લેતાં આજરોજ સવારે તેમના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતા. કમરે દુપટ્ટો અને હાથમાં ચાર્જરનો વાયર બાંધીને પ્રેમિકાએ પોતાના પુત્ર અને પ્રેમી સાથે વેરી તળાવમાં ઝંપલાવ્યું હતું. બે દિવસ પહેલાં મહેસાણા જિલ્લાના લિંચ ગામના પરિણીત પ્રેમી-પંખીડાં પુત્ર સાથે ભાગી ગયાં હતાં. આત્મહત્યા કરનારી યુવતી પોતે પરિણીત હતી અને તેને એક પુત્ર હતો છતાં પ્રેમી વગર રહી ન શકતાં બંને પુત્ર સાથે ભાગીને અંતે જોડે મોતને વહાલું કર્યું હતું.

પ્રાપ્ત વિગત અનુસાર, મહેસાણા જિલ્લાનાં લીંચ ગામે રહેતા સંજય ફતાજી ઠાકોર (ઉં.22), કિંજલ જશવંતજી ઠાકોર (ઉં.22) તથા પુત્ર ધ્રુવીન જશવંતજી ઠાકોર (ઉં.2)ના મૃતદેહો વેરી તળાવના પાણીમાં તરતા મળ્યા હતા. ફાયરબ્રિગેડ દ્વારા મૃતદેહ બહાર કાઢી પીએમ અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. આત્મહત્યા કરનાર કિંજલબેન અમદાવાદ સાસરે રહેતી હતી. બંને પ્રેમી-પંખીડાં એક નહીં થતાં વેરી તળાવમાં ઝંપલાવીને આત્મહત્યા કરી હોવાની પ્રાથમિક વિગત પ્રકાશમાં આવી છે.



પ્રેમી સંજય ઠાકોરના લગ્ન પાટણ જિલ્લાના વાસાપુર ખાતે થયા હતા અને મહેસાણામાં પેપરમિલમાં કામ કરતો હતો, જ્યારે કાજલ પણ પરિણીત હતી અને બે વર્ષનો પુત્ર ધ્રુવિન હતો. બનાવ અગે પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે. પ્રેમીએ આત્મહત્યા પહેલાં તળાવના પગથિયા છેલ્લો ફોટો પાડીને સ્ટેટસમાં મૂક્યો હતો. સેલ્ફી સોશિયલ મીડિયા સ્ટેટસ પર મૂકીને મિત્રને લોકેશન પણ મોકલી આપ્યું હતું. પ્રેમી-પંખીડાંએ બે દિવસ પહેલાં તળાવના પગથિયા પાસે છેલ્લો ફોટો પાડીને આત્મહત્યા કરી હતી. ગોંડલ નગરપાલિકા ફાયરબ્રિગેડે ત્રણેયના મૃતદેહને તળાવમાંથી બહાર કાઢીને ગોંડલ સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડ્યા હતા.

યુવકે પોતાના મોબાઈલના સ્ટેટસમાં વેરી તળાવ પાસે ત્રણેયનો ફોટો મૂકયો હતો. ફોટા આધારે યુવકના કાકા ગોંડલ દોડી આવ્યા હતા. યુવકના કાકા અને મિત્રોએ પોલીસ તથા ફાયરબ્રિગેડને જાણ કરતાં સવારે ત્રણેયની લાશ તળાવમાંથી બહાર કાઢવામાં આવી હતી. લાશ મળતાં પરિવારજનોમાં શોક પ્રસરી ગયો હતો. સમગ્ર બનાવને લઈને પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# કોચિંગ કાઉન્સિલર પાસેથી ટાસ્કના નામે 6.82 લાખ પડાવનાર 4 ઝડપાયા

(એજન્સી) સુરત | ટાસ્કના નામે પડાવેલા 6.82 લાખ પૈકી 4 લાખ સંજયના ખાતામાં જમા થયા આરોપી સંજય પટેલના બેંકખાતામાં બે મહિનામાં એક કરોડના વ્યવહાર થયા હતા સરથાણામાં રહેતા અને કોચિંગ કલાસમાં કાઉન્સિલર તરીકે નોકરી કરતા મૌલિક કાનાણી પાસેથી પાર્ટ ટાઇમ જોબ માટે ઠગ ટોળકીએ હોટેલ રેટીંગનો ટાસ્કના નામે 6.82 લાખની રકમ પડાવી છે. સાયબર ક્રાઇમે ગુનો દાખલ કરી મોબાઇલ સર્વલન્સના આધારે 4 ચીટરોને પકડી પાડી ધરપકડની કાર્યવાહી કરી છે. ટાસ્કના નામે 6.82 લાખની રકમ પૈકી 4 લાખની રકમ સંજયના ખાતામાં જમા થઈ હતી. જેમાં એક એકાઉન્ટ હોલ્ડર અને બાકીના 3 આરોપીએ એકબીજાની મદદગારીથી આગળ બેંક ખાતાની વિગતો સૂત્રધારને પહોંચાડી છે.

આ ગુનામાં સાયબર ક્રાઇમે એકાઉન્ટ હોલ્ડર સંજય જશ પટેલ(47)(રહે, અક્ષર પ્લાઝા, અડાજણ, મૂળ રહે, જોરાવરનગર, સુરેન્દ્રનગર)ને પહેલા દબોચી લીધો છે. જેની પૂછપરછ તેનું બેંક ખાતું પિયુષ રમેશ પરમાર(26)(રહે, સુમન ભાર્ગવ, વીઆઇપી રોડ, અલથાણ, મૂળ રહે, ખારવાગામ, સુરેન્દ્રનગર)ને આપ્યું હતું. આથી પોલીસે તેને પકડી આગળ એકાઉન્ટ ભરત છેલા ભરવાડ(30)(રહે, ચામુંડાનગર, સરોલી બ્રીજની સામે, ઓલપાડ, મૂળ રહે, કાળા તળાવ, ભાવનગર) ને આપ્યું હતું. તેણે આ બેંક ખાતું સૂત્રધાર અમિત નરસી




જીવાણી(26)(રહે, માધવ એલીગન્સ, જહાંગીરપુરા, મૂળ રહે, પીપળગામ, બોટાદ)ને આપ્યું હતું. પછી પોલીસે અમિતની પૂછપરછ કરી આગળના કનેક્શનની તપાસ શરૂ કરી છે.

આરોપી સંજય પટેલનું બેંક ખાતું દોઢ-બે મહિના પહેલા ખોલાયું હતું. જેમાં બે મહિનામાં 1 કરોડથી વધારેના ટ્રાન્જેકશનો થયા હોવાની વાત સામે આવી છે. સૂત્રધાર અમિત જીવાણી વર્ષ 2023માં પણ આ રીતની ચીટિંગમાં પકડાયો હતો અને તેમાં તેણે સીમકાર્ડ આપ્યું હતું. આરોપી સંજય પહેલા વોટરજેટ મશીનની દલાલી કરતો હતો. જયારે ભરત ભરવાડ દૂધનો વેપાર અને અમિત જીવાણી ઓનલાઈન વેપાર કરે છે.

તા. 27 માર્ચથી 40 હજારથી વધુ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે

# સરદાર પટેલ યુનિવર્સિટીની એક્ષટર્નલ પરીક્ષાઓનો આગામી સપ્તાહથી પ્રારંભ



(એજન્સી) આણંદ | વલ્લભવિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીની એક્ષટર્નલ પરીક્ષાઓનો આગામી તા.૨૭મી માર્ચના રોજથી પ્રારંભ થનાર છે. સ.પ.યુનિ.ના જ્ઞાનોદય ભવન સહિતના વિવિધ પરીક્ષા કેન્દ્રો ખાતે સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના મળી આશરે ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.સરદાર પટેલ યુનિવર્સિટીની સ્નાતક કક્ષાની બીએ, બીકોમ, બીએસસી, બીસીએ, બીબીએ, બીલીબ, બીએસડબલ્યુ, એલએલબી, બીએસસી હોમસાયન્સના સેમીસ્ટર ૪ અને ૬ની યુનિવર્સિટીની પરીક્ષાઓનો આગામી તા.૨૭મી માર્ચના રોજથી પ્રારંભ થનાર છે. જ્યારે અનુસ્નાતક કક્ષાના એમએસસી, એમકોમ, એમએસડબલ્યુ, એમએસડબલ્યુ (એચઆર), લો, એમલીબ, એમએ, એમસીએ તથા એમએસસી હોમસાયન્સના સેમીસ્ટર ૧ થી ૪ની યુનિવર્સિટીની પરીક્ષાઓ આગામી તા.૧લી એપ્રિલના રોજથી યોજાનાર છે. યુનિ.ની આ પરીક્ષાઓ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ તથા બપોરે ૨.૦૦ થી ૫.૦૦ કલાક એમ બે સેશનમાં યોજાશે.

જેમાં અનુસ્નાતક કક્ષાના આશરે ૧૦૮૦૦ તથા સ્નાતક કક્ષાના આશરે ૨૯૬૦૦ મળી કુલ ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.આગામી સપ્તાહથી શરૂ થતી યુનિ.ની સ્નાતક-અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓ સ.પ.યુનિ.ના જ્ઞાનોદય ભવન, માનવ વિદ્યાભવન સહિત આણંદ-ખેડા જિલ્લાની વિવિધ કોલેજો ખાતેના વિવિધ પરીક્ષા કેન્દ્રો ઉપર યોજાનાર છે. જે માટે યુનિ.ના પરીક્ષા વિભાગ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. દરેક પરીક્ષા કેન્દ્રો ખાતે સમયસર પ્રશ્નપેપરો પહોંચે તે માટે અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે. સાથે સાથે પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતિ ન થાય તે માટે અલગ-અલગ સ્કવોર્ડની ટીમો પણ તૈનાત કરવામાં આવશે.

વસોના પલાણા ગામે હોળીના દિવસે મેળા જેવો માહોલ

# હોળીમાં અનોખી પરંપરા: ધગધગતા અંગારા ઉપર શ્રધ્ધાળુઓ દોડે છે



(એજન્સી) નડિયાદ | શ્રધ્ધા હોય ત્યાં પુરાવાની શી જરૂર છે. આધુનિક યુગમાં પણ કેટલીક વાર એવા ચમત્કારો સર્જાતા હોય છે. ખેડા જિલ્લાના વસો તાલુકાના પલાણા ગામે ગ્રામજનો હોળીના સળગતાં અંગારા ઉપર ચાલીને હોળી પર્વની ઉજવણી કરે છે. છેલ્લા ઘણ વર્ષથી ચાલતી આવતી આ પરંપરાને પલાણા ગામમાં આશરે 5 થી 6 હજારની વસ્તી છે. ગ્રામજનો મુખ્ય વ્યવસાય ખેતી છે. અહીંના રહીશો છેલ્લા કેટલાક સમયથી લંડન-અમેરીકા તથા આફ્રિકા સ્થાયી થયેલા છે.

હોળીનું પર્વ એટલે ગામમાં મેળા જેવું વાતાવરણ સર્જાય છે. છેલ્લા ઘણા વર્ષ ઉપરાંતથી ગામની ભાગોળે ટાવર પાસે હોળી પ્રગટાવવામાં આવે છે. હોળીના દિવસે સાંજે 6 કલાકે ગ્રામ પંચાયત કચેરી પાસેથી સરપંચ હાર્દિકભાઇ પટેલની આગેવાનીમાં ઢોલ-ઢબુકે એટલે સૌ ગ્રામજનો ભેગા થાય છે. અને ઢોલ નગારા અને ત્રાસા સાથે સૌ ગ્રામજનો ભેગા થઇ બસ સ્ટેન્ડ ટાવર પાસે હોળી પ્રાગટય સ્થાને પહોંચે છે. ત્યાં ભુદેવ દ્વારા શાસ્ત્રોક્ત પૂજન વિધિ બાદ સાંજે 7 કલાકે હોળી પ્રગટાવવામાં આવે છે. સૌ ગ્રામજનો હોળીની પ્રદિક્ષિણા કર્યા બાદ ઘરે જાય છે. જ્યારે યુવાનો આ હોળી સંપૂર્ણ પ્રગટી ગયા બાદ રાત્રે નવ વાગે સંપૂર્ણ હોળીની જગ્યાએ એકઠા થઇ ત્યારબાદ મોટા અંગારા ઉપર હસતાં- રમતાં યુવાનો યુવાન-યુવતીઓ ચાલે છે. આ સળગતાં અંગારા પર ચાલતા ગ્રામજનો જોવા માટે સમગ્ર ખેડા જિલ્લામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે. તેમજ હોળીને તહેવારને ધ્યાનમાં લઇને સુંદર મેળાનું પણ આયોજન કરવામાં આવે છે. જેમાં દૂધની ડેરીના કમ્પાઉન્ડમાં ચગડોળ-ટોરાટોરા તેમજ અન્ય ખાણીપીણીની લારીની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. હોળીના સળગતાં અંગારા આશરે 35 થી 40 ફુટ જેટલી ગોળાઈમાં હોળીના અંગારા ઉપર ગ્રામજનો ચાલે છે

સેવાલિયા જૂની ચેકપોસ્ટ પરથી પકડાયા

# એસટી બસમાં દારૂની ખેંપ મારતા રાજસ્થાનનાં 3 શખ્સ ઝડપાયા



(એજન્સી) સેવાલિયા | સેવાલિયા જૂની ચેકપોસ્ટ પર ગોધરા તરફથી આવતી ડુમકા- વાંકાનેર એસટી બસમાંથી રાજસ્થાનના ૩ શખ્સો રૂા. ૫૦ હજારના દારૂના જથ્થા સાથે પોલીસે ઝડપી પાડયા હતા. રૂા. ૬૪ હજારનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણે વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગળતેશ્વર તાલુકાના મુખ્ય મથક સેવાલીયા અને મહીસાગર નદી પાસે આવેલી જૂની ચેકપોસ્ટ પરથી સેવાલિયા પોલીસે વાહન ચેકીંગ દરમિયાન ગોધરા તરફથી આવતી ડુમકા-વાંકાનેર એસટી બસની તલાશી લીધી હતી. જેમાં અલગ અલગ પાંચ બેગમાં વિદેશી દારૂ સાથે ત્રણ ઈસમોને ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે વિદેશી દારૂની ૫૧ બોટલો, પાઉચ ૪૮ કિંમત ૪૯,૩૬૦ તથા આરોપીઓની અંગઝડતીમાંથી મળી આવેલા મોબાઈલ અને રોકડ સહિત કુલ રૂ.૬૪,૨૧૦ કિંમતનો મુદ્દામાલ કબજે લઈ દારૂ સાથે પકડાયેલા આરોપી ટિકમસિંહ ડુંગરસિંહ રાવત રહે. રૂપપુરા થાના સેખાવાસ તથા રાજેશસિંહ ભવરસિંહ રાવત રહે. રૂપપુરા, સિરેન્દ્ર તેમજ કઠત અભિજીત મહેરાત રહે.ખીમપરા તા.મસુરા તમામ રાજસ્થાનવાળાની અટક કરીને પ્રોહીબિશન હેઠળનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મકાનના ઝઘડા અને નળ કનેક્શન કપાઈ ગયાની દાઝ રાખી ખૂની ખેલ ખેલ્યો

# બોટાદ શહેરમાં મોટાબાપુના હાથે ભત્રીજાની નિર્દય હત્યાથી ચકચાર

(એજન્સી) ભાવનગર/બોટાદ : બોટાદમાં બે ભાઈ વચ્ચે ચાલી રહેલા મકાનના ઝઘડા અને વેરો નહીં ભરવાના કારણે નગરપાલિકાએ નળ કનેક્શન કાપી નાંખ્યું હોય, તેમાં શંકા રાખી મોટાબાપુએ હથોડી અને કોદાળીના મરણતોલ ઘા ઝીંકી દિકરાની ઉંમરના ભત્રીજાની નિર્દય હત્યા કરી નાંખતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. ભત્રીજાના ખૂનથી હાથ રંગે હત્યારો શખ્સ નાસી જતાં પોલીસે શોધખોળ હાથ ધરી છે.પ્રકાશભાઈ ડાયાભાઈ પરમારને તેમની બાજુમાં જ રહેતા સગા મોટાભાઈ રાજુ ડાયાભાઈ પરમાર સાથે મકાન બાબતે ઘણાં લાંબા સમયથી વાદ-વિદાય ચાલી રહ્યો હતો. દરમિયાનમાં તા.૧૧-૦૩-૨૦૨૪ના રોજ બોટાદ નગરપાલિકા દ્વારા નળ વેરો ભરવા જાણ કરવામાં આવતા બન્ને ભાઈઓના સહિયારા વેરાની રકમ રૂા.૧૫,૦૦૦૦ પૈકીના પ્રકાશભાઈના ભાગે આવતા વેરાની રકમ તેમણે ભરપાઈ કરી દીધી હતી. જ્યારે રાજુ પરમારે વેરો નહીં ભરતા નગરપાલિકા તંત્રે તેનું નળ કનેક્શન કાપી નાંખ્યું હતું.

આ નળ કનેક્શન તેના ભત્રીજાએ કાપી નાંખ્યું હોવાની શખ્સને શંકા હોવાથી ગઈકાલે ગુરૂવારે રાત્રિના ૧૦-૩૦ કલાકના અરસામાં રાજુ પરમારે જોર-જોરથી ગાળો બોલી તમારો બાપ કયાં ગયો, મારૂં નળ કનેક્શન શું કામ કાપ્યું ? તેમ કહીં ગાળો બોલી ઘરનો દરવાજો ખખડાવી પ્રકાશભાઈના પુત્ર આકાશભાઈ (ઉ.વ.૨૩)નો કાથલો થોભી બહાર ઢસડી લઈ જઈ તેના હાથમાં રહેલ હથોડીનો ઘા ભત્રીજા આકાશભાઈના માથામાં મારી દેતા યુવાન લોહથી લથપથ હાલતમાં નીચે ઢળી પડયો હતો. ત્યારબાદ પણ શખ્સના માથા ઉપર ખૂન સવાર હોય તેમ સગા ભત્રીજાના બન્ને પગ ઉપર કોદાળીના આડેધડ ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. જેને રિક્ષામાં સુવડાવી હોસ્પિટલ લઈ જવામાં આવતા ફરજ પરના તબીબે આકાશભાઈને મૃત જાહેર કર્યા હતા. જ્યારે ખૂની ખેલ ખેલી હત્યારો રાજુ પરમાર નાસી ગયો હતો. બનાવ અંગે મૃતકના પિતા પ્રકાશભાઈ પરમારે તેના મોટાભાઈ રાજુ પરમાર સામે ફરિયાદ નોંધાવતા બોટાદ પોલીસે આઈપીસી ૩૦૨, ૩૨૩, ૩૨૪, ૫૦૪ અને જીપીએ ૧૩૫ મુજબ ગુનો નોંધી હત્યારાની ધરપકડ કરવા ચક્રોગતિમાન કર્યા છે.

બે ભાઈઓના મકાનને લઈ ઝઘડા અને નગરપાલિકાએ નળ કનેક્શન કાંપી નાંખ્યાની વાતમાં નવાણિયો કૂટાયો હોય તેમ હજુ બે માસ પહેલા જ્યોતિબેન રાજેશભાઈ શર્મા સાથે પ્રેમલગ્ન કરી ઘરસંસાર વસાવનાર ૨૩ વર્ષીય યુવાન આકાશભાઈનું તેના જ મોટાબાપુએ ખૂન કરી નાંખતા પરિણીત યુવતી નાની ઉંમરમાં જ વિધવા બની હતી. પતિના અણધાર્યા મૃત્યુથી જ્યોતિબેનની માથે વ્રજઘાત પડયો હતો.

# ભાવનગરમાં ધુળેટીના દિવસે 40 ટકા ઈમર્જન્સી કેસ વધવાની સંભાવના

ભાવનગર | હોળી-ધુળેટીના પુર્વ દરમિયાન સર્જાતી ઈમર્જન્સીની પરિસ્થિતિને ધ્યાને રાખીને ઈમર્જન્સી ૧૦૮ સેવા દ્વારા એક્શન પ્લાન ઘડાયો છે. હોળી અને ધુળેટી એમ બે દિવસો દરમિયાન ભાવનગર શહેર જિલ્લામાં ૨૬ એમ્બ્યુલન્સ તૈનાત રહેશે. જે ધુળેટીના તહેવાર દરમિયાન સર્જાતી ઈમર્જન્સીની પરિસ્થિતિને પહોંચીવળવા કામગીરી કરશે. ઈમર્જન્સસી ૧૦૮ સેવા દ્વારા પાછલા ૩-૪ વર્ષોના તહેવારોની ઈમર્જન્સી કેસોના વિશ્લેષણના આધારે ઈમર્જન્સી કેસો વધશે તેવું અનુમાન કરવામાં આવ્યુ છે. જેમાં ભાવનગર સહિત રાજ્યના ૧૦ જિલ્લાઓમાં ઈમર્જન્સી કેસો વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ભાવનગરમાં સામાન્ય દિવસની સરખામણીએ ધુળેટીના દિવસે ૪૦ ટકા વધારે ઈમર્જન્સી કેસ આવશે તેવું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. હોળી અને ધુળેટીનું પર્વ સુરક્ષિત રીતે ઉજવાય તે માટે ઈમર્જન્સી ૧૦૮ દ્વારા એક્શન પ્લાન ઘડાયો છે. ૧૦૮ની ભાવનગર શહેરમાં ૯ અને જિલ્લામાં ૧૭ અમ્બ્યુલન્સ એમ કુલ ૨૬ એમ્બ્યુલન્સ તૈનાત રહેશે. તેમજ અધિકારી અને કર્મચારી સહિત ૧૩૭ લોકોનો સ્ટાફ ફરજ પર રહેશે. ૧૦૮ દ્વારા પાછલા ૩-૪ વર્ષોની તહેવારોની ઈમર્જન્સી કેસોના વિશ્લે ષણના આધારે આ વર્ષે ઈમર્જન્સી કેસો વધશે તેવું અનુમાન કર્યું છે. જેમાં રાજ્યમાં ભાવનગર, અરવલ્લી, ભરૂચ, દાહોદ, મહીસાગર, મોરબી, પંચમહાલ, પોરબંદર, સુરત અને વલસાડ જિલ્લામાં ઈમર્જન્સી કેસોમાં વધારો જોવા મળશે. ૧૦૮ સેવાના અંદાજ પ્રમાણે રાજ્યમાં સામાન્ય દિવસોની સરખામણીએ આ વર્ષે હોળીના દિવસે ૮.૨૦ ટકા ઈમર્જન્સી કેસો અને ધુળેટીના દિવસે ૨૯.૦૯ ટકા ઈમર્જન્સી કેસોમાં વધારો થવાની સંભાવના છે.

રસ્તા રીપેર, ફુટપાથ રીપેરીંગ, રખડતા ઢોર નિયંત્રણ ગ્રાન્ટ સહિતના ખર્ચને મંજુર કરાયા

# ભાવનગર મહાપાલિકાના રૂ. 120.91 લાખ પુરાંતવાળા બજેટને સાધારણ સભામાં મંજુરી

(એજન્સી) ભાવનગર | ભાવનગર મહાપાલિકા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અંદાજપત્રને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી હતી. ચૂંટણી આચારસંહિતાના પગલે સાધારણ સભામાં કોઈ સમીક્ષા કરવામાં આવી ન હતી અને ચર્ચા વગર જ સ્ટેન્ડીંગ કમિટિએ મંજુર કરેલ બંને અંદાજપત્રને સાધારણ સભામાં પણ મંજુરી આપી દેવામાં આવી હતી.

મેયરના અધ્યક્ષ સ્થાને સાધારણ સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં ભાવનગર મહાપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને ભાવનગર મહાપાલિકાનુ વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્ર સર્વાનુમતે મંજુરી આપવામાં આવી હતી. લોકસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ છે. ચૂંટણી આચારસંહિતાના કારણે બજેટ અંગે કોઈ સમીક્ષા કરવામાં આવી નથી. ચર્ચા કર્યા વગર બંને બજેટને મંજુરી આપવામાં આવી હતી. તાજેતરમાં બંને બજેટને સ્ટેન્ડીંગ કમિટિએ મંજુર કર્યા હતા, જેમાં ભાવનગર મહાપાલિકામાં ઉઘડતી સીલક સહિતની કુલ આવક રૂ. ૧૬૪૮,૫૪,૦૦,૦૦૦ની સામે રૂ. ૧૫૨૭,૬૩,૦૦,૦૦૦ ખર્ચ કરતા વર્ષાન્તે રૂ. ૧૨૦,૯૧,૦૦,૦૦૦ પુરાંતવાળા વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રને સ્ટેન્ડીંગ કમિટિએ સર્વાનુમતે મંજુરી આપી હતી, જેમાં શિક્ષણના બજેટનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના રૂ. ૧૭૨,૧૫,૩૫,૦૦૦ ના અંદાજપત્રને મંજુરી આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, શિક્ષણ સમિતિ સહિત ભાવનગર મહાપાલિકાનુ બજેટ દર વર્ષે મંજુર કરવામાં આવે છે અને સાધારણ સભામાં બજેટ મંજુર કરતા પૂર્વે વિપક્ષ કોંગ્રેસ અને શાસક ભાજપ વચ્ચે લાંબી ચર્ચા થતી હોય છે પરંતુ હાલ ચૂંટણી આચારસંહિતાના પગલે સમીક્ષા થઈ શકી ન હતી. કન્ટીજન્સી ખર્ચમાં રસ્તા રીપેર માટે રૂ. ૨૫૦ લાખ, ફુટપાથ રીપેરીંગ-રીઈન્સ્ટેન્ટમેન્ટ માટે રૂ. ૪૦૦ લાખ, મનપાની મિલ્કતો રીપેર તથા પ્રાથમિક શાળાના મકાન રીપેરીંગ માટે રૂ. ૩૦૦ લાખ, ભાડાનાં વાહન ખર્ચ વિગેરે (સો. વે.મેને.) માટે રૂ. ૧૭૦૦ લાખ, રસ્તાની સફાઈ માટે ખાનગીકરણ કરવાનો ખર્ચ રૂ. ૧૫૦૦ લાખ, ઢોર ડબ્બા નિભાવ ખર્ચ રૂ. ૭૦૦ લાખ, રખડતા ઢોર નિયંત્રણ ગ્રાન્ટ માટે રૂ. ૧૦૦ લાખ, ઈરીગેશન ચાર્જીસ-મહિપરીએજ પાણી ચાર્જ રૂ. ૩૦૦૦ લાખ, બગીચા-સર્કલ કોન્ટ્રાકટથી ચલાવવા માટે રૂ. ૩૦૦ લાખ વગેરે ખર્ચનો સમાવેશ થાય છે. ઉપરાંત કેપીટલ ખર્ચમાં કંસારા-ગઢેચી શુધ્ધીકરણ રૂ. ૧૫૦૦ લાખ, રૂવા ગામ પાસે રવેચી ધામ ડેવલપમેન્ટ માટે રૂ. ૨૦૦ લાખ, શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં ફલાય ઓવરનુ કામ રૂ. ૧૨૦૦ લાખ સહિતના ખર્ચનો સમાવેશ કરવામાં આવેલ છે.

**અપ્રુજી દૂધ મંડળીના પૂર્વ સેક્રેટરી દ્વારા રૂા. 4.10 લાખની ઉચાપત |** કઠલાલ, નડિયાદ : કઠલાલના અપ્રુજીમાં દૂધ મંડળીના પૂર્વ સેક્રેટરીએ રૂા. ૪.૧૦ લાખની ઉચાપત કરી હોવાની ચેરમેને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પૂર્વ સેક્રેટરીએ આ રકમ અંગત કામમાં વાપરી નાખી પરત ન કરી હોવાનું ઓડિટમાં બહાર આવતા આણંદ સહકાર વિભાગે ફરિયાદ નોંધાવવા હુકમ કર્યો હતો. કઠલાલ તાલુકાના અપ્રુજી ગામે દૂધ ઉત્પાદક મંડળીના ચેરમેન ઝાલમસિંહ સોલંકીએ નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ ૧ જુલાઈ, ૨૦૨૨થી અપ્રુજીની દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.માં ચેરમેન તરીકે કાર્યરત છે. અહીં ચાર કર્મચારીઓ પણ કાર્યરત છે. મંડળીમાં અગાઉ છેલ્લા દસેક વર્ષથી સેક્રેટરી તરીકે ગામના વિક્રમભાઈ સાધાજી રાઠોડ કાર્યરત હતા. દૂધ મંડળીની ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૧ની વ્યવસ્થાપક સભ્યોની મીટીંગના ઠરાવ નં. ૨ અને ૩થી મંડળીના તત્કાલીન મંત્રી વિક્રમભાઈ સાધાજી રાઠોડની તબિયત નાદુરસ્તના કારણે ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ રાજીનામું આપ્યું હતું. પરંતુ મંડળીએ સ્વીકાર્યું ન હતુ અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધી તેમને હોદ્દા ઉપર ચાલુ રાખ્યા હતા. ત્યાર બાદ ૧ ઓક્ટોબર. ૨૦૨૧ની મીટીંગના ઠરાવ નં.૨થી નવા મંત્રી તરીકે કીશનકુમાર પ્રહલાદસિંહ સોલંકીની નિમણૂક કરી પૂર્વ મંત્રીના હવાલાનો તમામ ચાર્જ નવા નિમાયેલ મંત્રીને આપ્યો હતો.

**પરિપત્રને અવગણી જર્જરિત ઓરડામાં બાળકોને બેસાડયા |** ડાકોર : દીપકપુરા પ્રાથમિક શાળાના જર્જરિત ઓરડાં ઉતારી લેવા તા. ૧૪મી ડિસેમ્બર ૨૦૨૩માં જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા પરિપત્ર કરી દેવાયો હતો. છતાં મંજૂરીને અવગણી જર્જરિત ઓરડાંમાં બાળકોનો અભ્યાસ ચાલી રહ્યો હતો. ત્યારે બે બાળકોને ઈજા થવાની ઘટના બની હતી. પરિપત્ર મુજબ મુખ્ય શિક્ષક વિરૂદ્ધ ફોજદારી કાર્યવાહી કરવા ગ્રામજનોની માંગણી ઉઠી છે.દીપકપુરા પ્રાથમિક શાળામાં ધો. ૧થી ૫માં ૯૫ જેટલા નાના બાળકો અભ્યાસ અર્થે આવે છે. શાળાની હાલની પરિસ્થિતિમાં દીપકપુરા શાળામાં કુલ પાંચ ઓરડા છે. જે જર્જરિત હોવાનું જિલ્લામાંથી જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે જર્જરિત હોય તો વૈકલ્પિક વ્યવસ્થા શાળાના આચાર્યએ કરવાની હોય છે. છતાં પણ શાળાના જર્જરિત ઓરડાઓમાં બાળકોને અભ્યાસ માટે બેસાડાતા ગુરૂવારે છત પરથી પોપડા પડતા બે બાળકો ઈજાગ્રસ્ત બન્યા હતા. ઘટના વખતે શાળાના મુખ્ય શિક્ષક વિક્રમસિંહ ઠાકોર હાજર નહીં હોવાથી શિક્ષક ઈશ્વરભાઈ બાળકોને સારવાર માટે પીપલવાળા પીએસસી સેન્ટરે લઈ ગયા હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે પીપલવાળા પીએસસી સેન્ટરમાં બાળકોને લાવ્યા જ ન હોવાનો અને સારવારનો કોઈ કેસ કઢાવ્યો નહીં હોવાનું ડૉ. અલ્પેશભાઈ પટેલે જણાવ્યું હતું.

તહેવારને લઇને વેપારીઓમાં ભારે આશા

આ વર્ષે નવા આવેલા કલર ફાઉન્ટેઈને બાળકો સહિત મોટેરાઓમાં અનેરું આકર્ષણ જમાવ્યું

# હોળી-ધૂળેટી પર્વને લઇ ભારે ઉત્સાહ, બજારોમાં પિચકારી, વિવિધ રંગોની ખરીદી શરૂ



(એજન્સી) આણંદ | રંગોના પર્વ ધુળેટીને આડે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે આણંદ જિલ્લાના બજારોમાં વિવિધ વેપારીઓ દ્વારા અલગ-અલગ વેરાઈટીની પિચકારીઓનું વેચાણ શરૂ કરી દેવામાં આવ્યું છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે પિચકારીના ભાવોમાં કોઈ જ ભાવવધારો નોંધાયો ન હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. આ વર્ષે નવા આવેલ કલર ફાઉન્ટેઈને બાળકો સહિત મોટેરાઓમાં અનેરું આકર્ષણ જમાવ્યું છે.

ફાગણ સુદ પૂનમના દિવસે હોલીકા ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. પર્વને લઈને લગભગ સપ્તાહ પૂર્વે આણંદ જિલ્લાના બજારોમાં ધાણી, ચણા, ખજૂર, સેવ, હાયડા વગેરેનું વેચાણ શરૂ થઈ ગયું હતું.

જો કે ચાલુ વર્ષે હોલીકા દહન માટે લોકોમાં તર્ક-વિતર્ક જોવા મળી રહ્યા છે પરંતુ આણંદ જિલ્લાના મોટાભાગના સ્થળોએ રવિવારે હોલીકા દહનના કાર્યક્રમ યોજાશે. સાંજના સુમારે ઠેરઠેર પૂજા, અર્ચના કર્યા બાદ હોલીકા દહન કાર્યક્રમમાં ભક્તોએ ઉત્સાહભેર ભાગ લેશે. સોમવારના રોજ સમગ્ર આણંદ જિલ્લામાં ધુળેટી પર્વની ધામધૂમપુર્વક ઉજવણી કરવામાં આવશે.ધુળેટી પર્વ દરમ્યાન લોકો એકબીજા ઉપર ગુલાલ તેમજ રંગ છાંટી પર્વની ઉજવણી કરતા હોય છે ત્યારે ધૂળેટી પર્વને અનુરૂપ વિવિધ પ્રકારની પિચકારીઓ તેમજ રંગ ગુલાલનું વેચાણ શરૂ થઈ ગયું છે. આણંદ શહેરના વિવિધ વિસ્તારોમાં વેપારીઓ દ્વારા ગુલાલ તેમજ પિચકારીઓના તંબુ તાણી દેવાયા છે. હોળી-ધૂળેટી પર્વને લઈને બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નાના ભૂલકાંઓમાં વિવિધ કાર્ટુનવાળી પિચકારીઓ હોટ ફેવરીટ છે. જો કે ચાલુ વર્ષે બજારમાં નવા આવેલ કલર ફાઉન્ટેઈને લોકોમાં આકર્ષણ જમાવ્યું છે.

લોકસભા સામાન્ય ચૂંટણીમાં મહિલા મતદારોની સહભાગીદારીતા વધે તેવો પ્રયાસ

# બોટાદ : ગ્રામ્યકક્ષાએ મહિલાઓ માટે મતદાન જાગૃતિનો કાર્યક્રમ યોજાયો

(એજન્સી) ભાવનગર | આગામી લોકસભાની ચૂંટણીમાં મહિલા મતદારોની સહભાગીદારીતા વધે તેવા આશયથી બોટાદ જિલ્લાના રાજપરા, ઢીંકવાળી, ભડલા રતનવાવ સહિતના ગામોમાં મહિલાઓ માટે મતદાન જાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહિલાઓએ સહપરિવાર મતદાન કરવાનો સંકલ્પ કર્યો હતો. આગામી સામાન્ય લોકસભા ચૂંટણી ૨૦૨૪માં મહિલા મતદારોનું પ્રમાણ વધે તેવા હેતુથી બોટાદ વહીવટી તંત્ર દ્વારા મહિલા મતદારોનું પ્રમાણ વધે તેમજ બોટાદ જિલ્લામાં સમાવેશ થતાં મતવિસ્તારોમાં ટીઆઈપી બોટાદ તાલુકાના રાજપરા, ઢીંકવાળી, ભડલા, રતનવાવ, શિરવાણિયા, નાગલપર, ઝીંઝાવદર સહિતના ગામોમાં મહિલાઓ માટે મતદાન જાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જેમાં ગામની મહિલા મતદારો મતદાન કરે અને મહિલા મતદારોની સહભાગીદારીતા વધે તે માટેના સંકલ્પ લેવડાવ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલાઓએ સહપરિવાર મતદાન કરવાનો સંકલ્પ પણ કર્યો હતો.

આગામી દિવસોમાં બોટાદ જિલ્લાના અન્ય ગામોમાં પણ આ પ્રકારના કાર્યક્રમો આયોજીત થશે.આ ઉપરાંત બોટાદના ખાખોઈ, કારિયાણી, પીપરડી, તુરખા, સમઢિયાળા-૧ સહિતના ગામો અને ગઢડા તાલુકાના વિવિધ ગામોમાં પણ મહિલાઓ પોતે મતદાન કરવા તેમજ અન્ય લોકોને મતદાન કરવા માટે પ્રેરિત કરવા પ્રતિબદ્ધ થયાં હતા.

બોટાદમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪માં દિવ્યાંગ અને વૃદ્ધ મતદારોની મદદ માટે સ્વયંસેવકોની નિમણૂંક કરવામાં આવી છે ત્યારે જિલ્લા સેવા સદન ખાતે આ સ્વયંસેવકો માટે તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા સ્વયંસેવકોને માર્ગદર્શન તથા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા સ્વયંસેવકોને તાલીમ આપવામાં આવી હતી.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
આજે તમે પરિવારના સભ્યો સાથે દિવસ પસાર કરી શકો છો. પરંતુ વ્યવસાય તરફ ધ્યાન આપવું એ તમારી પ્રાથમિકતા હોવી જોઈએ. જેથી તમે પૈસા મેળવી શકો.



**વૃષભ (બ,વ,ઉ)**
ધંધામાં નસીબ સાથ આપશે અને કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે તેમજ લાભ પણ મળશે. સામાજિક અને કાર્યક્ષેત્રમાં તમારું માન અને પ્રભાવ આજે વધવા જઈ રહ્યો છે.



**મિથુન (ક,છ,ઘ)**
આજે તમારી શક્તિ વધશે. તેમજ ધંધા અથવા કાર્યક્ષેત્રમાં કોઈ વિશેષ વ્યવસ્થા કે પરિવર્તન કરવાનો આજનો દિવસ રહેશે. દ્રષ્ટિકોણ આ દિવસમાં બદલાઈ શકે છે.



**કર્ક (ડ,હ)**
આજે તમે ધંધા કે કામ સંબંધિત પ્રવાસ કરી શકો છો. ઉપરાંત બધા કાર્ય તમારા દ્વારા પૂરા થશે. શુભ અથવા ધાર્મિક કાર્યો આજે પરિવારમાં થઈ શકે છે. કોઈ પણ ધાર્મિક સ્થળની મુલાકાત પણ લઈ શકો છો.



**સિંહ (મ,ટ)**
આજે તમને રાજ્ય તરફથી સન્માન અને સાંસારિક પ્રતિષ્ઠાથી મળશે. વેપારના ક્ષેત્રમાં નવા ભાગીદારો મળશે અને લાભ પ્રાપ્ત કરશો.



**કન્યા (પ,ઠ,ણ)**
આજે તમને કાર્યક્ષેત્ર અને ધંધામાં ભાગ્યનો સાથ મળી શકે છે. તમારા માટે શુભ સાબિત થશે. આજે તમે વેપારમાં સેવકો અને ભાગીદારો સાથે સારો તાલમેલ જાળવશો .



**તુલા (ર,ત)**
આજનો દિવસ તમારા ધંધા અને કાર્યમાં ભાગદોડ તેમજ વિશેષ ચિંતમાં વિતાવશો. તમે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યની ચિંતા કરી શકો છો, તમારે તેમની સંભાળ લેવી પડશે.



**વૃશ્ચિક (ન,ય)**
આજે વેપાર અને કાર્યક્ષેત્રના સંબંધમાં તમે જે પણ નવા પ્રયત્નો કરો છો તેમાં તમને વિજય મળશે. આજે ઓફિસના કામમાં સુધારો કરવાની જરૂર છે, જે તમને સારા પરિણામ આપશે.



**ધન (ભ,ધ,ફ)**
કોઈ ચીજવસ્તુ ખરીદી શકો છો, જેમાં કેટલાક પૈસા પણ ખર્ચ થઈ શકે છે. સંતાન તરફથી કેટલાક સારા સમાચાર મળી શકે છે. જેના કારણે પરિવારમાં આનંદનો માહોલ રહેશે.



**મકર (ખ,જ)**
આજે તમને વ્યવસાય અને ક્ષેત્રમાં લાભથી સંતોષ મળશે. તેમજ આજે આનંદનો દિવસ રહેશે. આજે તમારા વ્યક્તિત્વમાં એક અલગ આકર્ષણ રહેશે અને લોકો તમારાથી પ્રભાવિત થશે.



**કુંભ (ગ,શ,સ)**
આજે તમારા મિત્રો અથવા સગા-સંબંધીઓ ઘણાં દિવસો સુધી રોકાવા તમારા ઘરે આવી શકે છે. તેમનું સન્માન કરવું તમારા માટે ફાયદાકારક રહેશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
ધંધા અને કાર્યક્ષેત્રમાં અચાનક પૈસા મળવાના સંકેત છે. જે તમને આર્થિક શક્તિ આપશે. આજે તમારી જાતે વ્યવસાયિક સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરો.

# ચીનથી સતત દુર થઈ રહેલા વિદેશી રોકાણકારો, ભારતને થતો સીધો ફાયદો

(એજન્સી) અમદાવાદ | ચીન, જે એક સમયે ઊભરતાં બજારોમાં પ્રિય હતું, તે હવે લાંબા સમય સુધી નીચી ઉપજ, અનિશ્ચિત આર્થિક વાતાવરણ અને ભૌગોલિક રાજકીય તણાવને કારણે ઊભરતાં બજારોના બાસ્કેટથી અલગ થઈ રહ્યું છે. લોકપ્રિય ઉભરતા બજારો-કેન્દ્રિત એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ (ઈટીએફ), જેમાં ચીનને બાદ કરતાં)ની સંપત્તિ આ મહિને વધીને ૧૧ બિલિયન ડોલર થઈ છે, જે ત્રણ વર્ષ પહેલાં ૫૦૦ મિલિયન ડોલર કરતાં ઓછી હતી. આમ તેમાં ૨૨ ગણો વધારો થયો છે. બજાર વિશ્લેષકોનું કહેવું છે કે ખાસ કરીને યુએસ અને યુરોપીયન પ્રદેશોમાંથી મોટી સંખ્યામાં સાયલન્ટ રોકાણકારો ઈટીએફમાં તેમનું રોકાણ વધારી રહ્યા છે જેમાં ચીનનો સમાવેશ થતો નથી. આ વલણનો સૌથી વધુ ફાયદો ભારતને થશે કારણ કે તે ચીન કરતાં ઊભરતાં બજાર સૂચકાંકમાં ઊંચું વેઈટિંગ ધરાવે છે.



યુએસ અને યુરોપીયન દેશોમાંથી રોકાણકારો ETFમાં તેમનું રોકાણ વધારી રહ્યા છે જેમાં ચીનની બાદબાકી

મેઈનલેન્ડ કંપનીઓ ૨૨.૦૭ ટકા સાથે નિયમિત એમએસસીઆઈના ઊભરતાં બજારોના ઈન્ડેક્સમાં સૌથી વધુ વેઈટીંગ ધરાવે છે. ચાઈના વિનાના ઈન્ડેક્સમાં, આ વજન અન્ય દેશોમાં ફરીથી વિતરિત કરવામાં આવે છે. તેના કારણે ભારત અને તાઈવાનનું વજન ૪.૯૫ ટકાથી વધુ અને દક્ષિણ કોરિયાનું વજન ૪.૧૬ ટકા વધ્યું છે.

ચીનના બજારોના નબળા પ્રદર્શનને કારણે, એમએસસીઆઈના ઊભરતાં બજારોના ભૂતપૂર્વ ચાઈના સૂચકાંકે એમએસસીઆઈના ઊભરતાં બજારોના અને એમએસસીઆઈ એશિયાના ભૂતપૂર્વ જાપાન સૂચકાંકો કરતાં વધુ પ્રદર્શન કર્યું છે. છેલ્લા ત્રણ વર્ષ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. ૧૨ ટકાના તાજેતરના ઉછાળા છતાં, ચીની શેરનો ઈન્ડેક્સ હજુ પણ એક વર્ષ અને ત્રણ વર્ષની મુદતમાં અનુક્રમે ૧૦ ટકા અને ૨૯ ટકા નીચે છે.

ચીનના સીએસઆઈ ૩૦૦ ઈન્ડેક્સ ૧૧ટના ૧૨ મહિનાના પીઈ મલ્ટિપલ પર ટ્રેડ થઈ રહ્યો છે. જો આપણે સરખામણી કરીએ તો, ભારતીય બજાર ૨૦ ગણા પીઈ મલ્ટિપલ પર છે અને તાઈવાન ૧૭.૪ ગણા પીઈ મલ્ટિપલ પર છે. એક્સ-ચાઈના ઈન્ડેક્સમાં આ બંનેનું મુખ્ય ભારણ છે.

**સોનાનો ભાવ પ્રતિ તોલા રૂ.875ના ઘટાડા સાથે રૂ.66575 થયો**

# ડોલરની સરખામણીએ રૂપિયામાં ઐતિહાસિક ધોવાણ, સોના-ચાંદીમાં પણ કડાકો

(એજન્સી) મુંબઈ | હોળી પર્વની પહેલા શુક્રવારે બપોરે ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં મોટો ઘટાડો નોંધાયો હતો. તે ઐતિહાસિક ઘટાડા બાદ તેની ઓલટાઈમ નીચી સપાટીએ પહોંચી ગયો હતો. અમેરિકી ડોલર સામે રૂપિયો 35 પૈસા ઘટીને 83.48 રૂપિયા પર બંધ થયો. અગાઉ, રૂપિયાનું સૌથી નીચું સ્તર 83.40 હતું, જે 13 ડિસેમ્બર, 2023 ના રોજ સ્પર્શ્યું હતું. શુક્રવારે સવારે ભારતીય ચલણ ડૉલરના મુકાબલે 83.28 રૂપિયાના સ્તરે ખુલ્યું હતું. સાંજ સુધીમાં તેમાં વધુ ઘટાડો થયો. અન્ય વિદેશી કરન્સી યુરો અને પાઉન્ડ સામે પણ ડૉલર મજબૂત થયો છે.સ્વિસ નેશનલ બેંક (SNB) દ્વારા વ્યાજદરમાં અણધાર્યા ઘટાડાથી પણ રૂપિયાના મૂલ્ય પર અસર પડી હતી. SNBએ વ્યાજ દરોમાં 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને 1.5 ટકા કર્યો છે. આ પછી, અપેક્ષાઓ વધી છે કે યુરોપિયન સેન્ટ્રલ બેંક (ECB) જૂન 2024 માં પણ વ્યાજ દરમાં ઘટાડો કરી શકે છે. શુક્રવારે એશિયાની અન્ય કરન્સીમાં પણ ઘટાડો થયો હતો. જેના કારણે ડોલર સામે રૂપિયો 35 પૈસા તૂટ્યો હતો. ઈન્ટ્રાડે ટ્રેડમાં તે ડોલર સામે ઘટીને 83.52ના સ્તરે પહોંચી ગયો હતો.બીએનપી પરિબાસ દ્વારા શેરખાનના સંશોધન વિશ્લેષક અનુજ ચૌધરીના જણાવ્યા અનુસાર, યુરો અને પાઉન્ડમાં નબળાઈને કારણે યુએસ ડોલર મજબૂત થયો છે. બેન્ક ઓફ ઈંગ્લેન્ડ દ્વારા વ્યાજદરમાં કોઈ ફેરફાર ન કરવાને કારણે પાઉન્ડમાં ઘટાડો થયો છે. અમેરિકાના મજબૂત આર્થિક ડેટાએ પણ ડૉલરને મજબૂત કરવામાં મદદ કરી.વિશ્વની છ સૌથી મોટી કરન્સી સામે યુએસ ચલણની મજબૂતાઈ દર્શાવતો ડૉલર ઈન્ડેક્સ શુક્રવારે 0.31 ટકા વધીને 104.32 પર પહોંચ્યો હતો. વૈશ્વિક તેલ બેન્ચમાર્ક પણ 0.05 ટકા વધીને બેરલ દીઠ 85.74 ડોલર પર પહોંચી ગયો છે. અનુજ ચૌધરીના મતે હાલમાં આ તમામ સંજોગો રૂપિયાની નબળાઈ તરફ ઈશારો કરી રહ્યા છે. જો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ડોલરનું વેચાણ કરે તો તે રૂપિયાને સ્થિર કરવામાં મદદ કરી શકે છે.

શુક્રવારે BSE સેન્સેક્સ 190.75 પોઈન્ટ અથવા 0.26 ટકાના વધારા સાથે 72,831.94 પોઈન્ટ પર બંધ થયો હતો. આ સિવાય NSEનો નિફ્ટી 84.80 પોઈન્ટ અથવા 0.39 ટકા વધીને 22,096.75 પોઈન્ટ પર પહોંચ્યો છે. સ્ટોક એક્સચેન્જના ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) એ ગુરુવારે રૂ. 1,826.97 કરોડના શેરનું વેચાણ કર્યું હતું. દરમિયાન શુક્રવારે સોનાનો ભાવ પ્રતિ તોલા રૂ.875ના ઘટાડા સાથે રૂ.66575 અને ચાંદીનો ભાવ પણ રૂ.760 ઘટીને રૂ.76990 થયો હતો.

# ફોરેક્સ રિઝર્વ 642 અબજ ડોલરની વિક્રમી ટોચે

**વિવિધ પરિબળોના ટેકા સાથે બે સપ્તાહમાં કુલ 16.86 અબજ ડોલરથી વધુનો ઉમેરો**

**ગોલ્ડ રિઝર્વ પણ 42.50કરોડ ડોલર વધી 51.14 અબજ ડોલર પહોંચ્યું**

(એજન્સી) મુંબઈ | વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ)ના ભારતીય શેરબજારમાં નોંધપાત્ર ઈન્ફ્લોઝને પરિણામે ૧૫મી માર્ચના સમાપ્ત થયેલા સપ્તાહના અંતે દેશનું ફોરેક્સ રિઝર્વ વધી ૬૪૨ અબજ ડૉલરની ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યું છે. ફોરેક્સ રિઝર્વમાં સતત ચોથા સપ્તાહમાં વધારો જોવા મળ્યો છે. ૧૫મી માર્ચના સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વ ૬.૩૯ અબજ ડોલર વધી ૬૪૨.૪૯ અબજ ડોલર થયું છે. તે પહેલાના સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વમાં ૧૦.૪૭ અબજ ડોલરનો વધારો થયો હતો. આ અગાઉ ૨૦૨૧ના ૮ સપ્ટેમ્બરના સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વનો આંક ૬૪૨.૪૫ અબજ ડોલર જોવાયો હતો જે અત્યારસુધીનો ઓલ ટાઈમ હાઈ હતો. બે સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વમાં ૧૬.૮૬ અબજ ડોલરનો ઉમેરો જોવા મળ્યો છે.



વૈશ્વિક ઘટનાક્રમોને પગલે રૂપિયા પર આવેલા દબાણને પરિણામે રિઝર્વ બેન્કે કરવી પડેલી દરમિયાનગીરીથી ફોરેક્સ રિઝર્વમાં ઘટાડો થયો હતો. દેશનું ગોલ્ડ રિઝર્વ પણ ૪૨.૫૦ કરોડ ડોલર વધી ૫૧.૧૪ અબજ ડોલર રહ્યું હોવાનું રિઝર્વ બેન્કના આંકડા જણાવે છે. યુરો, પાઉન્ડ તથા યેન જેવા બિન-ડોલર ચલણોમાં વધઘટની અસરને પ્રદર્શિત કરતી ફોરેન કરન્સી એસેટસ વધી ૫૬૮.૩૮ અબજ ડોલર રહી છે.

ભારતીય અર્થતંત્રનો વિકાસ દર વર્તમાન નાણાં વર્ષમાં ૭.૬૦ ટકા રહેવા અપેક્ષા છે. જે વિશ્વના અન્ય દેશોમાં સૌથી વધુ છે. અર્થતંત્રની મજબૂત સ્થિતિને કારણે ૨૦૨૩માં વિદેશી ફન્ડોએ ભારતીય ઈક્વિટીઝમાં ૨૦.૭૦ અબજ ડોલરનો ઈન્ફલોઝ ઠાલવ્યો છે. વર્તમાન વર્ષમાં અત્યારસુધીમાં ૧.૮૫ અબજ ડોલરનો ઈન્ફલોઝ જોવા મળ્યો છે.

વૈશ્વિક બોન્ડ ઈન્ડેકસમાં ભારતના સમાવેશથી પણ નોંધપાત્ર ફલોઝની શકયતા રહેલી છે. દેશમાં આવેલા ડોલર ફલોઝનો ઉપયોગ રિઝર્વ બેન્કે ડોલર સામે રૂપિયાના ઘસારાને અટકાવવા માટે કર્યો હોવાનું રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું. ફોરેક્સ રિઝર્વની જંગી માત્રા રિઝર્વ બેન્કને રૂપિયામાં ઘસારાને અટકાવવામાં ટેકો પૂરો પાડે છે. ફોરેક્સ રિઝર્વનું વર્તમાન સ્તર દેશના ૧૧ મહિનાના આયાત બિલને પહોંચી વળવા માટે પૂરતું છે.

**દંડ ફ્લાઈટ સેવાના સમયગાળાને મર્યાદિત કરવા માટે લગાવાયો**

# એર ઈન્ડિયા સામે DGCAની મોટી કાર્યવાહી, 80 લાખનો કેમ ભરવો પડશે દંડ?

(એજન્સી) મુંબઈ | DGCAએ આ વર્ષે જાન્યુઆરીમાં એર ઈન્ડિયાનું ઓન-ધ-સ્પોટ ઓડિટ કર્યું હતું. આ સમયગાળા દરમિયાન એકત્ર કરાયેલા તમામ પુરાવાઓના આધારે દંડ ફટકારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.એવિએશન સેક્ટર રેગ્યુલેટર DGCAએ શુક્રવારે એર ઈન્ડિયા પર ભારે દંડ લગાવવાનો નિર્ણય કર્યો છે. રિપોર્ટ અનુસાર, એર ઈન્ડિયા પર 80 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ દંડ ફ્લાઈટ સેવાના સમયગાળાને મર્યાદિત કરવા માટે લગાવવામાં આવ્યો છે. ઉપરાંત, આ એરલાઈન પર ક્રૂ માટે થાક પ્રબંધન પ્રણાલી સંબંધિત ધોરણોને અવગણવાનો આરોપ છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન DGCAએ જાન્યુઆરીમાં એર ઈન્ડિયાનું ઓન-



ધ-સ્પોટ ઓડિટ કર્યું હતું. આ સમયગાળા દરમિયાન એકત્ર કરાયેલા પુરાવાના આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે.DGCA દ્વારા આજે આ અંગે એક નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું. “અહેવાલ અને પુરાવાઓના વિશ્લેષણથી જાણવા મળ્યું છે કે એર ઈન્ડિયા લિમિટેડે બંને ક્રૂ મેમ્બર સાથે ફ્લાઈટ્સ ઉડાવી હતી, એરલાઈન તેના ક્રૂને પર્યાપ્ત સાપ્તાહિક આરામ અને લાંબી ફ્લાઈટ્સ પહેલા અને પછી પર્યાપ્ત આરામ આપવામાં નિષ્ફળ રહી હતી. નિયમનકારે 1 માર્ચે એર ઈન્ડિયાને ઉલ્લંઘન અંગે કારણ બતાવો નોટિસ જારી કરી હતી. આ નોટિસ અંગે એરલાઈન્સનો જવાબ સંતોષકારક જણાયો ન હતો. બીજી તરફ, DGCA એ પાઈલોટ્સ માટે સુધારેલા ફ્લાઈંગ સર્વિસના ધોરણોને લાગુ કરવા માટે 1 જૂનની સમયમર્યાદા ન લંબાવવાનો નિર્ણય કર્યો છે. ઉડ્ડયન નિયમનકારે એરલાઈન્સને 15 એપ્રિલ સુધીમાં સુધારેલા પ્લાન સબમિટ કરવા જણાવ્યું છે. ફેડરેશન ઓફ ઈન્ડિયન એરલાઈન્સ (FIA) એ આ અંગે ઓછામાં ઓછા બે વખત રેગ્યુલેટરને પત્ર લખ્યો હતો. જેમાં 8 જાન્યુઆરીએ જારી કરાયેલા ફ્લાઈટ સેવા સમય મર્યાદાના સુધારેલા ધોરણોને લાગુ કરવા માટે વધુ સમય માંગવામાં આવ્યો હતો. FIAમાં એર ઈન્ડિયા, સ્પાઈસ જેટ અને ઈન્ડિગોનો સમાવેશ થાય છે. 1 જૂનથી લાગુ થવા જઈ રહેલા નવા નિયમો હેઠળ પાઈલટોને આરામ કરવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો છે, જેથી તેમનો થાક દૂર થઈ શકે.

## FMCG, ટેલિકોમ્યુનિકેશન્સ તથા નાણાંકીય શેરોમાં FPIની માર્ચમાં સૂચક લેવાલી

મુંબઈ | વર્તમાન મહિનાના પ્રથમ પખવાડિયામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ)એ ફાસ્ટ મુવિંગ કન્ઝયૂમર ગુડસ (એફએમસીજી), ટેલિકમ્યુનિકેશન્સ, નાણાંકીય તથા સેવા ક્ષેત્રના શેરોમાં અંદાજે રૂપિયા ૩૧૦૦૦ કરોડ ઠાલવ્યાનું પ્રાપ્ત આંકડા પરથી જણાય છે. માર્ચના પ્રથમ પંદર દિવસમાં વિદેશી રોકાણકારોએ એફએમસીજી ક્ષેત્રમાં રૂપિયા ૧૧૧૮૦ કરોડ તથા ટેલિકમ્યુનિકેશન્સમાં રૂપિયા ૬૬૪૮ કરોડ ઠાલવ્યા છે. એફએમસીજી ક્ષેત્રમાં મોટો હિસ્સો રહેવા પાછળનું કારણ બ્લોક ડીલ છે. આઈટીસીમાં બ્રિટિશ અમેરિકન ટોબેકોએ રૂપિયા ૧૭૦૦૦ કરોડમાં ૩.૫૦ ટકા હિસ્સાનું વેચાણ કર્યું છે.આઈટીસીમાં ડીલ ન થયું હોત તો, આ ક્ષેત્રમાં નેગેટિવ આઉટફલોઝ જોવા મળ્યો હોત. મંદ ગ્રામ્ય માગને પરિણામે એફએમસીજી ક્ષેત્ર હાલમાં દબાણ હેઠળ છે. એફએમસીજી ક્ષેત્રમાં અર્થપૂર્ણ વોલ્યુમ વૃદ્ધિ જોવા મળવામાં હજુ સમય લાગશે એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું.

## ન્યૂઝીલેન્ડ 18 મહિનામાં બીજી વખત મંદીમાં ગરકાવ

અમદાવાદ | કોરોના મહામારી સમયે દરેક દેશે આપેલા આર્થિક સપોર્ટની નકારાત્મક અસરો હવે ૩-૪ વર્ષે તેમના અર્થતંત્ર પર જોવા મળી રહી છે. અમેરિકા, બ્રિટન, યુરોઝોન અને હવે ન્યૂઝીલેન્ડની હાલત પણ ખૂબ જ કપરી થઈ ગઈ છે. ન્યૂઝીલેન્ડ ૧૮ મહિનામાં બીજી વખત મંદીમાં સપડાયો છે. ન્યૂઝીલેન્ડના સત્તાવાર આર્થિક આંકડા અનુસાર દેશની અર્થવ્યવસ્થા ડિસેમ્બર ક્વાર્ટર દરમિયાન ૦.૧ ટકા સંકોચાઈ છે. આ સિવાય માથાદીઠ આવક ધોરણે પણ ૦.૭ ટકાનો ઘટાડો થયો છે.ન્યૂઝીલેન્ડની સત્તાવાર આંકડાકીય એજન્સી સ્ટેટ્સ એનઝેડએ ૨૦૨૩ના અંતિમ ક્વાર્ટર માટે જાહેર કરેલા આંકડાઓએ પુષ્ટિ કરી છે કે ન્યૂઝીલેન્ડની અર્થવ્યવસ્થા દોઢ વર્ષમાં બીજી વખત મંદીમાં આવી છે. અગાઉ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં પણ આ દેશના જીડીપીમાં ૦.૩ ટકાનો ઘટાડો અને ડિસેમ્બર ક્વાર્ટરમાં ૦.૧ ટકાનો ઘટાડો મંદીની વ્યાખ્યાને પૂર્ણ કરે છે.

# આગામી ત્રણ -ચાર મહિનામાં ભારતમાં CNG બાઈક દોડતી જોવા મળશે, સ્વદેશી કંપનીએ તૈયાર કરી મોટરસાઇકલ

(એજન્સી) મુંબઈ | ભારતીય ટુ-વ્હીલર ઉત્પાદક બજાજ ઓટો સ્વચ્છ ઇંધણ CNG પર ચાલતી મોટરસાઈકલનો પોર્ટફોલિયો બનાવવામાં વ્યસ્ત બની છે અને આ વર્ષે જૂનમાં આવી પ્રથમ બાઈક લોન્ચ કરવાની યોજના બનાવી રહી છે.બજાજ ઓટોના મેનેજિંગ ડિરેક્ટર રાજીવ બજાજે શુક્રવારે જણાવ્યું હતું કે સ્વચ્છ ઇંધણ પર ચાલતી પ્રથમ બાઈક જૂનમાં બજારમાં આવશે. ભારતીય ટુ-વ્હીલર ઉત્પાદક બજાજ ઓટો સ્વચ્છ ઇંધણ CNG પર ચાલતી મોટરસાઈકલનો પોર્ટફોલિયો બનાવવામાં વ્યસ્ત બની છે અને આ વર્ષે જૂનમાં આવી પ્રથમ બાઈક લોન્ચ કરવાની યોજના બનાવી રહી છે.



બજાજ ઓટોના મેનેજિંગ ડિરેક્ટર રાજીવ બજાજે શુક્રવારે જણાવ્યું હતું કે સ્વચ્છ ઇંધણ પર ચાલતી પ્રથમ બાઈક જૂનમાં બજારમાં આવશે. તેમણે કહ્યું કે નવી બાઈક આર્થિક મુસાફરી પ્રત્યે જાગૃત ગ્રાહકોને લક્ષ્ય બનાવશે અને તેને અલગ બ્રાન્ડ હેઠળ બજારમાં લોન્ચ કરવામાં આવી શકે છે. જો કે, બજાજે કહ્યું કે આ બાઈકના ઉત્પાદનની કિંમત વધુ હોવાને કારણે તેની કિંમત પેટ્રોલ બાઈક કરતા વધારે હોઈ શકે છે.પલ્સર બાઈક 20 લાખ યુનિટ પૂર્ણ કરશે. બજાજે એમ પણ કહ્યું હતું કે 20 વર્ષ પહેલા લોન્ચ કરાયેલી પલ્સર બાઈકનું વેચાણ ટૂંક સમયમાં 20 લાખ યુનિટનો આંકડો પાર કરે તેવી અપેક્ષા છે.તેમણે બજાજ ગ્રૂપને આગામી પાંચ વર્ષમાં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) માટે રૂ. 5,000 કરોડ ખર્ચવાની પ્રતિબદ્ધતા પણ દર્શાવી હતી.આ પગલાંથી બે કરોડથી વધુ ભાવિ યુવાનોને ફાયદો થશે અને તેઓ ભારતની વધતી અર્થવ્યવસ્થા દ્વારા આપવામાં આવતી રોજગાર અને ઉદ્યોગસાહસિકતાની તકોનો લાભ લેવા સક્ષમ બનશે.

# અનિલ અંબાણીની રિલાયન્સ પાવર બતાવશે પાવર, એક ડિલથી શેરમાં આવ્યો ઉછાળો

(એજન્સી) મુંબઈ | અનિલ અંબાણીની મનપસંદ કંપનીઓમાંની એક અદાણી પાવરે JSW એનર્જીના એક યુનિટ સાથે મોટો સોદો કર્યો છે. આ ડીલ હેઠળ JSW એનર્જીનું યુનિટ રિલાયન્સ પાવરનો પ્રોજેક્ટ હસ્તગત કરશે. ચાલો તમને એ પણ જણાવીએ કે આખરે શું છે આખો મામલો. આ ડીલથી અનિલ અંબાણીને કેટલો ફાયદો થશે?છેલ્લા કેટલાક દિવસોથી અનિલ અંબાણીના દિવસો ખૂબ જ સારા ચાલી રહ્યા છે. આ સારા દિવસો લાવવાનું કામ રિલાયન્સ પાવરે કર્યું છે. કંપની તેના દેવાની ઝડપથી પતાવટ કરી રહી છે. હવે રિલાયન્સ પાવરે વધુ એક ડીલ કરી છે, જેનાથી અનિલ અંબાણીને મોટો ફાયદો થઈ શકે છે. વાસ્તવમાં, JSW એનર્જીના એકમ JSW રિન્યુએબલ એનર્જીએ મહારાષ્ટ્રના વૉશપેટમાં રિલાયન્સ પાવરના 45 મેગાવોટ વિન્ડ એનર્જી પ્રોજેક્ટને રૂ. 132 કરોડમાં હસ્તગત કરવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ચાલો તમને એ પણ જણાવીએ કે શું છે આખી ડીલ?રિલાયન્સ પાવરે શુક્રવારે શેરબજારને આપેલી માહિતીમાં જણાવ્યું હતું કે JSW રિન્યુએબલ એનર્જી (ક્વોટેડ) લિમિટેડ JSW નીઓ એનર્જી લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે. આ મુજબ રિલાયન્સ પાવરે મહારાષ્ટ્રના વોશપેટમાં તેના 45 મેગાવોટ પવન ઉર્જા પ્રોજેક્ટના વેચાણ માટે JSW રિન્યુએબલ એનર્જી સાથે 132 કરોડ રૂપિયામાં વેચાણ કરાર કર્યા છે. આ ડીલ 21 મે, 2024 સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.



રિલાયન્સ પાવરનું લક્ષ્ય આ નાણાકીય વર્ષના અંત સુધીમાં દેવું મુક્ત કંપની બનવાનું છે. 31 માર્ચ, 2023 સુધીમાં, રિલાયન્સ પાવરનું કુલ દેવું લગભગ રૂ. 700 કરોડ હતું. રિલાયન્સ પાવર બેંકો સાથે તેની બાકી લોન ચૂકવી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ મહિનામાં તેણે ત્રણ બેંકો - DBS બેંક, ICICI બેંક અને એક્સિસ બેંક સાથે તેની લોન ચૂકવી દીધી છે.બીજી તરફ શુક્રવારે રિલાયન્સ પાવરના શેરમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. શુક્રવારે કંપનીના શેરમાં 5 ટકાની અપર સર્કિટ જોવા મળી હતી. આખા દિવસ દરમિયાન કંપનીનો શેર રૂ.26.27 પર બંધ રહ્યો હતો. લગભગ 10 દિવસમાં કંપનીએ રોકાણકારોને 29 ટકા વળતર આપ્યું છે. નિષ્ણાતોનું માનીએ તો કંપનીનો શેર ટૂંક સમયમાં તેની 52 સપ્તાહની ઊંચી સપાટી બ્રેક કરી શકે છે. રિલાયન્સ પાવર 8 જાન્યુઆરીએ રૂ. 33.10ની 52 સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચી ગયો હતો, હવે તેને સ્થિતી પર પહોંચવા માટે શેર માત્ર 7 રૂપિયા જ પાછળ છે.

## Zomato ના CEO દીપિંદર ગોયલે મૈક્સિકન મૉડલ સાથે કર્યા લગ્ન

(એજન્સી) નવી મુંબઈ | ઓનલાઈન ફૂડ ડિલિવરી ફર્મ Zomatoના કો-ફાઉન્ડર અને CEO દીપેન્દ્ર ગોયલે તાજેતરમાં જ બીજા લગ્ન કર્યા છે. મળતી માહિતી પ્રમાણે તેમણે મેક્સિકન મોડલ સાથે લગ્ન કર્યા છે અને હાલમાં જ તે હનીમૂન પરથી પરત ફર્યા છે. ગોયલના આ બીજા લગ્ન હોવાનું કહેવાય છે. તેમના પ્રથમ લગ્ન IIT-દિલ્હીમાં તેમના ક્લાસમેટ કંચન જોશી સાથે થયા હતા.એક અહેવાલ અનુસાર, દીપેન્દ્ર ગોયલે મેક્સિકન મોડલ ગ્રેસિયા મુનોઝ સાથે લગ્ન કર્યા છે. રિપોર્ટમાં સૂત્રોને ટાંકીને દાવો કરવામાં આવ્યો છે કે, ગોયલ અને મુનોજ ફેબ્રુઆરી મહિનામાં જ હનીમૂન મનાવીને પરત ફર્યા છે.



ગ્રેસિયા મુનોઝ (Grecia Munoz) મેક્સિકોમાં જન્મેલી મોડલ છે. તે એક ટેલિવિઝન હોસ્ટ પણ છે. સાથે જ વર્ષ 2022માં અમેરિકામાં મેટ્રોપોલિટન ફેશન વીકની વિજેતા રહી ચૂકી છે. તે હાલમાં ભારતમાં છે, જેની માહિતી તેણે ઈન્સ્ટાગ્રામ પર આપી છે. જાન્યુઆરી મહિનામાં પણ તેણે ભારતની ઘણી તસવીરો શેર કરી હતી. દીપન્દર ગોયલે 41 વર્ષના તેમણે વર્ષ 2008માં Zomatoની શરૂઆત કરી હતી. તે પહેલા ગોયલ બેઈન એન્ડ કંપનીમાં કામ કરતા હતા. Zomato સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ કંપની છે. બજારના હિસાબે હાલમાં કંપનીની કિંમત 1.5 લાખ કરોડ રૂપિયા છે. આ રીતે, ઝોમેટોની ગણતરી ભારતીય સ્ટાર્ટઅપ કંપનીઓમાં થાય છે.

# ઈન્ડિયન ઓઇલનું 'સ્ટોર્મ-અલ્ટીમેટ રેસિંગ ફ્યુઅલ' 'ઓફિશિયલ ફ્યુઅલ પાર્ટનર' તરીકે થાઈલેન્ડમાં એશિયા રોડ રેસિંગ ચેમ્પિયનશિપને વેગ આપે છે

(એજન્સી) મુંબઈ | ભારતની ઉર્જા ક્ષેત્રની અગ્રણી કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડે તેના તદ્દન નવા અને સર્વોત્તમ ક્ષમતા ધરાવતા ફ્યુઅલ , 'સ્ટોર્મ-અલ્ટીમેટ રેસિંગ ફ્યુઅલ' સાથે એશિયા રોડ રેસિંગ ચેમ્પિયનશિપ (એઆરઆરસી)-2024માં ઓફિશિયલ ફ્યુઅલ પાર્ટનર તરીકે ભવ્ય પદાર્પણ કર્યું હતું. સ્ટોર્મે થાઈલેન્ડના બુરિરામમાં ચાંગ ઈન્ટરનેશનલ સર્કિટ ખાતે ચેમ્પિયનશિપના પ્રારંભિક રાઉન્ડ દરમિયાન તમામ રેસિંગ બાઈકોને ઈંધણ પૂરું પાડ્યું હતું. એઆરઆરસી ચેમ્પિયનશિપ થાઈલેન્ડ, ચીન, જાપાન, ઈન્ડોનેશિયા, મલેશિયામાં પ્રવાસ કરશે અને તેનો અંતિમ તબક્કો થાઈલેન્ડમાં યોજાશે.

ઈન્ડિયનઓઈલ એ એકમાત્ર ભારતીય ઊર્જા કંપની છે જેને તમામ એઆરઆરસી ઈવેન્ટ્સમાં ભાગ લેનારી બાઈકોને ત્રણ વર્ષના સમયગાળા માટે 'સ્ટોર્મ- અલ્ટિમેટ રેસિંગ ફ્યુઅલ' પૂરું પાડવા ચેમ્પિયનશિપના સત્તાવાર ફ્યુઅલ પાર્ટનરતરીકે આ સન્માન પ્રાપ્ત થયું છે. ઉચ્ચસ્તરીય રેસિંગ પ્રતિભા માટે પ્રખ્યાત, એઆરઆરસીએ અગ્રણી રેસિંગના ચાહકો સાથે ઈન્ડિયન ઓઈલની ભાગીદારીને ઉત્સાહપૂર્વક આવકારી હતી, જેનાથી મોટરસ્પોર્ટ ક્ષેત્રમાં વિશ્વસનીય ફ્યુઅલ પાર્ટનર તરીકે ઈન્ડિયન ઓઈલનું સ્થાન મજબૂત થયું હતું.

ઈન્ડિયન ઓઈલના સ્ટોર્મના પરફોર્મન્સની વિશ્વભરની પ્રતિષ્ઠિત રેસિંગ ટીમો દ્વારા ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. પ્રખ્યાત ટીકેકેઆર બીએમડબ્લ્યુ રેસિંગ ટીમના ટીમ મેનેજરે જણાવ્યું હતું કે, ' સ્ટોર્મનો ઉપયોગ કરવાનો અનુભવ અત્યંત અદભૂત રહ્યો હતો, તેના કારણે રેસિંગ બાઈકની ઝડપમાં નોંધપાત્ર વધારો થયો હતો. ગયા વર્ષે, આ જ સર્કિટમાં માત્ર ગણતરીની બાઈક્સ 300 કિમી/કલાકની ઝડપે પહોંચી શકી હતી, પરંતુ આ વર્ષે ઈન્ડિયન ઓઈલના સ્ટોર્મે દરેક રેસર બાઈકને 300 કિમી/કલાકની ઝડપે પહોંચાડી હતી'. સ્ટોર્મ- અલ્ટિમેટ રેસિંગ ફ્યુઅલને ઉચ્ચ-કાર્યક્ષમતા ધરાવતા ગેસોલિન તરીકે વિકસાવવામાં આવ્યું છે, જે એન્ડ્યુરો, ટ્રાયલ, સર્કિટ રેસિંગ, મોટોક્રોસ અને સુપરમોટો, ક્રોસ-કન્ટ્રી, ઈ-બાઈક અને ટ્રેકરેસિંગ સહિત વિવિધ રેસિંગ સર્કિટની સખત માંગ માટે ખાસ તૈયાર કરવામાં આવ્યું છે. આ વિશિષ્ટ ફ્યુઅલ એફઆઈએમ કેટેગરી 2 રેસ ફ્યુઅલની જરૂરિયાતોને પૂર્ણ કરે છે, જે સ્વિટ્ઝર્લેન્ડની એફઆઈએમ દ્વારા માન્ય મેસર્સ ઈન્ટરટેકની માન્યતા ધરાવે છે અને આ સ્પર્ધાઓ સાથે જોડાયેલાં મોટરબાઈકના તમામ વર્ગોની જરૂરિયાતો પૂર્ણ કરેછે.

એઆરઆરસી તરીકે જાણીતી એશિયા રોડ રેસિંગ ચેમ્પિયનશિપ, એશિયા-પેસિફિક ક્ષેત્રની સૌથી પ્રતિષ્ઠિત અને સ્પર્ધાત્મક ટુ-વ્હીલ્ડ રેસિંગ શ્રેણીઓમાંની એક છે. સુપર બાઈક 1000, સુપર સ્પોર્ટ્સ 600, પ્રોડક્શન 250, અંડરબોન 150 અને ટીવીએસ એશિયા વનમેક જેવી વિવિધ કેટેગરીમાં ફેલાયેલી એઆરઆરસી, એશિયા-પેસિફિકમાં સ્પર્ધાત્મક રેસિંગના શિખરનું પ્રતિનિધિત્વ કરે છે. આંતરરાષ્ટ્રીયસ્તરે

'સ્ટોર્મ- અલ્ટિમેટ રેસિંગ ફ્યુઅલ'નું આગમન કડક આંતરરાષ્ટ્રીય ધારાધોરણોનું પાલન કરીને વિશિષ્ટ ઈંધણનું ઉત્પાદન કરવામાં ઈન્ડિયન ઓઈલની નવીનતા અને કુશળતામાં નોંધપાત્ર પ્રગતિનું પ્રતીક છે.

## રાજકીય પક્ષોને કંપનીઓએ આપ્યું કરોડોનું દાન, ચૂંટણી પંચે આખી યાદી જાહેર કરી

(એજન્સી) મુંબઈ | ચૂંટણી પંચે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી ઈલેક્ટોરલ બોન્ડનો સંપૂર્ણ ડેટા માંગ્યો હતો જેને SBI દ્વારા સોંપવામાં આવ્યો છે. ચૂંટણી પંચે તેની સત્તાવાર વેબસાઈટ પર પણ આ માહિતી અપલોડ કરી છે જેમાં કઈ કંપની દ્વારા કઈ રાજકીય પાર્ટીને કેટલું ડોનેશન આપવામાં આવ્યું છે તેની માહિતી પણ ઉપલબ્ધ છે.ચૂંટણી પંચે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી ઈલેક્ટોરલ બોન્ડનો સંપૂર્ણ ડેટા માંગ્યો હતો જેને SBI દ્વારા સોંપવામાં આવ્યો છે. ચૂંટણી પંચે તેની સત્તાવાર વેબસાઈટ પર પણ આ માહિતી અપલોડ કરી છે જેમાં કઈ કંપની દ્વારા કઈ રાજકીય પાર્ટીને કેટલું ડોનેશન આપવામાં આવ્યું છે તેની માહિતી પણ ઉપલબ્ધ છે. ડેટામાં ખુલાસો થયો છે કે ઘણી કંપનીઓએ ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ સહીત ઘણી રાજકીય પાર્ટીઓને દાન તરીકે કરોડો રૂપિયા આપ્યા છે. રાજકીય પક્ષોને દાન આપતી ટોચની કંપનીઓમાં વેદાંત ગ્રૂપનો નંબર આવે છે. આ જૂથે કોંગ્રેસને 104 કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. કંપનીઓ રાજકીય પક્ષોને ગુપ્ત દાન આપી શકતી હતી તે સમયગાળા દરમિયાન પણ ઘણી કંપનીઓએ રાજકીય પક્ષોને દાન આપ્યું હતું.

અન્ય એક કંપનીએ વર્ષ 2019માં તૃણમૂલના સૌથી મોટા દાતા હતા. તે સમયે તેમણે ભાજપને 466.31 કરોડ રૂપિયા અને કોંગ્રેસને 70.77 કરોડ રૂપિયા આપ્યા હતા.

ચૂંટણી બોન્ડનો ઉપયોગ કરવો એકદમ સરળ છે. આ બોન્ડ રૂ. 1,000ના ગુણાંકમાં ઓફર કરવામાં આવે છે, જેમ કે રૂ. 1,000, રૂ. 10,000, રૂ. 100,000 અને રૂ. 1 કરોડ. તમને આ SBIની કેટલીક શાખાઓમાં મળે છે. કોઈપણ દાતા કે જેની પાસે KYC- સુસંગત ખાતું છે તે આ પ્રકારના બોન્ડ ખરીદી શકે છે. અને બાદમાં આ કોઈપણ રાજકીય પક્ષને દાન કરી શકાય છે. આ પછી રીસીવર તેને રોકડમાં કન્વર્ટ કરી શકે છે. પાર્ટીના વેરિફાઈડ એકાઉન્ટનો ઉપયોગ તેને એનકેશ કરવા માટે કરવામાં આવે છે. ઈલેક્ટોરલ બોન્ડ પણ માત્ર 15 દિવસ માટે જ માન્ય રહે છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2080, ફાગણ સુદ-14**

# ચૂંટણી પંચ પર સ્પષ્ટતા

એડિટર

સર્વોચ્ચ ન્યાયાલયે બિલકુલ યોગ્ય જ કહ્યું કે તે આ સમયે ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિ સંબંધી કાયદા પર રોક ન લગાવી શકે, કારણ કે તેનાથી અરાજકતા પેદા થઈ જશે. બે ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિના બીજા જ દિવસે ચૂંટણીની તારીખો જાહેર થઈ છે અને હવે નિયુક્તિ સંબંધી કોઈપણ વિવાદ ચૂંટણી પ્રક્રિયા જ નહીં, આખી રાજનીતિને જટિલ બનાવી શકે છે. તેથી અદાલતે કોઈ ઉતાવળ ન કરતાં કેસની આગામી સુનાવણી ૫ ઓગસ્ટે કરવાનો ફેંસલો કર્યો છે, ત્યાં સુધી નવી સરકાર પોતાનું કામ શરૂ કરી ચૂકી હશે. અસલમાં વિવાદ એ વાત પર છે કે નવા કાયદા અંતર્ગત ચૂંટણી કમિશ્નરોની પસંદગીથી મુખ્ય ન્યાયાધીશને અલગ રાખવામાં આવ્યા છે અને તેમની જગ્યાએ એક કેન્દ્રીય મંત્રી પસંદગી સમિતિમાં સામેલ કરવામાં આવેલ છે. ચૂંટણી પંચમાં બંને નવી નિયુક્તિઓ મુખ્ય ન્યાયાધીશની મરજી વિના થઈ છે, પરંતુ જરૂરી નથી કે મુખ્ય ન્યાયાધીશ સમિતિમાં હોય તે જ સમિતિ સ્વતંત્ર અને નિષ્પક્ષ હોય, બાકી નહીં! એટલે જ હાલમાં સર્વોચ્ચ ન્યાયાલયનું વલણ પણ સરકારને અનુરૂપ જ છે. ચૂંટણી કમિશ્નરોની પસંદગી સંબંધે પહેલાં નિશ્ચિત કાયદો ન હતો અને હવે જ્યારે સુપ્રીમના કહેવાથી સરકારે કાયદો બનાવી જ લીધો છે તો એ કાયદા પર ફરી પાછો સવાલ ઉઠાવવો સહેજ પણ યોગ્ય નથી. જોકે પસંદગી પ્રક્રિયાના ગુણદોષ પર ન્યાયાલય વિચાર કરી શકે છે. ન્યાયાલયને એ પણ લાગ્યું છે કે ચૂંટણી કમિશ્નરોની નિયુક્ત માટે પસંદગી સમિતિને ઉમેદવારોની પૃષ્ઠભૂમિ સમજવા માટે યોગ્ય સમય આપવો જોઈતો હતો. પસંદગીમાં ઉતાવળના મુદ્દાને લઈને પસંદગી સમિતિના જ એક સદસ્ય કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીએ પણ વાંધો ઉઠાવ્યો હતો. ચૂંટણી કમિશ્નરોની નિયુક્તિ વહેલી થાય તે જોકે જરૂરી હતું અને અધીર રંજન વિરોધ પક્ષના નેતા છે તેથી તેમને કોઈપણ વાતે વાંકુ પડવાનું જ હતું. ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના, દીપાંકર દત્તા અને ઓગસ્ટીન જ્યોર્જ મસીહની પીઠે કમિશ્નરોની નિયુક્તિઓને પડકારતી અરજીઓ ફગાવી દીધી છે, પરંતુ નિયુક્તિમાં રહી ગયેલી કેટલીક ખામીઓ તરફ ઈશારો કરીને કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગવામાં આવ્યો છે. અદાલતે દોહરાવ્યું કે ચૂંટણી કમિશ્નરોની પસંદગી સ્વતંત્ર અને નિષ્પક્ષ હોવી જોઈએ. કમિશ્નરોની ઓળખ તેમના નિર્ણયોને કારણે જ થાય છે. જો કમિશ્નર પોતાના નિર્ણયોથી નિષ્પક્ષ ચૂંટણીના પક્ષધર દેખાય છે, તો તેનાથી લોકોને ખુશી પણ થાય છે અને દેશમાં સારા રાજકારણને બળ પણ મળે છે. હાલના દિવસોમાં ચૂંટણી પંચ પર સતત આંગળીઓ ઉઠાવવામાં આવી રહી છે. વિશેષ રૂપે વિપક્ષી નેતાઓને ચૂંટણી પંચ પાસે મોટી આશા છે. જે કમિશ્નરોની પસંદગીને પડકાર આપવામાં આવ્યો છે, તેમના માટે પણ આ ખુદને સાબિત કરવાનો મોકો છે. પંચની નકામી ફરિયાદ કરનારા લોકોએ પણ સજજાગ રહેવું જોઈએ, નિષ્પક્ષ ચૂંટણી બધાની જવાબદારી છે. એવું ન થવું જોઈએ કે આચાર સંહિતાની સ્વયં અવહેલના કરનારા ઉમેદવાર બીજાને ફસાવવા માટે કામ કરે. ચૂંટણીમાં ધનનો દુરુપયોગ રોકીને આદર્શ આચારસ ંહિતાના પાલનને જ જો સુનિશ્ચિત કરી દેવામાં આવે, તો ચૂંટણી પંચ અને કમિશ્નરોની સાર્થકતા જાતે જ સિદ્ધ થઈ જશે. પંચનાં પ્રારંભિક પગલાં જોતાં સાર્થકતા સિદ્ધ થાય એવું લાગી પણ રહ્યું છે.

# ડેડીયાપાડા પો.સ્ટે.માં પુરવઠાના જથ્થા બાબતે થયો હંગામો : જૂના કોન્ટ્રાકટરની અદેખાઈથી મામલો પોલીસ મથકે પહોંચ્યો



**જ્યારે આ બાબતે ડેડીયાપાડા પીઆઈ પી.જે.પંડ્યા એ જણાવ્યું કે નર્મદા પોલીસ કંટ્રોલ માં વર્દી લખાવ્યા બાદ અમારી પોલીસને જાણ કરતા ડેડીયાપાડા પોલીસ ત્યાં ગઈ અને તપાસ કરતા જાણવા મળ્યુ કે પુરવઠાનો આ જથ્થો પરમીટ વાળો કાયદેસર છે જેથી અમે કંટ્રોલ માં ખોટી વર્દી આપનાર વ્યક્તિને ખખડાવ્યો હતો.અને ટેમ્પો માં જથ્થો લઈ આવેલા વ્યક્તિને જવા દીધી.**



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં પુરવઠા ગોડાઉન પરથી અનાજનો જથ્થો દુકાન સુધી પહોંચાડવા વાહન માલિકો દ્વારા ટેન્ડર ભર્યા બાદ કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે જેમાં એક વિઘ્ન સંતોષી કોન્ટ્રાક્ટરે હાલ કામ કરતા કોન્ટ્રાકટર ને હેરાન કરવા પોલીસ ને ખોટી બાતમી આપી હેરાનગતિ કરી હોવાની વાત જાણવા મળી છે.

મળતી માહિતી મુજબ ડેડીયાપાડા તરફ વાહન દ્વારા પુરવઠા નો જથ્થો વહન કરતા એક કોન્ટ્રાકટર શુક્રવારે તુવેરદાળ નો જથ્થો પોતાના વાહન માં લઈ દુકાન પર આપવા જતા અચાનક રસ્તા માં ટેમ્પો બગડી જતાં આ બાબતની જાણ તેણે ગોડાઉન પર કર્યા બાદ બગડેલા ટેમ્પો માંથી જથ્થો બીજા ટેમ્પો માં ભરતી વેળા એક જૂના અને અદેખીયા કોન્ટ્રાક્ટરે આ રનિંગ કોન્ટ્રાકટર ને હેરાન કરવા નર્મદા પોલીસ કંટ્રોલ માં જાણ કરી દેતા ડેડીયાપાડા પોલીસ ઘટના સ્થળે પહોંચી કંટ્રોલ ની વદી મુજબ આ ટેમ્પો ને પોલીસ સ્ટેશને લઈ આવી ત્યાં પૂછપરછ કરતા કોન્ટ્રાક્ટરે પરમીટ બતાવી આ જથ્થો બેનંબરી નથી પણ કાયદેસર હોવાના પુરાવા આપતા પોલીસે કાર્યવાહી બાદ કોન્ટ્રાકટર ને ટેમ્પો સાથે જવા દીધો હતો પરંતુ આવી ખોટી બાતમીના આધારે આ કોન્ટ્રાકટર અને પોલીસ નો આખો દિવસ બગડ્યો હતો સાથે સાથે હોળી ના પર્વ માં સમયસર તુવેરદાળ નો જથ્થો દુકાનો પર નહિ પહોંચતા દુકાનદારો અને ગ્રાહકો હેરાન થયા હતા.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ અદેખિયા આ કોન્ટ્રાક્ટરે રનીંગ કોન્ટ્રાકટર ને હેરાન કરવા કંટ્રોલ માં ખોટી માહિતી આપી પોલીસને દોડાવી હતી ત્યારે આવા વ્યક્તિ વિરૂદ્ધ પોલીસે પણ કડક કાર્યવાહી કરવી જોઈએ જેથી બીજીવાર કોઈ વિઘ્ન સંતોષી વ્યક્તિ આ રીતે કોઈ ને હેરાન ન કરે માટે આવા લોકોને શબક શીખવાડવો જોઈએ. પોલીસ સૂત્રો માંથી જાણવા મળ્યા મુજબ નર્મદા પોલીસ કંટ્રોલ ના 100 નંબર ઉપર ફોન કરનાર જીતેંદ્રભાઈ રમણભાઈ વસાવા પહેલા રાજપીપલામા રહેતા ભાવેશભાઈ અગ્રવાલ ના નામથી ટેંન્ડર ભરતા હતા અને તેમનુ ટેંન્ડર મંજુર થાય તો જીતેંદ્રભાઈ વસાવા નર્મદા જીલ્લામા સસ્તા અનાજની દુકાન ઉપર સરકારી અનાજ પહોચાડવા નુ કામ કરતા હતા અને હાલમા સંજરી ટ્રાંન્સપોર્ટ નુ ટેંન્ડર મંજુર થયું અને દેડીયાપાડામા સસ્તા અનાજની દુકાનો ઉપર સરકારી અનાજનો જથ્થો પહોચાડતા હોય તેના કારણે જીતેન્દ્ર વસાવા પહેલા ની અદાવત રાખી તેમને હેરાન કરવા આ ટેમ્પા માથી અનાજ બીજા ટેમ્પામા સગે વગે કરવાના ભરતા હોવાના આક્ષેપ કરી ૧૦૦ નબર ઉપર ફોન કર્યો હોવાનું પોલીસને કોન્ટ્રાક્ટરે જણાવ્યુ હતું.

## ઓલ ગુજરાત ફેર પ્રાઇઝ એસો.ની કારોબારી સમિતિમાં નર્મદા જિલ્લાના બે સંચાલકોની નિમણૂક થતા ખુશી

ભરત શાહ | રાજપીપળા





ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ એસોસિએશન ની કારોબારી સમિતિમાં નર્મદા જિલ્લાના બે સંચાલકોની નિમણૂક કરવામાં આવી, જેમાં અશરફભાઈ જે મેમણની નિમણૂક સહમંત્રી તરીકે કરાઇ છે જ્યારે નરેન્દ્ર બી રાઉલજી, રાજપીપળાની નિમણૂક કારોબારી સભ્ય તરીકે કરાઇ છે. ફેર પ્રાઈઝ એસો રાજ્યમાં ચાલતી પુરવઠાની દુકાનના સંચાલકોના હક અને ન્યાય માટે હંમેશા લડત કરતુ આવ્યું છે અને સરકાર દ્વારા છાસવારે થતા અન્યાય મુદ્દે આ એસો. ના મંત્રીઓ સાથે બેઠક કરી ન્યાય અપાવવા મેદાનમાં ઉતરતા હોય છે તેવા સમયે હાલમાં નર્મદા જિલ્લામાં ના બે પુરવઠા સંચાલકો ની ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ એસોસિએશન ની કારોબારી સમિતિમાં નિમણુક થતા હવે નર્મદા જિલ્લા ના સંચાલકો ને પડતી મુશ્કેલી માટે પણ આ બે હોદ્દેદારો ઉપરી કક્ષા એ રજૂઆત કરી નિરાકરણ લાવશે તેવો પુરવઠા સંચાલકો ને વિશ્વાસ છે.

## આર્ટ્સ કોલેજ લીમખેડા ખાતે યુવા મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



દિપક રાવલ | લીમખેડા

આર્ટ્સ કોલેજ લીમખેડા ખાતે આગામી લોકસભાની ચૂંટણીમાં યુવા મતદારોની સહભાગીદારીતા વધે તે હેતુથી લીમખેડા પ્રાંત અધિકારીશ્રી નિનામા સાહેબની અધ્યક્ષતામાં યુવા મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો.

ચુંટણીપંચ દ્વારા ' સ્વિપ ' એટલે કે સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેકટોરલ પાર્ટિસિપેશન પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. જેનો મુખ્ય આશય યુવા મતદારોને શિક્ષિત કરી વધુમાં વધુ મતદારો મતદાન કરે એવો છે. આ કાર્યક્રમમાં મદદનીશ ચેરિટી કમિશનરશ્રી દાહોદ, સરકારી વિજ્ઞાન કોલેજ લીમખેડાના પ્રિન્સિપાલ શ્રી યોગેશ પટેલ સાહેબ, લીમખેડા કોલેજ સંચાલક મંડળના પ્રમુખશ્રી ધનાભાઈ ભરવાડ, મંત્રી શ્રી ભરતભાઈ, કોલેજના આચાર્યશ્રી, કોલેજના અધ્યાપકો તેમજ કોલેજના મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## જાફરાબાદની પ્રજામાં હોળીના તહેવારો ઉજવવા ભારે ઉત્સાહ જોવા મળ્યો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



જાફરાબાદ નગરજનોમાં હોળી ધુળેટીના તહેવારો ઉજવવા ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જેના કારણે મુખ્ય બજારોમાં હાલ ધૂમ ખરીદી થતા ભારે તેજી જોવા મળી રહી છે. તહેવાર પ્રિય જાફરાબાદ શહેરમાં નગરજનો દરેક તહેવારની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરે છે. તહેવારો દરમિયાન શહેરની મુખ્ય બજારોમાં ગ્રાહકોથી ભરચક્ક જોવા મળે છે. એજ રીતે આ વર્ષ પણ જાફરાબાદ વાસીઓ હોળી ધુળેટી પૂર્વે મનમૂકીને બજારમાં ખરીદી કરી રહ્યા છે. ધાણી, દાળીયા, ખજુર, અને પતાકા તથા હારડા ખરીદવા ગૃહિણીઓ ઉમડી રહી છે. તો અબીલ ગુલાલ સહિત હોળીના રંગો, પીચકારી ઉપરાંત ગૃહશોભનની વસ્તુઓ કપડાં બુટ - ચપ્પલ તેમજ ઈલેક્ટ્રોનિક્સ આઈટમોની પણ ધૂમ ખરીદી થતા વેપારીઓમા પણ આનંદ છવાયો છે. શહેરના મોટા ભાગના વિસ્તારોમાં જુદા જુદા યુવાક મંડળોએ હોળીના છાણાં ગોઠવવાની કામગીરીમાં વ્યસ્ત બન્યા છે.

## ઝાલોદ તાલુકામાં શાળાના બાળકો તથા કામ કરતા કામદારો દ્વારા સ્વીપ હેઠળ કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ | દાહોદ



લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે દાહોદ મતવિસ્તારની ચૂંટણી તા. ૭ મે, ૨૦૨૪ના રોજ યોજાશે. આ ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો સહભાગી બને તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે સ્વીપ કાર્યક્રમ હેઠળ ઠેર-ઠેર મતદાન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યાં છે. સ્વીપ દ્વારા વિવિધ કાર્યક્રમો કરીને નાગરિકો,યુવાઓ કે મતદારોને ચૂંટણી પ્રક્રિયા અંગે અવગત કરવામાં આવે છે. આ ઉપરાંત કોલેજ અને શાળાના વિધાર્થીઓ પણ ચૂંટણી પ્રક્રિયાથી માહિતગાર બને તે માટે શાળાઓ, શહેરો અને ગામડાઓ, ખેડૂતો, મહિલાઓ અને કિશોરીઓ તેમજ કોલેજો અને યુવાઓમાં મતદાન અંગે જન જાગૃતિના વિવિધ કાર્યક્રમોનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જે અંતર્ગત ૧૩૦ ઝાલોદ વિધાનસભા મત વિસ્તારમાં આવેલ ઝાલોદ તાલુકાની ચાટકા પ્રાથમિક શાળા તેમજ કાળાપીપળ પ્રાથમિક શાળાના નાનકડા ભુલકાઓએ મતદારોને મતદાન કરવા પ્રેરિત કરવામાં પોસ્ટર્સ સાથે રેલી યોજી હતી ઉપરાંત વસંત મસાલા પ્રોડક્શન હાઉસમાં કામ કરતા કામદારોને પણ મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત મતદાન કરવા માટે ઈ. વી.એમ. (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન), પોસ્ટલ બેલેટ, ચૂંટણીલક્ષી એપ્લીકેશન્સ સહિતની બાબતો અંગેની વિસ્તારપુર્વક સમજ આપી માહિતગાર કર્યા હતા. તેમજ કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ લોકોએ ફરજિયાત મતદાન કરવા માટેની પ્રતિજ્ઞા લીધી હતી.

**બગસરામાં વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા**

## ગામમાં વિચરતી વિમુક્ત જાતિઓની સગર્ભા બહેનોને સુખડીનું વિતરણ



અશોક મણવર | અમરેલી

અમરેલીના બગસરામાં ગરીબ સગર્ભા બહેનોને સુખડી વિતરણ કરવામાં આવેલ છે ત્યારે વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા દ્વારા સ્લમ વિસ્તાર ના વિચરતી વિમુક્ત જાતિઓની સગર્ભા બહેનોને દર મહિને સુખડી વિતરણ કરવામાં આવેલ છે ત્યારે વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટી દેવચંદભાઇ સાવલીયાના માર્ગ દર્શન હેઠળ ભરતભાઈ પાથરના. આર્થિક સહયોગથી સંસ્થાના પ્રમુખ ભીમજીભાઈ નાકરાણીની ઉપસ્થિતિમાં સરસ રીતે કાર્યક્રમ સંપન્ન થયો, જેમાં ૨૧ સગર્ભા બહેનોને સુખડી વિતરણ કરવામાં આવેલ તેમજ આરોગ્ય વિષયક માર્ગદર્શન આપવામાં આવેલ, માતાનાં પેટમાં બાળક હોય ત્યારે માતાને રહેણી કરણી અને ખોરાક બાબતે શું ધ્યાન માં રાખવું જોઈએ તે બાબતે નિર્મિતાબેન નાકરાણી તથા સંસ્થાના કાર્યકરોએ આપ્યુ હોવાનું મહેન્દ્રભાઈ પાથર દ્વરા જણાવાયું છે.

## મહીસાગર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં હોળીના પર્વને લઈને અકસ્માત કેસમાં થયો વધારો

જગદીશ ત્રિવેદી | ખારોલ



મહીસાગરમાં હોળીના પર્વની ઉજવણી માટે લોકોમાં ભારે થનગનાટ જણાઈ રહ્યું છે હોળીને પ્રેમ, રંગનો અને વસંતનો તહેવાર તરીકે ઓળખવામાં આવે છે હોળી એ બે દિવસનું તહેવાર છે જેમાં પ્રથમ દિવસે સાંજે લોકો હોળી પ્રગટાવે છે અને કાચું નાળિયેર અગ્નિમાં અર્પણ કરે છે જ્યારે બીજા દિવસે રંગનું તહેવાર અથવા ધુળેટી ના તહેવાર તરીકે ઓળખવામાં આવે છે જેમાં રંગીન પાણી ચોંટીને એકબીજાની રંગો લગાવીને ધૂળેટીનું પર્વ મનાવવામાં આવે છે.

મહીસાગર જિલ્લામાં કોળી અને ધૂળેટીના પર્વ દરમિયાન અકસ્માત કેસોમાં વધારો થતો જોવા મળી રહ્યો છે જિલ્લામાં છેલ્લા ચાર દિવસમાં અંદાજી 60 થી 70 જેટલા અકસ્માત થયા હોવાનું સાંભળવા મળી રહ્યું છે જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં આ અકસ્માત કેસોમાં વધારો થઈ રહેલો જણાય છે તહેવારો ઉજવવાની ઘેલછામાં અને ઉતાવળમાં જનતા પણ ભાન ભૂલતી હોય તેવું લાગી રહ્યું છે જિલ્લાના ખાનપુર કડાણા અને સંતરામપુરમાં અકસ્માતના કેસોમાં વધારો જણાઈ આવ્યો છે.

જ્યારે બીજી બાજુ જિલ્લામાં હોળી અને ધૂળેટીના તહેવારોના પર્વ નિમિત્તે 108 સેવામાં પણ વધારો કરવામાં આવ્યો છે ત્યારે 108 એમ્બ્યુલન્સ સેવા લોકોને માટે વરદાનરૂપ સાબિત થશે. જિલ્લામાં હોળી ધૂળેટીના તહેવારો ની લઈને 108 ઈમરજન્સી સેવાઓ કાર્યરત કરવામાં આવી છે. હોળી અને ધુળેટીના પર્વમાં ૮૦ ટકા અકસ્માતો બનતા હોવાથી તેને ધ્યાનમાં લઈને કર્મચારીઓ પણ ખડે પગે પોતાની ફરજ પર તઈનાત રહેશે. આમ થોડી ધૂળેટીના તહેવારના સમયે 108 ની સેવામાં વધારો કરવામાં આવતો અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ લોકો ને નવું જીવન મળશે. ધુળેટીની રંગોનો તહેવાર માનવામાં આવે છે પરંતુ હોળી રમતી વખતે હંમેશા ખૂબ જ સાવધાન રહેવું પણ ખૂબ જ જરૂરી છે.

## એક ભાઇએ બીજાભાઇને જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ

ભરત શાહ | રાજપીપળા

ગરુડેશ્વર તાલુકાના વાડી ગામમાં બે ભાઈઓ વચ્ચે બોલાચાલી થતા એક ભાઈ એ બીજા ભાઈ ને લાકડીના સપાટા મારી જાન થી મારી નાંખવાની ધમકી આપતા ગુનો દાખલ થયો છે. રાજેશભાઈ નગીનભાઈ તડવી રહે. વાડી,નાઓએ એકતાનગર પોલીસ મથકે ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ પોતાના ઘરે હાજર હતા તે વખતે તેમના ભાઈ મુકેશભાઈ નગીનભાઈ તડવી રહે.વાડી, એ તેમની પાસે આવતા જણાવેલ કે તુ ગામની સીમમા ચોરી કેમ કરે છે ગામના લોકો મને કહેવા આવે છે કે તારો ભાઈ ચોરીઓ કરે છે તેમ કહેતા મુકેશભાઈ ઝગડો કરી વાસની લાકડી લઈ તેમના ડાબા હાથમા બે લાકડીના ફટકા મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ત્યાંથી નાશી ગયો હતો.

# અમરેલીની પ્રજ્ઞા સ્માર્ટ સ્કૂલ દ્વારા વિજ્ઞાન મેળો યોજાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સમજણ સાથે નું સર્વાંગી શિક્ષણ રચનાત્મક અભિગમ બાળકો નાં વિકાસ નું અગત્ય નું પરિબળ છે 23/03/2024 શનિવાર (અમરેલી )વર્તમાન સ્પર્ધાત્મક યુગમાં બાળકો નો સર્વાંગી વિકાસ એક મોટો પડકાર છે. અત્યાધુનિક શિક્ષણ પદ્ધતિ ની યાંત્રિકતા નાં બાળકો બાળપણ ખોવાઈ રહ્યું છે તેવા સમયે અમરેલી ની‘ પ્રજ્ઞા સ્માર્ટ સ્કુલ ‘દ્વારા ગમ્મત સાથે જ્ઞાન ‘અને ભાર વગર નાં ભણતર ‘દ્વારા ઉચ્ચતમ પરિણામો પ્રાપ્ત કરાઈ રહ્યા છે તે આજનાં સ્પર્ધાત્મક યુગમાં બાળકો પર બોજો બની રહેલું અને અપેક્ષાઓના ભાર તળે દબાયેલ શિક્ષણ પદ્ધતિ ને નવો રાહ ચીંધી રહ્યું છે.

વિજ્ઞાન મેળો હોય, સાથે વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત નાસ્તા નાં સ્ટોલ હોય અને વધુમાં ભારતીય સંસ્કૃતિ ની જાંખી કરાવતા ફ્લૉટ પણ હોય અને આ બધું જ વિધાર્થી નિર્મિત અને સંચાલિત હોય ત્યારે તે બાળક ની અંદર છુપાયેલી સ્વાભાવિક શક્તિ ને બહાર લાવવામાં કારક બને છે અને બાળકો નાં આત્મવિશ્વાસ માં વૃધ્ધિ પણ કરે છે.

પ્રજ્ઞા વિધાલય દ્વારા આયોજિત આજનો આ‘ આનંદ મેળો ‘ખરેખર બાળકો આનંદપ્રદ બની રહ્યો છે. આ સુંદર કાર્ય માં શાળા નું સંચાલક મંડળ, શિક્ષકો એ બાળકો નાં આત્મવિશ્વાસ માં વૃધ્ધિ કરતું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## જેલમાં સારી વર્તણૂક બદલ રાજપીપળા જીલ્લા જેલના પાકા કેદી ને જેલ મૂક્ત કરાયા



ભરત શાહ | રાજપીપળા

અધિક પોલીસ મહાનિદેશક ડો.કે.એલ.એન. રાવ,દ્વારા આજીવન કેદની સજા ભોગવી રહેલ અને ૧૪ વર્ષની સજા પૂર્ણ કરેલ હોઈ અને જેલમાં સારી વર્તણુક ધરાવતા આજીવન કેદની સજા ભોગવતા કેદીઓ પુનઃવસન, પુનઃસ્થાપનના ભાગરૂપે સમાજમાં જઇ પોતાના પરીવાર સાથે બાકીનું જીવન વ્યતિત કરે તેવા હકારાત્મક અભિગમ સાથે રાજપીપળા જીલ્લા જેલના પાકા કેદી કન્દુભાઈ વેસ્તાભાઈ ધાણુક નાઓની બાકીની સજા માફ કરવા સરકારના ગૃહ વિભાગમાં દરખાસ્ત કરવામાં આવેલ જેમાં સરકાર દ્વારા સી.આર.પી.સી.ની કલમ ૪૩૨ મુજબ જેલમુક્ત કરવાનો હુકમ કરવામાં આવતા આ કેદીને શરતો આધિન તા ૨૨/૩/૨૦૨૪ ના રોજ જેલ મુકત કર્યા છે. કેદીની પી.પી.સી. ખાતામાં જમા રોકડ રકમ ચુકવામાં આવી તથા પોસ્ટ બચત ખાતાની પાસબુક આપવામાં આવી,જેલમુક્ત થયા બાદ સમાજમાં સારા વ્યક્તિ બની બાકીનું જીવન સુખ-શાંતીથી પસાર કરી સમાજમાં ઉપયોગી થાય તેવી આશા સાથે ધાર્મિક પુસ્તક ભગવદ ગીતા અર્પણ કરી પુન:સ્થાપનની શુભેચ્છાઓ પાઠવી જેલ મુક્ત કરવામાં આવેલ છે.

# સાગબારામાં પર સ્ત્રીના પ્રેમમાં પડેલા પતિને સમજાવવા પત્નીએ અભયમની મદદ લીધી

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકા માંથી એક પીડિત મહિલા નો ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર કોલ આવેલ તેમને જણાવેલ કે તેમના પતિ ના અન્ય સ્ત્રી સાથે સંબંધ હોવાના કારણે મારઝૂડ કરે છે અને છૂટાછેડા આપી દેવાની ધમકીઓ આપતા હોય છે.અને તે સ્ત્રી ને ઘરે લઈ આવ્યા છે. ત્યારબાદ અભયમ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. જેમાં મળતી માહિતી પ્રમાણે પીડિત મહિલા એ જણાવ્યું કે તેમને ચાર વર્ષનું બાળક છે.પતિ ખેતી કામ કરે છે. છેલ્લા ઘણા વર્ષ થી પતિના અન્ય સ્ત્રી સાથે સંબંધ છે જેના કારણે મને પિયર મૂકી આવે છે અને એ સ્ત્રી ને ઘરે લઈ આવે છે. આ કારણોસર પંચ ભેગી થઇ હતી ત્યારબાદ પંચે બન્ને ને અલગ થવા માટે સૂચન આપવા



છતાંય તેઓ સુધરતાં નથી અને મારી સામે જ એ સ્ત્રી સાથે વાત કરે છે,મને છૂટાછેડા આપવા અને એની સાથે લગ્ન કરવા માટે જણાવે છે મારા પિયર માં મમ્મી પપ્પા નથી મારા દાદી જ છે. હું કઈ રીતે મારા બાળક ને લઇ ને જતી રહું, મારા સાસુ સસરા પણ એ સ્ત્રી ને ઘરે બોલાવે અને મને માનસિક ત્રાસ આપે છે. મે અભયમ ટીમ ને કોલ કર્યો ત્યારે મારા સાસુ સસરા અને પતિ એ સ્ત્રી ને લઈ ગયા અને એને મૂકી આવ્યા. એ સ્ત્રી પણ મને ધમકીઓ આપે છે. અને હેરાનગતિ કરે છે.ત્યારબાદ સામાપક્ષ નું કાઉંસેલિંગ કર્યું અને કાયદાકીય માહિતી આપી જેમાં પતિ એ જણાવ્યું કે એ સ્ત્રી સાથે હું વાત ના કરું તો ઘરે આવી જવાની કે આત્મહત્યા કરવાની ધમકી આપે છે જેથી મજબૂરી માં વાત કરવી પડે છે.ત્યારબાદ તેમને સમજાવ્યા બાદ તેમણે ભૂલ સ્વીકારી અને માફી માગી લખાણ આપ્યું કે ફરીવાર આવી ભૂલ ના થાય અને એ સ્ત્રી સાથે સંપર્ક નહિ કરે નહી કરે તેવી માફી માંગી ભૂલ સ્વીકારી બાહેંધરી આપી અને પત્ની ને સારી રીતે રાખવા જણાવતા બન્ને પક્ષો વચ્ચે સુખદ સમાધાન કરાવ્યું હતું.

## ચાણસ્માના બ્રાહ્મણવાડા ગામે 11 પુત્રોના ઝેમ નિમીતે માતાઓ ઝેમ દોડ લગાવશે

નીતિન ઠાકર | ચાણસ્મા

પોતાના વહાલસોયા ના આરોગ્ય ની સુખાકારી માટે ગામ બહાર ગોગા મહારાજ ના મંદિરે જઈ ઝેમ વાળી માતાઓ ખોબો બાંધી ઝેમ દોડ લગાવશે. ચાણસ્મા તાલુકા ના બ્રાહ્મણવાડા ગામે હોળી ના શુભ પર્વે મહિલાઓ દ્વારા અનોખી ઝેમ કરવા ની અનોખી પરંપરા રહેલી છે. એક વાયકા મુજબ જે ઘેર પ્રથમ પુત્ર રત્ન હોય અને હોળી નો ઝેમ હોય તેવી મહિલા ઓ તેમના પરિવાર સંબંધી ઓ સાથે હોળી ના દિવસે બપોરે ૩ વાગે ગામના ચોક માં એકઠા થાય છે અને ત્યારે માતાજી ના ગુણ ગાન ગાતા ગાતા ગામ બહાર આવેલા ગોગા મહારાજ ના મંદિરે આવે છે જ્યા ગામ ના બ્રાહ્મણ દ્વારા મહિલા ઓ ને ખોબા કરાવી હાથ માં શ્રીફળ મુકી એક સાથે પગમાં પગરખા વિના ગોગા મહારાજ ના મંદિર થી સમીસા રોડ ઉપર આવેલ ૧કિમી. વારાહી માતાજી ના મંદિર સુધી ઝેમ દોડ લગાવે છે. જેમાં જે મહિલા દોડ માં પ્રથમ આવે તેનો પુત્ર ચતુર હોશિયાર તદુરસ્ત બનતો હોવાની પરંપરા રહેલી છે. જેથી બ્રાહમણવાડા ગામે હોળી ઝેમ દોડ ની એક આગવી પરંપરા રહેલી હોવાનું અને બ્રાહમણવાડા ના ધંધાર્થે કે નોકરી માટે બહાર સ્થાયી થયેલા પરીવાર માં પ્રથમ પુત્ર રત્ન હોય અને ઝેમ હોય તો અવશ્ય આ અનોખી ઝેમ પ્રથા માં પુત્રની માતા એ સામેલ થઈ ઝેમ કરવાની પારંપારિક તા આજેય જળવાઈ રહી હોવાનું ગામના વિષ્ણુભાઈ ચૌધરી પૂર્વ સરપંચ ધીરજભાઈ ચૌધરી એ જણાવ્યુ હતું

**ભાવનગરના કાળિયાર ઉધાનને શ્રેષ્ઠ વાઈલ્ડ લાઈફ ડેસ્ટિનેશન એવોર્ડ : બ્લેકબક નેશનલ પાર્ક, કચ્છના સફેદ રણ, રાણીની વાવ, સાસણ ગીરને અપાયો એવોર્ડ**

# ગુજરાતના 4 અલગ-અલગ પર્યટક સ્થળોને આપવામાં આવ્યા વાઈલ્ડ લાઈફ ડેસ્ટિનેશન એવોર્ડ



બ્લેકબક નેશનલ પાર્ક, કચ્છના સફેદ રણ, રાણીની વાવ, સાસણ ગીરને અપાયો એવોર્ડ

**ગુજરાતમાં ફરવાલાયક જગ્યાઓ અઢળક છે,તો આ જગ્યાઓ પર બહારથી પણ પ્રવાસીઓ ફરવા માટે આવતા હોય છે.ગુજરાત સરકારના ટુરિઝમ વિભાગે ટવિટ કરીને જાણકારી આપી છે જેમાં જણાવ્યું છે કે અલગ-અલગ 4 ફરવાલાયક જગ્યાઓને એવોર્ડ આપવામાં આવ્યા છે જેમાં બ્લેકબક નેશનલ પાર્ક, કચ્છના સફેદ રણ, રાણીની વાવ, સાસણગીરને એવોર્ડ અપાયો છે.તો મહત્વની વાત એ છે કે ભાવનગરમાં આવેલ વેળાવદર પાર્કમાં 5 હજારથી વધુ કાળિયાર વસવાટ કરે છે**



## બ્લેકબક નેશનલ પાર્ક

આ કાળિયાર નેશનલ પાર્કને બેસ્ટ ઈમર્જિંગ વાઈલ્ડ લાઈફ ડેસ્ટિનેશન કેટેગરીમાં મળ્યો છે. વેરાવળના આ નેશનલ પાર્કમાં કાળિયારોનું વૈવિધ્યપૂર્ણ પરિસ્થિતીઓમાં કરાતું સંરક્ષણ તથા પ્રાણી પ્રેમીઓને નજીકથી વન્યજીવો અને પ્રકૃતિનું સાંનિધ્ય માણવાની તક પુરી પાડવા માટે આપવામાં આવ્યો છે.



## કચ્છનું સફેદ રણ

છેલ્લાં 2 દાયકાથી રણોત્સવ કચ્છની સંસ્કૃતિ, સભ્યતા, હસ્તકળા અને પ્રવાસનના વિવિધ પાસાઓને ઉજાગર કરે છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રોજેકટને સરકાર દર વર્ષે વિશિષ્ટ રીતે પ્રવાસનને લઈને વેગ આપી રહી છે. ગત વર્ષે 1લી નવેમ્બર 2022થી 20મી ફેબ્રુઆરી 2023સુધીમાં કુલ 1,71,360 પ્રવાસીઓએ રણોત્સવની મુલાકાત લીધી હતી.જેમાંથી 83 જેટલા વિદેશી પ્રવાસી હતા. તો ગત વર્ષે કુલ 31,150 વાહનોની અવરજવર થઈ હતી. ગ્રામ્ય મામલતદાર દ્વારા કુલ 28,120 જેટલી પરમીટ ફાળવવામાં આવી હતી જેમાંથી 23,888 લોકલ પરમીટ હતી. આ ઉપરાંત 4230 જેટલી ઓનલાઈન પરમીટ હતી. તો આ તંત્રને 2022-2023ના રણોત્સવ થકી કુલ 1,76,38,700 રૂપિયાની આવક થઈ હતી.



## રાણીની વાવ

આ વાવની સુંદર નકશીકારી દુનિયાભરના પર્યટકોને આકર્ષે છે. તે જ પ્રકારે એશિયાટિક સિંહો માટે જગવિખ્યાત સાંસણ ગીરને બેસ્ટ વાઈલ્ડલાઈફ એવોર્ડ જીત્યો છે. આ એવોર્ડ સાંસણગીરમાં સિંહોના સંરક્ષણ માટે કરવામાં આવતા પ્રયાસો અને વન્યજીવ પ્રેમીઓને નિહાળવા માટે પુરી પાડવામાં આવતી સુવિધાઓને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યો છે.



## સાસણગીર

ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યમાં મુલાકાતીઓ માટે સિંહ સદન નામના એક અત્યાધુનિક સગવડતાવાળા ઊતારાની વ્યવસ્થા છે. ઉપરાંત ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યમાં પ્રવાસીઓ માટે પ્રવાસીઓને સઘળી માહિતી અને પૂરતું માર્ગદર્શન મળી રહે તે માટે વન ખાતા તરફથી એક માહિતી કેન્દ્ર ચલાવવામાં આવે છે. સિંહ સદનથી જીપ સફારી અને ગાઈડ ભાડે મેળવી જંગલમાં વન્યસૃષ્ટિના દર્શન માટે જઈ શકાય છે. આ માટે વન વિભાગ તરફથી નીચે પ્રમાણેના ૮ પ્રવાસી માર્ગ જાહેર કરવામાં આવ્યા છે.

# હોળીમાં ચઢી જાય ભાંગ તો આ ઘરેલૂ નુસખા કરશે મદદ, કરજો ટ્રાય

### ભાંગમાં શું હોય છે

ભાંગને આયુર્વેદમાં જડીબુટ્ટી માનવામાં આવે છે. તેનો ઉપયોગ દવાના રૂપમાં વિશેષજ્ઞની સલાહ સાથે કરવો જોઈએ. સામાન્ય રીતે ભાંગનો નશો ખરાબ માનવામાં આવે છે. તેને પીધા બાદ લોકો પોતાનો કંટ્રોલ ખોવી દે છે. તેઓ હસે તો હસતા જ રહે છે. રડે તો રડતા જ રહે છે. ખાતા હોય તો ખાતા રહે છે. તમને ખ્યાલ હોતો નથી કે તેઓ શું કરી રહ્યા છે. તેમનો તેમની નર્વસ સિસ્ટમ પર કોઈ કંટ્રોલ હોતો નથી.

### કેવી રીતે ઉતારશો ભાંગનું હેંગઓવર

- ભાંગનો નશો ઉતારવા માટે ઘીનો ઉપયોગ સારો રહે છે. એવામાં વ્યક્તિએ ઘીનું સેવન કરવું. આ સિવાય માખણ પણ ભાંગના નશાને ઉતારવામાં ઉપયોગી છે.
- ભાંગનો નશો ઉતારવા માટે ખાટી ચીજોનો ઉપયોગ કરાય છે. એવામાં તમે લીંબુ, સંતરા, મોસમી ફળનો જ્યૂસ લો. આ સિવાય દહીં ખાઓ અને ખટાશથી નશો ઓછો થાય છે.
- નારિયેળ પાણી પણ ભાંગના નશાના ઘટાડવાને માટે મદદ કરશે. તેમાં રહેલા મિનરલ્સ અને ઈલેક્ટ્રોલેટ્સ બોડીને રિહાઈડ્રેટ કરવામાં સહાયક હોય છે.
- ભાંગના નશામાં આદુનો ટુકડો મોઢામાં રાખો અને ધીરે ધીરે તેનો રસ લો. તેનાથી નશો ઓછો થઈ જશે. આ સિવાય અડદની દાળનું પાણી પીવાથી પણ નશામાં રાહત મળે છે.

### ભાંગ પીધા બાદ ન કરશો આ ભૂલો

- ભાંગના નશા બાદ ભૂલથી પણ ગળ્યું ખાવાની ભૂલ ન કરશો. તે નશાને વધારવાનું કામ કરે છે.
- આનંદમાં આલ્કોહોલ લેવાની ભૂલ ન કરો નહીં તો તેનાથી તગડું નુકસાન તમારે સહન કરવું પડી શકે છે.
- ડ્રાઈવિંગ ન કરો કેમકે ભાંગના નશામાં વ્યક્તિ પોતાના હોંશ ખોવી દે છે. એવામાં દુર્ઘટના બની શકે છે.
- કોઈ પ્રકારની દવાનું સેવન ન કરો જેનાથી રિએક્શન આવી શકે, એવામાં તમે માથાનું દર્દ, ઉલ્ટી કે પેટમાં ગરબડની ફરિયાદ થઈ શકે છે.



# કર્ણાટકમાં હોળીના દિવસે હેરિટેજ સ્મારકોને રંગોથી રંગવામાં આવે છે...





**રંગોત્સવ**

**- રુપાલી દવે**

**"ઋતુ ફાગણ સંગ કેસુડાના ફૂલોના રંગમાં,
મહેકે રંગોત્સવ ની રમઝટ
નાચે નરનારી ઉમંગ માં રંગોની રમઝટમાં.."**

રંગોત્સવ ની ધામધૂમ દેશમાં સૌથી વધારે વૃંદાવન મથુરા માં હોય છે એનું કારણ ભગવાન શ્રી કૃષ્ણ નું બાળપણ વૃંદાવન માં વીત્યું અને યુવાની મથુરામાં..વૃંદાવન માં ભગવાન એના પ્રિયા રાધા રાણી અને પ્રિય ગોપીઓની સંગ પ્રત્યેક રંગોત્સવ ખૂબ ધામધૂમ થી મનાવતા હતા. રંગોત્સવ નિમિતે રાધા રાણી એના પિતા વ્રજભાનું ની આજ્ઞા લઈને નંદ રાય ના બગીચે ફૂલ વીણવા આવતા ત્યારે ભગવાન કૃષ્ણ અને ગોપો સાથે બગીચા મા આવીને લાકડી જમીન પર ઠોકી ને પૂછતા હતા.

**"એરી તુમ કોન હો રી સખી તુમ કોન હો રી..."**

રાધાજી કનૈયા ને જવાબ આપવા ના બદલે એના હાથ માંથી લાકડી ખેચી ને ખંભે મૂકી ગોપીઓ ને ઈશારો કરતા જ ગોપીઓ વીણેલા ફૂલ સહિત પાંદડા અને વ્રજ રજ કૃષ્ણ ના માથા પર પધરાવી ને ખડખડાટ હસતા હસતા બોલતાં હતાં કે..

**"એરી સખી તુમ કહો નંદ કે લાલ કો કી મે હું સાંવરે કી પ્રિયા..
ના કરે અપની જ્યાદા બડાઈ..."..**

રાધા રાણી અને ગોપીઓ ભેગી મળીને ભગવાન શ્રી કૃષ્ણ અને એના સખાઓને હસ્તા હસ્તા ફૂલ,પાંદડા ને વ્રજ રજ થી ખૂબ રંગી ને જેવા ભાગવા જતા એ ભેગા શ્રી કૃષ્ણ રાધાજી નો હાથ મજબૂતી થી પકડી ને કહેતા હતા કે

**"રાધા કે રંગ મે રંગ્યો સાંવરો પર કોરો રહ ગયો..
રંગ દો રાધા રાની મોહે અપને પ્યાર કે રંગો મે.."..**

કૃષ્ણ થી ખુદને છોડાવવા રાધાજી પાલવ માં ભરેલી માટી માથી ચુટકી માટી આંખ તરફ ભેગી ને ભાગતા ભાગતા પાછળ ફરીને બોલતાં હતાં કે હોળી હેહોળી પ્રાગટય બાદ રંગોત્સવ ની ધુમ મચતી ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ ગોપીઓ અને રાધાજી તરફ રંગ ફેંકતા ત્યારે રાધાજી અને ગોપીઓ વિનવણી કરી ને કહતી હતી..

**"અમ નાદાન ગોવલન કો રંગ સે મત મારો નંદ રાય કે લડીલે લાલ..
હમ પર રંગ મત ફેકો ઓ નંદ કે રાય.."**

ગોપીઓ ની અરજ સાંભળી ને ભગવાન શ્રી કૃષ્ણ ને કહે છે કે પ્રિય, હું તો ભૂલું જવ પણ આંખ ખટકે છે એનું શું? આજ તો વ્રજ વનીતાઓ ને છોડીશ તો ગોપ મિત્રો મારી હાંસી ઉડાવશે..કૃષ્ણ અને ગોપીઓ વચ્ચે ચાલતી રકઝક માં વચ્ચે રાધાજી આવી ને કહ્યું કે કૃષ્ણ,અમે ક્યારના તમારા પ્રેમ ના રંગો માં રંગાવવા રાહ જોઈને બેઠા છીએ.. રંગ ફેકો અમારા પર જેથી અમે કૃષ્ણ ના રંગ માં રંગાઈ જઈએ..પણ એક વાતનું ધ્યાન રાખજો કે રંગ આંખમા ના પડે..કેમ?..કેમકે અમારી આંખો ને ક્ષણ વાર પણ કૃષ્ણ દર્શન અસહ્ય બને છે.આ દર્દ એ અમારા માટે પારાવાર વેદના નું કારણ બનશે...છતાંય ભગવાન શ્રી કૃષ્ણ એ રાધાજીની ખુલ્લી આંખો માં રંગ ફેંકતા કહ્યું કે પ્રિયા,તમે તો કૃષ્ણ ને ખુલ્લી આંખે સદાય નિહાળો છો પરંતુ આજ કૃષ્ણ ને રાધાના બંધ આંખો માં રંગ મંડિત ચહેરા માં ધડકતું "કૃષ્ણ" નામ સાંભળવુ છે ને અપલક નજરે તમને અવસર માં નિહાળવા છે.તમને સતત ભય છે કે કૃષ્ણ તમને છોડી દેશે તો, રાધા વગર ક્ષણ પણ જીવવું કૃષ્ણ માટે અશક્ય છે... આટલું બોલતા જ કૃષ્ણ એ રાધા ને વિવિધ રંગોથી શ્રી કૃષ્ણ એ રંગ્યા પણ આંખ માં રંગ ફરક્યો નહિ..કેમ?..રાધાજી ની આંખ માં ખુદનું પ્રતિબિંબ અને હદયમાં કૃષ્ણ સ્મરણ "રાધે કૃષ્ણ.. આધે કૃષ્ણ.."..

હોળી ધુળેટી નો તહેવાર પ્રેમ ઉમંગ નો છે ઋતુ ફાગણ નું એની પ્રેમિકા હેમંત ની સાથે આગમન થતાંજ સમગ્ર સૃષ્ટિ માં હલચલ શરૂ થઈ જાય છે.અચાનક હદય ને ખુશીઓ ને પ્રેમમાં ધળકવાનું મન થાય છે..સમગ્ર સૃષ્ટિ નવ પલ્લિત નવોઢા બનીને ઝાંઝર માં રૂમઝૂમ કરતી દીઠે છે..

**"આજા રંગ દુ દોનો ગાલ.. અરે સરર..કબીરા સરરર.."**

ભારતભર મા ધામધૂમ થી રંગોત્સવ એટલે હોળી નો તહેવાર ઉજવવામાં આવે છે. વારાણસી માં સ્મશાન હોળી રમવાનો રિવાજ છે ભગવાન ભોળાનાથ એના પાર્ષદ સાથે ભસ્મ હોળી ખેલે છે.આ દિવસે સ્મશાન હોળીની અલગ જ મજા છે લોકો એકઠા થઈ ને હોળી રમી ને ભાંગ નો પ્રસાદ લઈને હોળીના તહેવાર ની મજા માણે છે..મથુરા ના બરસાના ના તો હોળી નો તહેવાર એકદમ અલગ જ રીતે ઉજવાય છે.ત્યાં હોળી રમનારા યુવાનો માથા પર વાસણ મૂકી ને નીચા નમી બેસી જાય છે ને સ્ત્રીઓ લઠ એટલે લાકડીઓ થી મારે છે.બરસાના રાધાજી ની નગરી છે એટલે ત્યાંનો રિવાજ રંગ ના બદલે લઠ નો ઉપયોગ થાય છે. બરસાના નો "લઠમાર હોળી" ઉત્સવ ખૂબ પ્રચલિત છે.પશ્ચિમ બંગાળ ના પુરૂલિયા માં રંગો સાથે ત્યાંનું પ્રસિધ્ધ ચાઉ નૃત્ય માં હોળી રમવાનો રિવાજ છે.. મુંબઈ માં પરિવાર, પડોશ માં બધાને રંગો થી આવકારવા માં આવે છે ને સંગીત સાથે મોટાપાયે શેરીઓ,સોસાયટીઓ, ફેલટ્સ,ક્લબો વગેરે માં રંગોત્સવ ઉજવવામાં આવે છે.. ગોવા માં હોળી ને "શિગ્મો" નામ થી ઉજવવા માં આવે છે.આ દિવસે રાત્રે બેન્ડ્સ પરેડ્સ, સંગીત ની મહેફિલો થાય છે..

કર્ણાટક માં હોળી નો તહેવાર "હમટી " નામે પ્રસિદ્ધ છે.આ દિવસે હેરિટેજ સ્મારકો ને રંગબેરંગી રંગો થી રંગવા માં આવે છે ને દિવસ ભર લોકો ઢોલ નગારા ના પડઘમ માં રંગો થી રંગાઈ ને ઉજવે છે.ઈન્દોર માં સામૂહિક નાચ ગાન અને રંગો થી રંગાઈ ને બધા રાત સુધી હોળી ના તહેવાર ની ખુશીઓ મનાવે છે.ગુજરાત માં હોળી ના બીજે દિવસે રંગોત્સવ એટલે "ધુળેટી" નો તહેવાર આનંદ ઉમંગ ઉત્સાહ માં ઉજવવા માં આવે છે. ભલે શ્રી કૃષ્ણ ની નગરી મથુરા હોય પણ ભગવાન દ્વારિકા માં વસ્યા છે ત્યારથી ગુજરાતીઓનાં દિલો દિમાગ માં કૃષ્ણમય વધારે હોય છે..



**"ફાગણ ફોરમતો આયો રે ફાગણ ફોરમતો આયો..."**

બોલીવુડ માં ઘણી ફિલ્મોમાં હોળી ઉત્સવ ને ફિલ્મ મા વાયો છે એને અનુરૂપ બધાજ જૂના નવા ફિલ્મો ના સોંગ ખૂબ હિટ રહ્યા છે.સિલસિલા ફિલ્મ નું "રંગ બરસે.." હોય કે આજ ન છોડેંગે બસ હમજોલી ખેલેંગે હમ હોલી..".કે પછી "હોલી કે દિન સબ ખીલ જાતે હે.."

"બલમ પિચકારી જો તુને મુજે મારી તો.." વગેરે બોલીવુડ સોંગ લાઉડસ્પીકર માં વાગતા હોય છે ને ત્યારે "મને કલર થી એલર્જી છે","હોળી રમવું નથી પસંદ" વગેરે વગેરે બોલનારા પણ ફૂલ ગુલાબી ફાગણયા કેસુડા ની સુંગંધ માં ધુળેટી ના નવ રંગ માં રંગાઈ ને તહેવાર નો આનંદ લે છે..

# 10 વર્ષમાં માત્ર એક જ સુપરહિટ ફિલ્મ આપી

## આમ છતાં કંગનાની ફી 17 કરોડ; કહ્યું, 'પહેલાં બોલિવૂડમાં મારી સાથે જાનવરો જેવું વર્તન કરવામાં આવતું'

(એજન્સી) મુંબઇ | બોલિવૂડ એક્ટ્રેસ કંગના રનૌત આજે 37 વર્ષની થઈ ગઈ છે. કંગના તેની ફિલ્મો માટે ઓછી પરંતુ વિવાદોને કારણે વધુ ચર્ચામાં રહે છે. એક્ટ્રેસે એકવાર વાતચીત દરમિયાન કહ્યું હતું કે જ્યારે તે બોલિવૂડમાં નવી-નવી હતી ત્યારે તેની સાથે જાનવર જેવો વ્યવહાર કરવામાં આવતો હતો.

હવે કંગનાને બોલિવૂડની વિવાદાસ્પદ ક્વીન કહેવામાં આવે છે પરંતુ આ એક્ટ્રેસની આછબીને કારણે કરિયરને પણ અમુક હદ સુધી નુકસાન પહોંચાડ્યું છે. ફિલ્મમેકર્સ તેમને તેમની ફિલ્મોમાં કાસ્ટ કરવાથી દૂર રહેવા લાગ્યા છે. કંગનાએ છેલ્લા દસ વર્ષમાં માત્ર એક સુપરહિટ, એક હિટ અને એક એવરેજ ફિલ્મ આપી છે. ગત વર્ષે તે ફિલ્મ 'તેજસ'માં જોવા મળી હતી જે ફ્લોપ રહી હતી. અગાઉ રિલીઝ થયેલી 'ધાકડ'એ માત્ર ત્રણ કરોડની કમાણી કરી હતી. ફ્લોપ ફિલ્મો હોવા છતાં પણ કંગના બોલિવૂડની સૌથી મોંઘી એક્ટ્રેસ પૈકી એક છે. એક ફિલ્મની ફી 15 થી 17 કરોડ રૂપિયા સુધીની હોય છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં કંગનાની કરિયરનો ગ્રાફ નીચો જતા જોવા મળી રહ્યો છે. 10 વર્ષમાં તેની માત્ર એક જ ફિલ્મ 'તનુ વેડ્સ મનુ રિટર્ન્સ' સુપરહિટ બની છે. અગાઉ 2014માં 'ક્વીન' હિટ સાબિત થઈ હતી. તેની 2019ની ફિલ્મ 'મણિકર્ણિકાઃ ધ ક્વીન ઓફ ઝાંસી' પણ એવરેજ સાબિત થઈ. મણિકર્ણિકા પછી છેલ્લાં પાંચ વર્ષમાં કંગનાની પાંચ ફિલ્મો રિલીઝ થઈ છે પરંતુ તે તમામ ફ્લોપ રહી છે.

જો કંગનાની આગામી ફિલ્મોની વાત કરીએ તો ફિલ્મ 'ઈમર્જન્સી'નું નામ સૌથી ઉપર છે. આ ફિલ્મમાં કંગના ઈન્દિરા ગાંધીના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ગત વર્ષે રિલીઝ થવાની હતી પરંતુ તે મોકૂફ થઈ ગઈ હતી. હવે તે 14 જૂન, 2024ના રોજ રિલીઝ થશે.

આ સિવાય કંગના પાસે એક અનટાઈટલ્ડ ફિલ્મ છે જેમાં તે આર. માધવન સાથે જોવા મળશે. કંગના 2021માં આવેલી ફિલ્મ સીતાઃ ધ ઈનકારનેશનમાં કામ કરી રહી હોવાના રિપોર્ટ હતા પરંતુ આ ફિલ્મનું શૂટિંગ હજુ શરૂ થયું નથી. એકંદરે કંગના પાસે હાલમાં 'ઈમર્જન્સી' સિવાય માત્ર બે જ ફિલ્મો છે. વેલ, કંગનાની કરિયરમાં પતનનું એક કારણ તેની વિવાદાસ્પદ છબી છે જેના કારણે ફિલ્મ નિર્માતાઓ તેની ફિલ્મોમાં કામ કરતા શરમાતા હતા. આ જ કારણ છે કે કંગનાએ 2020માં પોતાનું પ્રોડક્શન હાઉસ મણિકર્ણિકા ફિલ્મ્સ ખોલ્યું. તેના બેનર હેઠળ તેણે ફિલ્મ 'ટીકુ વેડ્સ શેરુ' બનાવી હતી.

### 'ગેંગસ્ટર' આસાનીથી મળી ન હતી

કંગનાને શરૂઆતમાં ઘણા રિજેક્શનનો સામનો કરવો પડ્યો હતો. એક ઈન્ટરવ્યૂમાં કંગનાએ બોલિવૂડમાં તેની શરૂઆતની સફર અંગે કહ્યું હતું કે, 'જ્યારે મેં મારી કરિયરની શરૂઆત કરી ત્યારે મારી સાથે કૂતરા જેવો વ્યવહાર કરવામાં આવતો હતો. ઈન્ડસ્ટ્રીના લોકો એવું વર્તન કરતા હતા કે જાણે મને અવાજ ઉઠાવવાનો કોઈ અધિકાર નથી, મારી જરૂર નથી. જ્યારે હું અંગ્રેજીમાં બોલી શકતી ન હતી ત્યારે તેઓ મારી મજાક ઉડાવતા હતા. કંગનાને તેની પહેલી ફિલ્મ 'ગેંગસ્ટર' એટલી સરળતાથી મળી ન હતી. થોડાં વર્ષો પહેલાં કંગનાએ અનુપમ ખેરના ચેટ શો 'કુછ ભી હો સકતા હૈ'માં ફિલ્મ મળવાની કહાણી સંભળાવી હતી.

કંગનાએ કહ્યું હતું કે, 'મને લાગ્યું કે મુંબઈમાં એક મહિનો સંઘર્ષ માટે પૂરતો સમય હશે અને હું એવી ફિલ્મો માટે ઓડિશન આપીશ જે મારા માટે કેટલાક દરવાજા ખોલશે. એકવાર હું 10-15 છોકરીઓ સાથે શૂટની રાહ જોઈ રહી હતી ત્યારે હું એક એજન્ટને મળી જે મને મહેશ ભટ્ટની ઑફિસમાં લઈ ગયો. હું મોહિત સૂરીને મળી અને અનુરાગ બાસુએ મારી તસવીરો જોઈ. આ પછી મેં 'ગેંગસ્ટર'ના રોલ માટે ઓડિશન આપ્યું. 15 વર્ષની ઉંમરે કંગના પરિવારને જાણ કર્યાa વગર દિલ્હી પહોંચી ગઈ હતી. ઘણી મહેનત પછી દિલ્હીના ઈન્ડિયા હેબિટેટ સેન્ટરમાં અભિનય કરવાનો મોકો મળ્યો હતો. 5-6 મહિના પછી એક્ટિંગ વર્કશોપના અરવિંદ ગૌરે કંગનાને તક આપી.



# દીપિકા-રણવીરે લગ્નનો વીડિયો કેમ મોડો શેર કર્યો?

## વેડિંગ ફિલ્મમેકરે કર્યો ખુલાસો; કેટલાક લોકો જે જુએ છે તેના પર ઘણો વિશ્વાસ કરે છે



(એજન્સી) મુંબઇ | દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે 5 વર્ષ પછી પોતાના લગ્નનો વીડિયો શેર કેમ કર્યો તેનું કારણ સામે આવ્યું છે. આ લગ્નને કવર કરનાર વેડિંગ ફિલ્મમેકરે આ વાતનો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે કેટલાક લોકો જે જુએ છે તેના પર ઘણો વિશ્વાસ કરે છે. તેમને લાગે છે કે જો આપણે આપણી અંગત વાતો લોકો સાથે શેર કરીએ તો તેનાથી ખરાબ નજર લાગી શકે છે. કદાચ આ જ કારણ હશે કે રણવીર-દીપિકાને લગ્નનો વીડિયો શેર કરવામાં આટલો સમય લાગ્યો.રણવીર-દીપિકા ઉપરાંત વિશાલ પંજાબી નામના આ વેડિંગ ફિલ્મમેકરે અનુષ્કા-વિરાટ અને સિદ્ધાર્થ-કિઆરાના લગ્નનું શૂટિંગ પણ કર્યું છે. ઓલ અબાઉટ ઈવ પોડકાસ્ટ સાથે વાત કરતી વખતે તેમણે કહ્યું- મને લાગતું હતું કે રણવીર અને દીપિકા તેમના લગ્નનો વીડિયો ક્યારેય શેર કરશે નહીં. મને લાગે છે કે કેટલીક વસ્તુઓ ખાનગી છોડી દેવી વધુ સારી છે. લોકોને લાગે છે કે જો તેઓ તેમની ખુશીની ક્ષણોને દુનિયા સમક્ષ જાહેર કરે છે, તો તેઓને ખરાબ નજરનો સામનો કરવો પડી શકે છે. વિશાલે વધુમાં જણાવ્યું હતું કે, ક્યારેક સોશિયલ મીડિયા પર ખૂબ જ ટોક્સિસિટી જોવા મળે છે. આ કારણે સેલિબ્રિટી પોતાની ખાસ પળોને શેર કરવાનું ટાળે છે. બીજું, સેલેબ્સ હંમેશા કેમેરા, મેકઅપ અને શૂટિંગથી ઘેરાયેલા હોય છે. તેથી, જ્યારે તેઓ લગ્ન કરે છે, ત્યારે તેઓ વિચારે છે કે તેને શક્ય તેટલું ખાનગી રાખવું જોઈએ. વિશાલે કહ્યું કે દીપિકા-રણવીર અને અનુષ્કા-વિરાટે પોતાના લગ્નમાં એવા લોકોને જ આમંત્રણ આપ્યું હતું જેમની સાથે તેઓ સૌથી નજીક છે. બંનેએ તેમના લગ્નની થીમ ખૂબ જ હળવી અને શાનદાર રાખી હતી. બહુ ઠાઠમાઠ અને શોભા ન હતો. વિશાલના કહેવા પ્રમાણે, દીપિકા અને રણવીરના લગ્નમાં સિંગર હર્ષદીપ કૌર લાઈવ પરફોર્મ કરી રહી હતી. ટીઝરમાં ગીતનો ઉપયોગ કરવા માટે એક અલગ રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું.

**2018માં ઈટાલીમાં ડેસ્ટિનેશન વેડિંગ :** દીપિકા પાદુકોણ અને રણવીર સિંહના લગ્ન 2018માં થયા હતા. બંનેની પહેલી મુલાકાત ફિલ્મ 'ગોલિયોં કી રાસલીલાઃ રામલીલા'ના સેટ પર થઈ હતી. સાથે કામ કરતી વખતે બંને પ્રેમમાં પડ્યા અને 5 વર્ષના સંબંધ પછી બંનેએ લગ્ન કરી લીધા. હાલમાં જ દીપિકાએ પણ પોતાની પ્રેગ્નન્સીની જાહેરાત કરી છે. તે સપ્ટેમ્બર સુધીમાં માતા બની જશે. દીપિકા અને રણવીર 'ગોલિયોં કી રાસલીલા રામલીલા', 'પદ્માવત', 'બાજીરાવ મસ્તાની' અને '83'માં સાથે જોવા મળ્યા છે. આ સિવાય દીપિકાએ રણવીરની ફિલ્મ 'સર્કસ'માં પણ કેમિયો કર્યો છે.

# નેશનલ ક્રશ તૃપ્તિ ડિમરી રૂમર્ડ બોયફ્રેન્ડ સાથે જોવા મળી

(એજન્સી) મુંબઇ | ફિલ્મ 'એનિમલ'થી લાઈમલાઇટમાં આવેલી તૃપ્તિ ડિમરી હાલમાં જ તેના રૂમર્ડ બોયફ્રેન્ડ સેમ મર્ચન્ટ સાથે જોવા મળી હતી. તૃપ્તિ કેઝ્યૂઅલ લૂકમાં જોવા મળી હતી. તૃપ્તિનો રૂમર્ડ બોયફ્રેન્ડ સેમ ગોવાના લક્ઝરી વીઆઈપી રિસોર્ટ 'કાસા વોટર્સ'નો સીઈઓ છે. તેણે એક સમયે મોડલિંગ પણ કર્યું છે અને તે ટ્રાવેલ બ્લોગર પણ છે. વર્ક ફ્રન્ટની જો વાત કરીએ તો તૃપ્તિની આગામી ફિલ્મ કાર્તિક આર્યન સ્ટારર 'ભૂલભુલૈયા-3' છે. મેકર્સે તાજેતરમાં આની જાહેરાત કરી છે. આ ફિલ્મ આ વર્ષે દિવાળી પર રિલીઝ થવાની છે. આ સિવાય તૃપ્તિ વિકી કૌશલ સાથે 'મેરે મહેબૂબ મેરે સનમ' જેવી ફિલ્મો પણ કરી રહી છે.અરબાઝ ખાન મુંબઈ એરપોર્ટ પર પત્ની શૂરા સાથે હાથ પકડીને જોવા મળ્યો હતો. બંને કેઝ્યૂઅલ લૂકમાં જોવા મળ્યા હતા. અરબાઝ ખાને 24 ડિસેમ્બરે 16 વર્ષ નાની શૂરા સાથે લગ્ન કર્યા હતા.રકુલ પ્રીત અને જેકી ભગનાનીએ ગયા મહિને 21 ફેબ્રુઆરીએ ગોવામાં લગ્ન કર્યા હતા. કપલના લગ્નને એક મહિનો વીતી ગયો. આવી સ્થિતિમાં બંને ગૌરી ખાનની રેસ્ટોરન્ટમાં જતા જોવા મળ્યા હતા. જ્યાં રકુલ ગ્રીન ડ્રેસમાં ગ્લેમરસ લાગી રહી હતી. જેકી કેઝ્યૂઅલ લૂકમાં જોવા મળ્યો હતો.



# મિસકેરેજને લઈને રાનીની પીડા છલકાઈ

## અભિનેત્રીએ કહ્યું, 'બાળક ગુમાવવું મારા માટે અત્યંત પીડાદાયક હતું, સંતાનને જન્મ આપવાની ઉંમર વીતી ગઈ છે'

(એજન્સી) મુંબઇ | મિસકેરેજને લઈને રાની મુખર્જીની પીડા છલકાઈ છે. રાનીએ કહ્યું કે તે તેની પુત્રી અદિરાને નાનો ભાઈ કે બહેન આપવા માંગતી હતી, તે ઈચ્છતી ન હતી કે તેની દીકરી એકલી રહે. આ વાતને ધ્યાનમાં રાખીને તેણે પ્રેગ્નેન્સીની યોજના બનાવી હતી, પરંતુ કમનસીબે મિસકેરેજ થઇ ગયું હતું. રાનીએ કહ્યું કે, તેણે બીજા બાળક માટે 7 વર્ષ સુધી કોશિશ કરી, પરંતુ તે થઈ શક્યું નહીં. રાનીએ કહ્યું કે તે હવે 46 વર્ષની થવાની છે. હવે જે થવાનું હતું તે થઈ ગયું. આ હવે સંતાનને જન્મ આપવાની આ ઉંમર નથી.

રાની મુખર્જીએ ગલાટ્ટા ઈન્ડિયાને કહ્યું, 'મારી દીકરી આજે 8 વર્ષની થઈ ગઈ છે. જ્યારે તે દોઢ વર્ષની હતી, ત્યારે મેં પહેલાથી જ બીજા બાળકની યોજના બનાવી હતી. હું પ્રયત્ન કરતી રહી અને ગર્ભવતી પણ થઈ. જોકે મેં મારું આ બાળક ગુમાવ્યું છે. આ મારા માટે ખૂબ જ કસોટીનો સમય હતો. હું સંપૂર્ણ આઘાતમાં સરી ગયી હતી'

રાનીએ આગળ કહ્યું, 'હું હવે 46 વર્ષની થવાની છું. બાળકો જન્મ આપવાની આ કોઈ ઉંમર નથી. તે ખૂબ જ દુ:ખની વાત છે કે હું મારી પુત્રીને ભાઈ-બહેન ના આપી શકી, જો કે, મને લાગે છે કે આપણને જે મળ્યું છે તેના માટે આપણે હંમેશા ભગવાનનો આભાર માનવો જોઈએ. અદિરા મારા માટે એક ચમત્કાર સમાન છે. હું તેને પામીને ખૂબ જ ખુશ છું. મારા માટે ફક્ત તેનું હોવું પૂરતું છે.

રાની 2021માં માતા બનવા જઈ રહી હતી, તેના 5 મહિનાના બાળકનું કસુવાવડ થઈ ગયું હતું 2023 માં, રાની મુખર્જી મેલબોર્નના 14મા ભારતીય ફિલ્મ ફેસ્ટિવલનો ભાગ બની. આ દરમિયાન તેણે મિસકેરેજનો ખુલાસો કર્યો હતો. રાનીએ જણાવ્યું કે તે કોવિડ મહામારી વચ્ચે વર્ષ 2020માં ગર્ભવતી થઇ હતી. તેની ગર્ભાવસ્થાને 5 મહિના થઈ ગયા હતા, પરંતુ તે પછી મિસ કેરેજ થયું હતું. રાનીએ આ વાત ગુપ્ત રાખી કારણ કે તે માનતી હતી કે લોકો તેને ફિલ્મ પ્રમોશન વ્યૂહરચના તરીકે ગણશે.



### સિદ્ધાર્થ આનંદ 'નાયક'ની સિકવલ બનાવવાનું પ્લાનિંગ કરી રહ્યા છે...

# અનિલ કપૂર સ્ટારર 'નાયક' ફિલ્મની પણ સિકવલ બનશે




(એજન્સી) મુંબઇ | વર્ષ 2001માં રિલીઝ થયેલી અનિલ કપુર અને રાની મુખરજીની ફિલ્મ 'નાયક'ને આજે પણ દર્શકો યાદ કરે છે, હવે જ્યારે અનેક ફિલ્મોની સિકવલની વાત થઈ રહી છે તો ચર્ચા છે કે નાયકની પણ સિકવલની તૈયારી થઈ રહી છે.ખબરો મુજબ 'ફાઈટર' અને 'પઠાન' જેવી ફિલ્મના મેકર સિદ્ધાર્થ આનંદ 'નાયક'ની સિકવલ બનાવવાનું પ્લાનિંગ કરી રહ્યા છે. જો કે તે ફિલ્મને ડિરેક્ટ નહીં કરે. માત્ર પ્રોડ્યૂસ કરશે. ફિલ્મને મિલન લૂથરિયા ડિરેક્ટ કરશે.ફિલ્મના લેખક રજત અરોરા ફિલ્મની કથા પર કામ કરી રહ્યા છે.'નાયક' જે રીતે રાજનીતિ પર આધારિત હતી તે રીતે સિકવલ પણ રાજનીતિ પર આધારિત રહેશે. સિકવલ ફિલ્મમાં એક્શન અને ડ્રામા રહેશે. મેકર્સ ફિલ્મને મોટા સ્કેલમાં બનાવવાની તૈયારી કરી રહ્યા છે.

જો કે હજુ એ સ્પષ્ટ નથી થયું કે સિકવલમાં અનિલ કપૂર મુખ્ય ભૂમિકા ભજવશે કે અન્ય કોઈ, જો કે ખબર છે કે કોઈ એ-લિસ્ટનો કલાકાર જ મુખ્ય ભૂમિકા ભજવશે. ઉલ્લેખનીય છે કે અનિલ કપૂર અને અમરીશ પુરીની બ્લોકબ્લસ્ટર મૂવી નાયકે દર્શકોને ખૂબ પસંદગી આવી હતી. આજે પણ અનિલ કપૂરની એવરગ્રીન ફિલ્મોમાં નાયક ફિલ્મનો અચૂક સમાવેશ થાય છે.

# દિલજીતના થયા લગ્ન? નિશા બાનોએ તસવીર શેર કરીને જણાવ્યું સત્ય

(એજન્સી) મુંબઇ | દિલજીત દોસાંજના ગુપ્ત લગ્નને લઈને ઈન્ટરનેટ પર અટકળો ચાલી રહી છે. આ બધું સોશિયલ મીડિયા પર કિયારા અડવાણીના જૂના ઈન્ટરવ્યુથી શરૂ થયું હતું જેમાં તેણે અજાણતાં દિલજીતના પુત્રનો ઉલ્લેખ કર્યો હતો. ત્યાર બાદ તરત જ નેટીઝન્સે લોકપ્રિય પંજાબી ગાયક દિલજીત દોસાંઝના લગ્નની તસવીર શોધી કાઢી અને તેને સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધી હતી. દિલજીત દોસાંઝ અને નિશા બાનોના લગ્નની તસવીર વાયરલ થયા બાદ હવે પંજાબી સિંગર અને એક્ટ્રેસ નિશાએ આ મામલે પોતાનું મૌન તોડ્યું છે અને આ ફોટો પાછળનું સત્ય જણાવ્યું છે.

કિયારાના નિવેદન બાદ અફવાઓ ઉડવા લાગી હતી ત્યારબાદ દિલજીત દોસાંજ ચર્ચામાં આવ્યા હતા. ગુડ ન્યૂઝના પ્રમોશન દરમિયાન અભિનેત્રીએ કહ્યું હતું કે તેના સિવાય અન્ય 3 કલાકારો પરિણીત છે અને તેમના બાળકો પણ છે. જેના પરથી સ્પષ્ટ થયું કે દિલજીત પરિણીત છે અને તેને એક પુત્ર પણ છે. તો બીજી તરફ સોશિયલ મીડિયા પર જે તસવીરો અને વીડિયો વાયરલ થઈ રહ્યા છે. જેમાં દિલજીત દોસાંઝ અને નિશા બાનુ સાથે જોવા મળી રહ્યા છે. તેમાંથી એકમાં દિલજીતની નજીક એક નાનું બાળક દેખાય છે જેને લોકોએ તેનો પુત્ર ગણાવ્યો હતો. આ તસવીરો અને વીડિયો શેર કરીને નિશા બાનોએ સત્ય જાહેર કર્યું છે.

### નિશા બાનોએ દિલજીત દોસાંજ સાથેના લગ્ન વિશે ખુલાસો કર્યો

પંજાબી ગાયિકા નિશા બાનો કે જેઓ જાણીતી પંજાબી ગાયિકા અને અભિનેત્રી છે તેણે પોતાના અને દિલજીતના લગ્નની અફવાઓ પર પ્રતિક્રિયા આપી છે. સિંગર નિશાએ પોતાના સોશિયલ મીડિયા પર દિલજીત સાથેના લગ્ન વિશે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. નિશા બાનોએ ખુલાસો કર્યો કે તેણે સમીર માહી સાથે લગ્ન કર્યા છે. દિલજીત સાથેના મારા લગ્નના સમાચાર ખૂબ વાયરલ થઈ રહ્યા છે અને ઘણા લોકો વીડિયો અને તસવીરમાં ટેગ કરીને મેનુ શેર કરી રહ્યા છે પરંતુ પંજાબી નુ તને ખબર નથી હું કોઈની પત્ની છું. આ બધું જુઠ્ઠું છે.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, દિલજીત ઈમ્તિયાઝ અલી દ્વારા નિર્દેશિત આગામી બાયોપિક 'અમર સિંહ ચમકીલા'માં મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં પરિણીતી ચોપરા પણ છે તે Netflix પર 12 એપ્રિલે રિલીઝ થશે.



# ફરહાન પોતાના અભિનય પ્રોજેક્ટ પર ધ્યાન આપવા માટે ડોન 3ને લંબાવી

મુંબઇ | ફરહાન અખ્તરે રણવીર સિંહ અને કિયારા અડવાણી સાથે ડોન 3ની ઘોષણા કરી છે. પરંતુ ફિલ્મની શરૂઆત લંબાતી જાય છે. આ ફિલ્મથી ફરહાન ફરી દિગ્દર્શન કરવાનો છે. ફરહાનને આ ફિલ્મનું શૂટિંગ ઓગસ્ટ મહિનાથી કરવાની ઈચ્છા હતી. પરંતુ હવે પોતે પોતાના અભિનયના પ્રોજેક્ટને પ્રાથમિકતા આપી રહ્યો હોવાથી આ ફિલ્મ ડિસેમ્બર મહિનાની આસપાસ શરૂ કરે તેવી શક્યતા છે. ફરહાન ત્રણ વરસપછી રૂપેરી પડદે અભિનય કરવાનો હોવાથી તે પોતાની ફિલ્મને પ્રાધાન્ય આપી રહ્યો છે. સોશયલ મીડિયાના એક પોર્ટલના રિપોર્ટના અનુસાર, ફરહાન હવે પોતાના એકટિંગ રોલ પર ફોકસ કરશે. તે એક એકશન એન્ટરટેનરમાં અભિયન કરવાનો છે. આ ફિલ્મનું શૂટિંગ જૂન મહિનાથી શરૂ થવાનું છે.જોકે ફિલ્મના વિશે કોઈ માહિતી આપવામાં આવી નથી. એક રિપોર્ટ એવો પણ છે કે, ડોન 3ની સ્ક્રિપ્ટ હજી અધુરી હોવાથી શૂટિંગ શરૂ થઇ શકે એમ નથી. ફરહાન અને પુષ્કર-ગાયત્રી લખી રહ્યા છે. સ્ક્રિપ્ટને પૂરી કરવા માટે થોડો વધુ સમય લાગે એમ હોવાથી આ ફિલ્મ શરૂ થવાની કોઈ શક્યતા જ નથી.

# અભિષેક બચ્ચન ખજૂરાહો બેઠકથી ચૂંટણી લડે તેવી શક્યતા



(એજન્સી) મુંબઇ | ખજૂરાહો બેઠકથી બોલિવૂડ અભિનેતા લોકસભાની ચૂંટણી લડી શકે છે તેવી અટકળો થઈ રહી છે. સમાજવાદી પક્ષના નેતા અખિલેશ યાદવ મધ્યપ્રદેશના ખજૂરાહો લોકસભા બેઠક પરથી અભિષેક બચ્ચનને ચૂંટણીની ટિકિટ આપી શકે છે. ઉલ્લેખનીય છે કે ખજૂરાહો બેઠક પરથી ભાજપના અધ્યક્ષ વિષ્ણુ દત્ત શર્માને ચૂંટણીમાં ઉતાર્યા છે. સૂત્રોના મતે, સમાજવાદી પાર્ટી અભિષેક બચ્ચનને ચૂંટણીની ટિકિટ આપી ઈન્ડિયા ગઠબંધન સામે હાઈપ ઊભો કરી શકે છે.

બોલિવૂડ અભિનેતા ગોવિંદા બીજી વખત રાજકારણમાં ઉતરશે. તાજેતરમાં ગોવિંદાએ મહારાષ્ટ્રના સી.એમ. એકનાથ શિંદે સાથે મુલાકાત કરી હતી. મુલાકાત બાદ એવી અટકળો ચાલી રહી હતી કે ગોવિંદા મુંબઈના ઉત્તર પ્રિમ મુંબઈ સીટ પરથી ચૂંટણી લડી શકે છે. આ સીટ પર એકનાથ શિંદે પાર્ટીની છે. આ સીટ ભાજપ સાથે ગઠબંધન હેઠળ એકનાથ શિંદેને મળી શકે છે. જ્યાથી ફિલ્મ એક્ટર ગોવિંદા ચૂંટણી લડી શકે છે. હાલ આ સીટ પર શિવસેનાના ગજાનન કીર્તિકર સાંસદ છે પરંતુ શિવસેના તેમને રિપીટ કરવા નથી માંગતી.ઉલ્લેખનીય છે કે ગોવિંદા જો આ સીટ પરથી ચૂટણી લડે તો આ તેમની બીજી ચૂંટણી હશે. આ પહેલાં તેઓ 2004માં કૉંગ્રેસમાંથી ચૂંટણી લડીને વિપક્ષી ઉમેદવારને 50 હજાર મતોથી માત આપી હતી.

# શું ધોની પોતાની છેલ્લી IPL રમી રહ્યો છે?:સુકાની પદ છોડવા છતાં રમવાનું ચાલુ રાખશે

(એજન્સી) ચેન્નાઈ | તા.23

પહેલા ઋતુરાજ ગાયકવાડ કેપ્ટનના ફોટોશૂટમાં તેની જગ્યાએ CSKના કેપ્ટન તરીકે પહોંચ્યો હતો. IPL મેનેજમેન્ટે પુષ્ટિ કરી છે કે ગાયકવાડ આ સિઝનમાં ધોનીની જગ્યાએ CSKની કેપ્ટનશિપ કરશે. સુકાની પદ છોડવા છતાં ધોની રમવાનું ચાલુ રાખશે. જોકે, હવે એવી અટકળો ચાલી રહી છે કે આ 42 વર્ષીય ધોનીની છેલ્લી IPL સિઝન હોઈ શકે છે. રુતુરાજ ગાયકવાડ (યલો જર્સી) IPLના કેપ્ટન ડે ફોટોશૂટમાં CSKના કેપ્ટન તરીકે પહોંચ્યો હતો. રુતુરાજ ગાયકવાડ (યલો જર્સી) IPLના કેપ્ટન ડે ફોટોશૂટમાં CSKના કેપ્ટન તરીકે પહોંચ્યો હતો. માહીએ કહ્યું હતું- ચેપોકમાં છેલ્લી મેચ રમશે

ધોનીએ ગત સિઝનમાં જ કહ્યું હતું કે તે ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં તેની કારકિર્દીની છેલ્લી મેચ રમશે. ગત સિઝનમાં ચેન્નઈએ તેની છેલ્લી મેચ ગુજરાતના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમી હતી. જે ટુર્નામેન્ટની ફાઈનલ પણ હતી.

CSK તે જીતી હતી પરંતુ ચેપોકમાં મેચ યોજાઈ ન હોવાથી, ધોનીએ વધુ એક સિઝન માટે ટીમ સાથે રહેવાનું નક્કી કર્યું. હવે CSKની ટીમ ચેપોકમાં ટુર્નામેન્ટની પ્રથમ મેચ રમશે. આ મેચ RCB સામે હશે, જે ધોનીના કરિયરની છેલ્લી IPL મેચ પણ બની શકે છે. જોકે, ડેવોન કોનવેની ઈજા બાદ ધોની હવે કેટલીક વધુ મેચ રમવાનું ચાલુ રાખી શકે છે.



### જો કોનવે રમ્યો હોત, તો ધોની ચોક્કસપણે વહેલા નિવૃત્ત થઇ ગયો હોત

ન્યૂઝીલેન્ડનો ડેવોન કોનવે છેલ્લી 2 સિઝનથી CSK માટે ઓપનિંગ કરી રહ્યો છે અને તે ખૂબ જ સફળ ઓપનર છે. ટુર્નામેન્ટ શરૂ થતા પહેલા તે ઈજાગ્રસ્ત થયો હતો, હવે તે મેના પહેલા અઠવાડિયા સુધી પરત ફરી શકશે નહીં. કોનવે બેટિંગની સાથે વિકેટકીપિંગ પણ કરે છે અને ધોની પણ વિકેટકીપર બેટર છે. તેનો અર્થ એ કે, જો કોનવે ફિટ રહ્યો હોત, તો CSKને વિકેટકીપિંગ માટે ધોનીની જરૂર ન પડી હોત. પરંતુ હવે કોનવે ઈજાગ્રસ્ત છે અને તેના સિવાય અનકેપ્ડ અવનીશ રાવ અરવેલી ટીમમાં એકમાત્ર વિકેટકીપર છે. જેણે હજુ સુધી IPLમાં ડેબ્યુ કર્યું નથી.

### લીગ તબક્કાની છેલ્લી મેચ સાથે પણ નિવૃત્તિ શક્ય

વર્તમાન પરિસ્થિતિઓને જોતા, એવી સંભાવના છે કે ધોની ચેપોક સ્ટેડિયમમાં રમાનારી છેલ્લી મેચ સાથે લીગ તબક્કામાં ક્રિકેટને અલવિદા કહી શકે છે. ચેપોકમાં છેલ્લી મેચ ક્યારે થશે, તે સંપૂર્ણ કાર્યક્રમ જાહેર થયા બાદ જ સ્પષ્ટ થશે. જો કે, જો CSK પ્લેઑફ અથવા ફાઈનલમાં પહોંચે છે અને આ મેચ ચેન્નઈમાં યોજાય છે, તો ધોની ચોક્કસપણે પ્લેઑફ સુધી રમવાનું નક્કી કરી શકે છે. CSKએ 2022માં પણ કેપ્ટન બદલ્યો હતો ઋતુરાજ ગાયકવાડ CSKનો ચોથો કેપ્ટન છે. તેના પહેલા રવીન્દ્ર જાડેજાએ 8 મેચમાં CSK અને સુરેશ રૈનાએ 5 મેચમાં કેપ્ટનશિપ કરી હતી. તે મેચમાં રૈનાએ ત્યારે જ કમાન સંભાળી હતી જ્યારે ધોની ઈજા કે અન્ય કોઈ કારણોસર કેપ્ટનશિપ કરી શક્યો ન હતો. જ્યારે જાડેજાને 2022ની સિઝનની શરૂઆત પહેલાં કેપ્ટન બનાવવામાં આવ્યો હતો.

### IPLની 100 મેચ જીતનાર ધોની એકમાત્ર કેપ્ટન છે

IPLના ઈતિહાસમાં એમએસ ધોની સૌથી સફળ કેપ્ટન છે. તેણે 226 IPL મેચમાં કેપ્ટનશિપ કરી અને 133માં ટીમને જીત અપાવી. તેમની કેપ્ટનશિપમાં CSKએ 5 ટાઈટલ જીત્યા, આ મામલામાં ભૂતપૂર્વ MI કેપ્ટન રોહિત શર્મા પણ 5 ટાઈટલ જીતીને નંબર-1 કેપ્ટન છે. જો કે, રોહિત પણ પોતાની કેપ્ટનશિપમાં ટીમને 100 થી વધુ IPL મેચ જીતાડવામાં સફળ રહ્યો નથી. ધોનીએ એક ખેલાડી તરીકે 250 IPL મેચ રમી છે. જેમાં તેણે 135.92ની સ્ટ્રાઈક રેટથી 5082 રન બનાવ્યા હતા. ધોનીએ 24 અડધી સદી ફટકારી હતી.

### ધોનીએ 2020માં આંતરરાષ્ટ્રીય સ્તરે નિવૃત્તિ લીધી હતી

એમએસ ધોનીએ 2020માં જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી. 15 ઓગસ્ટ, 2020ના રોજ, સાંજે 7:29 વાગ્યે, માહીએ સોશિયલ મીડિયા પોસ્ટથી તેની નિવૃત્તિની જાહેરાત કરી. તે એકમાત્ર એવો કેપ્ટન છે કે જેમણે તેની કેપ્ટનશિપ હેઠળ ભારતને ICC ચેમ્પિયન્સ ટ્રોફી (2013), ODI વર્લ્ડ કપ (2011) અને T20 વર્લ્ડ કપ (2007) જીતાડ્યું છે.

# ગુજરાતને મો. શમીની ખોટ વર્તાઈ શકે છે:ટીમ પાસે પર્ફેક્ટ કોમ્બિનેશન



(એજન્સી) અમદાવાદ | તા.23

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં પોતાની ડેબ્યુ સિઝનમાં ટાઈટલ જીતનારી ગુજરાત ટાઈટન્સ પાસે મજબૂત ટીમ છે, પરંતુ કેપ્ટન હાર્દિક પંડ્યા મુંબઈ ગયા બાદ અને મોહમ્મદ શમી ઈજાના કારણે ખસી ગયા બાદ ટીમની ઝડપી બોલિંગ પર અસર પડી છે. બે સિઝનમાં ફાઈનલમાં પહોંચેલી ગુજરાત તેની પ્રથમ મેચ 24 માર્ચે અમદાવાદમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે રમશે. યુવા શુભમન ગિલ ટીમની કમાન સંભાળી રહ્યો છે. છેલ્લા ઓક્શનમાં ગુજરાત ફ્રેન્ચાઈઝીએ 2 વિદેશી સહિત 8 ખેલાડીઓનો સમાવેશ થાય છે. બોલિંગમાં રાશિદ ખાન અને નૂર અહેમદ જેવા ક્વોલિટી સ્પિનર્સ છે, જ્યારે પેસ એટેકની જવાબદારી અનુભવી ઉમેશ યાદવ, મોહિત શર્મા, જોશુઆ લિટલ અને કાર્તિક ત્યાગી પર રહેશે.

### વેડ-મિંઝ ઓપનિંગ મેચ નહીં રમે, શમી આખી ટુર્નામેન્ટમાંથી બહાર

ગુજરાત પાસે મજબૂત બેટિંગ લાઈન છે. સાઈ સુદર્શન ટોપ ઓર્ડરમાં કેપ્ટન શુભમન ગિલ સાથે ઓપનિંગ કરતો જોવા મળી શકે છે. સાથે જ, અનુભવી બેટર કેન વિલિયમસન ત્રીજા નંબરની કમાન સંભાળી શકે છે. મિડલ ઓર્ડરમાં ડેવિડ મિલર, રોબિન મિંઝ અને મેથ્યુ વેડ જેવા બેટર્સ છે, જ્યારે ઓલરાઉન્ડર રાશિદ ખાન અને રાહુલ તેવટિયા ફિનિશરની ભૂમિકા શ્રેષ્ઠ છે.

### ગુજરાતની મજબૂત ટોપ ઓર્ડર ટીમ પાસે શુભમન ગિલ માનવુ છે

સાઈ સુદર્શન અને કેન વિલિયમસનના રૂપમાં મજબૂત ટોપ ઓર્ડર છે. ગિલ ગત સિઝનનો ટોપ સ્કોરર હતો. તેણે 17 મેચમાં 3 સદી અને 4 અડધી સદીની મદદથી 890 રન બનાવ્યા. સુદર્શને પણ ત્રણ ફિફ્ટી સહિત 362 રન બનાવ્યા હતા. વિલિયમસન ઈજાને કારણે છેલ્લી સિઝનમાં રમી શક્યો ન હતો, પરંતુ તે લીગમાં સ્થાપિત બેટર છે.

# રચિન-રહાણેએ પકડ્યો વિરાટનો શાનદાર કેચ

(એજન્સી) ચેન્નાઈ | તા.23

અજિંક્ય રહાણે અને રચિન રવિન્દ્રએ પકડ્યો શાનદાર કેચ ઈન્ડિયન પ્રીમિયર લીગ 2024ની પ્રથમ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે ચેપોક સ્ટેડિયમમાં રમાઈ રહી છે. આ મેચમાં RCBએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરવા આવેલી RCBની શરૂઆત સારી રહી હતી. કેપ્ટન ફાફ ડુ પ્લેસિસે આવતાની સાથે જ બાઉન્ડ્રી ફટકારી હતી. તેને બીજા છેડેથી વિરાટ કોહલીનો પૂરો સાથ મળ્યો. જોકે, ઈજા બાદ પરત ફરેલા મુસ્તાફિઝુર રહેમાને CSK માટે વાપસી કરી હતી. આ દરમિયાન અજિંક્ય રહાણે અને રચિન રવિન્દ્રએ વિરાટ કોહલીનો શાનદાર કેચ પકડ્યો હતો, જેનો વીડિયો હવે વાયરલ થઈ રહ્યો છે.ચેન્નાઈ તરફથી મુસ્તાફિઝુર રહેમાને 12મી ઓવર ફેંકી હતી. ઓવરના



બીજા બોલ પર તેણે વિરાટ કોહલીને પેવેલિયનનો રસ્તો બતાવ્યો હતો. વિરાટ કોહલી રહેમાનની એક લેન્થ ડિલિવરીનો પાછળનો ભાગ ફેરવે છે અને તેને ખેંચવાનો પ્રયાસ કરે છે. બોલની સ્પીડ વધારે નથી, આવી સ્થિતિમાં વિરાટ કોહલીએ ઘણી તાકાતનો ઉપયોગ કરવો પડે છે અને બોલ બાઉન્ડ્રી લાઈનની બહાર પહોંચાડી શકતો નથી. રહાણે ડીપ મિડ-વિકેટ તરફ સરકી ગયો અને કેચ પકડ્યો હતો. તે બાઉન્ડ્રી ટચ થવા જતો હતો.

# છલકાયું સુરેશ રૈનાનું દર્દ, 'મિસ્ટર IPL'એ કહ્યું- હું તેમને બેટિંગ કરતાં જોવા માંગુ છું

(એજન્સી) ચેન્નાઈ | તા.23

IPL T20 : આઈપીએલ 2024ની ઓપનિંગ મેચ સાથે ફરી એકવાર MS ધોની ક્રિકેટના મેદાનમાં વાપસી કરવા માટે તૈયાર છે. RCB અને CSK વચ્ચેની આ બ્લોકબસ્ટર મેચ પહેલા ભારતના પૂર્વ બેટ્સમેન સુરેશ રૈનાએ એમએસ ધોનીને ખાસ અપીલ કરી હતી. આરસીબી સામે ટૂર્નામેન્ટની ઓપનિંગ મેચ પહેલા ચેન્નઈ સુપર કિંગ્સની કેપ્ટનશીપ ઋતુરાજ ગાયકવાડને સોંપવામાં આવી છે. રૈનાએ આઈપીએલ 2024માં ધોની પાસે તેની અપેક્ષાઓ વ્યક્ત કરતાં કહ્યું કે, ધોની માટે આ એક મોટી આઈપીએલ હશે કારણ કે તે હવે ટીમના કેપ્ટનશીપ નહીં કરે, પરંતુ આશા રાખીએ કે, CSK આ સિઝનમાં પણ તેની ચેમ્પિયનશિપ માનસિકતા જાળવી રાખશે. તે ફિટ દેખાઈ રહ્યો છે, હું તેને ટોપના ક્રમે બેટિંગ કરતો જોવા માગું છું: રૈના રૈનાએ કહ્યું કે, સૌથી મહત્ત્વની વાત એ છે કે તે ફિટ દેખાઈ રહ્યો છે. હું તેને ટોપના ક્રમે બેટિંગ કરતો જોવા માગું છું. સમગ્ર દુનિયા તેમને 5 ઓવર સુધી બેટિંગ કરતી જોવા માંગે છે, નહીં કે માત્ર છેલ્લી 2 ઓવર... જ્યારે તે ક્રિઝ પર આવશે ત્યારે તેને સેટ થતાં થોડો સમય લાગશે, પરંતુ તે પછી તમે તેના હેલિકોપ્ટર શોટ્સનો આનંદ લઈ શકશો. રૈનાએ વધુ વાત કરતાં કહ્યું કે, ધોની એક ઓપરેશનમાંથી પસાર થઈ રહ્યો છે. તે કેપ્ટનશીપ નહીં કરે, એટલા માટે આ તેની એક મોટી IPL હશે. તેઓને પણ આશા રહેશે કે CSK તેનો વારસો આગળ વધારશે. આવું ત્યારે થશે જ્યારે ઋતુરાજ, શિવમ દુબે અને ડેરીલ મિશેલ તેમની જવાબદારી સારી રીતે નિભાવશે. એવું પૂછવામાં આવ્યું કે, શું આરસીબી ચેપોકમાં CSKને હરાવી શકે છે, જ્યાં યલો આર્મીએ રમેલી 64 મેચમાંથી 45 મેચ પર જીત મેળવી હતી. રૈનાએ કહ્યું, 'મને લાગે છે કે RCBની પાસે CSKને હરાવવાની ટીમ છે. આ સિવાય જે પણ ટીમ સીએસકે સામે રમશે તે કહેશે કે હવે ઋતુરાજ કેપ્ટન છે, ધોની નહીં. એટલા માટે પણ વિરોધી ટીમનું મનોબળ વધી શકે છે.



# ઋતુરાજ ગાયકવાડના રવીન્દ્ર જાડેજા જેવા હાલ થઈ જશે ?



(એજન્સી) નવી દિલ્હી | તા.23

આજથી ક્રિકેટના મહાકુંભ IPLની 2024 સીઝનની શરૂઆત થઈ રહી છે. આઈપીએલની શરૂઆત પૂર્વે જ માહીએ નવા રોલની જાહેરાત કરી દીધી હતી અને સંભવિત હતુ કે ચેન્નાઈ સુપર કિંગને 2024ના એડિશનમાં કોઈ નવો ખેલાડી જ લીડ કરશે અને ગઈકાલે યોજાયેલા કેપ્ટનોના ફોટોશૂટમાં ચેન્નાઈના નવા કેપ્ટન ઋતુરાજ ગાયકવાડની આધિકારીક જાહેરાત થઈ છે. ધોની કોઈપણ નિર્ણય સમજ્યા-વિચાર્યા વગર નથી લેતા તેના અનેક ઉદાહરણો આપણે ભૂતકાળમાં જોયા છે. જોકે CSKના નવા કેપ્ટન અંગે ધોનીએ એક મજબૂત નિર્ણય ભવિષ્યને ધ્યાને રાખીને લીધો છે. 2022માં રવિન્દ્ર જાડેજાને કેપ્ટન નિયુક્ત કર્યા છતા CSK અન્ય કોઈને કેપ્ટન તરીકે સ્વીકારવા તૈયાર નહોતી. 2022માં ચેન્નાઈનું સુકાનીપદ જાડેજાને સોંપવામાં આવ્યું હતુ પરંતુ ટીમ નિષ્ફળ જતાં ધોનીને કેપ્ટન બનાવવામાં આવ્યો હતો.

ફ્લેમિંગે હવે 2024માં ગાયકવાડને કેપ્ટન બનાવવા અંગે કહ્યું કે અમે 2022માં ધોનીની કેપ્ટનશીપ છોડવા તૈયાર નહોતા. ધોનીને ક્રિકેટની સારી સમજ છે પરંતુ અમે યુવા ખેલાડીઓને આ ભૂમિકા માટે તૈયાર કરવા માગતા હતા. અમે આ વખતે તૈયાર છીએ. તેણે કહ્યું કે છેલ્લી વખતે જ્યારે ધોનીએ કેપ્ટનશીપ છોડી ત્યારે અમને આઘાત લાગ્યો હતો કારણકે અમે તેના માટે તૈયાર નહોતા. આ વખતે અમે આ ટ્રાન્સફોર્મેશનથી અવગત હતા અને તૈયાર હતા.કોચે કહ્યું કે અમે નવા કેપ્ટનને તૈયાર કરવા માટે સખત મહેનત કરી રહ્યા છીએ. યુવાનો પર વિશ્વાસ રાખવાથી ઘણો ફાયદો થયો છે. મેં ઋતુરાજ સાથે કેપ્ટન વિશે વાત કરી છે. આ તેના માટે એક શાનદાર તક છે.

# ઓસ્ટ્રેલિયન સ્ટાર ખેલાડીએ આખી સીઝનમાંથી પરત લીધું નામ



(એજન્સી) નવી દિલ્હી | તા.23

IPL 2024: આ ટુર્નામેન્ટ આજ સાંજથી શરૂ થવાની છે. સવારે એક મોટી માહિતી સામે આવી છે કે ઓસ્ટ્રેલિયાના એક મજબૂત ખેલાડીએ આખી સિઝનમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. આ પહેલા ઈંગ્લેન્ડના 5 મોટા ખેલાડીઓએ એક પછી એક પોતાના નામ પાછા ખેંચી લીધા હતા. હવે આ યાદીમાં એક ઓસ્ટ્રેલિયાના ખેલાડીનું નામ પણ જોડાઈ ગયું છે. આ ખેલાડીએ પણ અંગત કારણોસર આ નિર્ણય લીધો છે.

ESPN ક્રિકઈન્ફોના અહેવાલ મુજબ, ઓસ્ટ્રેલિયાના સ્પિનર એડમ ઝમ્પાએ ગુરુવારે રાત્રે અચાનક IPL 17માંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. તેના મેનેજર દ્વારા જાણવા મળ્યું કે તે અંગત કારણોસર આખી સિઝન રમશે નહીં. નોંધનીય છે કે ડિસેમ્બરમાં યોજાયેલી હરાજી પહેલા જ ઝમ્પાને ફ્રેન્ચાઈઝીએ રૂ. 1.5 કરોડમાં રિટેન કર્યો હતો. નામ પાછું ખેંચીને તેણે ફ્રેન્ચાઈઝી સાથે વિશ્વાસઘાત કર્યો છે.જો કે રોયલ્સ પાસે અશ્વિન અને ચહલના રૂપમાં બે બેસ્ટ સ્પિનરો છે. પરંતુ ઝમ્પાની શૈલી અલગ છે. તેણે ગત સિઝનમાં 6 મેચ રમીને 8 વિકેટ ઝડપી હતી. આ પહેલા તે RCB અને રાઈઝિંગ પુણે સુપર જાયન્ટ્સનો પણ ભાગ રહી ચૂક્યો છે. રાજસ્થાનની વાત કરીએ તો તેમના માટે આ બીજો ફટકો છે. આ પહેલા ઝડપી બોલર કૃષ્ણને ઈજા થતા તે આખી સિઝનમાંથી બહાર હતો. ફ્રેન્ચાઈઝીએ હજુ સુધી બંનેના સ્થાનની જાહેરાત કરી નથી.

### વર્લ્ડ રેકોર્ડ બનાવવાની અણી પર ધોની

IPL 2024 પહેલા એમએસ ધોનીએ ચેન્નાઈ સુપર કિંગ્સની કેપ્ટનશીપ છોડી દીધી છે. આ સિઝનમાં માહી એક ખેલાડી તરીકે પોતાની પ્રતિભા બતાવતો જોવા મળશે. સુકાનીપદના બોજમાંથી મુક્ત થયેલો ધોની પર ફેન્સ ફરી એકવાર લાંબી સિકસર ફટકારવાની અપેક્ષા રાખશે. આ સાથે જ વિકેટ પાછળ માહીની ચિત્તા જેવી ચપળતા જોવા માટે પણ બધા આતુર છે. ઈન્ડિયન પ્રીમિયર લીગની 17મી સીઝનમાં ધોની પાસે તે સ્થાન હાંસલ કરવાની તક હશે જ્યાં આજ સુધી કોઈ પહોંચી શક્યું નથી. ધોનીના નામે વર્લ્ડ રેકોર્ડ નોંધાશે MS ધોની IPL 2024માં વધુ એક વર્લ્ડ રેકોર્ડ બનાવશે. વાસ્તવમાં IPLમાં વિકેટકીપર તરીકે ધોનીએ 138 કેચ લીધા છે, જ્યારે બેટ્સમેનને 42 વખત સ્ટમ્પિંગ કર્યા છે.

# વિલિયર્સે કોહલીને આપ્યું નવું નામ! પોસ્ટ થઈ વાયરલ

(એજન્સી) ચેન્નાઈ | તા.23

આજે IPL 2024ની પ્રથમ મેચ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રમાવા જઈ રહી છે. આ દરમિયાન RCBના પૂર્વ દિગ્ગજ ખેલાડી એબી ડી વિલિયર્સે વિરાટ કોહલીને નવું નામ આપ્યું છે. ડી વિલિયર્સે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર વિરાટ કોહલી સાથેની એક તસવીર શેર કરી છે.

આ તસવીર સાથે ડી વિલિયર્સે કોહલીને નવું નામ પણ આપ્યું છે. હવે શ્રી 360 ડિગ્રીની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. કોહલીનું નવું નામ ફેન્સમાં વાયરલ થયું છે. આવો તમને જણાવીએ કે ડી વિલિયર્સે કોહલીને કયું નવું નામ આપ્યું છે. કિંગ કોહલીને કયું નવું નામ મળ્યું? માત્ર RCB અને ચેન્નાઈના ચાહકો જ નહીં પરંતુ બેંગલુરુના ભૂતપૂર્વ



દિગ્ગજ ખેલાડી એબી ડી વિલિયર્સ પણ IPL 2024ને લઈને ઉત્સાહિત છે. તેણે ઓપનિંગ મેચ પહેલા આ પોસ્ટ કરીને હેડલાઈન્સ બનાવી છે. તમને જણાવી દઈએ કે એબી ડી હતું કે, 'મારા બિસ્કીટને ઘણી શુભેચ્છાઓ'. આ સિવાય તેણે લખ્યું 'કમ ઓન RCB'. એબી ડી વિલિયર્સની આ પોસ્ટ વાયરલ થઈ છે. ડિવિલિયર્સની પોસ્ટ પર ચાહકોએ બિસ્કિટના નારા પણ લગાવવાનું શરૂ કરી દીધું છે. ડી વિલિયર્સે કોહલીને નવું નામ બિસ્કિટ આપીને સોશિયલ મીડિયા પર હેડલાઈન્સ બનાવી છે.

# કોહલીએ પહેલી જ મેચમાં રચ્યો ઈતિહાસ, આ રેકોર્ડ બનાવનાર પ્રથમ ભારતીય બન્યો



(એજન્સી) ચેન્નાઈ | તા.23

ભારતના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીએ IPL 2024ની પહેલી જ મેચમાં ઈતિહાસ રચી દીધો છે. ચેન્નાઈ સામે રમાઈ રહેલી IPL 2024ની શરૂઆતની મેચમાં આ ખેલાડીએ આ મહાન સિદ્ધિ હાંસલ કરી છે. વિરાટ કોહલી આ ઈતિહાસ રચનાર પ્રથમ ભારતીય બેટ્સમેન બની ગયો છે. આ સાથે જ વિરાટ આ ઈતિહાસ રચનાર વિશ્વનો છઠ્ઠો બેટ્સમેન બની ગયો છે. કોહલી સિવાય 5 વિદેશી ખેલાડીઓ છે જેમણે આ સિદ્ધિ મેળવી છે. આવો તમને જણાવીએ કે કોહલીએ ચેન્નાઈ સામે કયો ઈતિહાસ રચ્યો છે. કોહલીએ કયો ઈતિહાસ રચ્યો? વિરાટ કોહલીએ ચેન્નાઈ સામે 6 રન બનાવીને એક મોટી સિદ્ધિ કરી છે. વિરાટ કોહલીએ T20 ક્રિકેટમાં પોતાના 12 હજાર રન પૂરા કરી લીધા છે. કોહલી છે જેમના નામે 12 હજારથી વધુ T20 રન છે. ખાસ વાત એ છે કે આ 5 બેટ્સમેનમાંથી એક પણ બેટ્સમેન ભારતીય નથી. કોહલી T20 ક્રિકેટમાં 12 હજાર રન પૂરા કરનાર પ્રથમ ભારતીય બેટ્સમેન બની ગયો છે. કોહલી બાદ T20 ક્રિકેટમાં સૌથી વધુ રન રોહિત શર્માના નામે છે. રોહિતે ટી20 ક્રિકેટમાં અત્યાર સુધીમાં 11156 રન બનાવ્યા છે. રોહિત પછી શિખર ધવનનું નામ આ લિસ્ટમાં ત્રીજા નંબર પર આવે છે. ગબ્બર તરીકે જાણીતા ખેલાડી શિખર ધવને T20 ક્રિકેટમાં કુલ 9645 રન બનાવ્યા છે. કોહલી સિવાય 5 વિદેશી ખેલાડીઓ છે જેમણે આ સિદ્ધિ મેળવી છે. આવો તમને જણાવીએ કે કોહલીએ ચેન્નાઈ સામે કયો ઈતિહાસ રચ્યો છે. કોહલીએ કયો ઈતિહાસ રચ્યો? કોહલી બાદ T20 ક્રિકેટમાં સૌથી વધુ રન રોહિત શર્માના નામે છે. રોહિતે ટી20 ક્રિકેટમાં અત્યાર સુધીમાં 11156 રન બનાવ્યા છે. રોહિત પછી શિખર ધવનનું નામ આ લિસ્ટમાં ત્રીજા નંબર પર આવે છે. ગબ્બર તરીકે જાણીતા ખેલાડી શિખર ધવને T20 ક્રિકેટમાં કુલ 9645 રન બનાવ્યા છે. કોહલી સિવાય 5 વિદેશી ખેલાડીઓ છે.

# 'ગાર્ડન મે નહીં ઘુમને કા..!' રોહિતે જણાવ્યો પોતાનો મેચ જોવાનો પ્લાન

મુંબઈ તા 23

MI 24 માર્ચથી GT સાથેની મેચથી પોતાના અભિયાનની શરૂઆત કરશે રોહિત શર્માએ ચાહકોને શુક્રવારના પોતાના પ્લાન વિશે જણાવ્યું

IPL 2024 22 માર્ચ એટલે કે આજથી શરૂ થવા જઈ રહી છે. આ ટુર્નામેન્ટમાં મુંબઈ ઈન્ડિયન્સ 24 માર્ચથી ગુજરાત ટાઈટન્સ સાથેની મેચથી પોતાના અભિયાનની શરૂઆત કરશે. મેચ પહેલા લગભગ તમામ ખેલાડીઓ મુંબઈ ઈન્ડિયન્સ સાથે જોડાઈ ગયા છે. રોહિત શર્મા બાદ ચાહકો જસપ્રીત બુમરાહની રાહ જોઈ રહ્યા હતા. બુમરાહ પણ હવે ટીમ સાથે જોડાઈ ગયો છે. હવે મુંબઈ ઈન્ડિયન્સના ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માએ ચાહકોને શુક્રવારના પોતાના પ્લાન વિશે જણાવ્યું છે. જેના પર ફેન્સ હવે ફની રિએક્શન આપી રહ્યા છે. રોહિત શર્માએ જણાવ્યો શુક્રવારનો પ્લાન IPL 2024 શુક્રવાર એટલે કે 22 માર્ચથી શરૂ થવા જઈ રહી છે. આજે લાંબા સમય બાદ મહેન્દ્ર



સિંહ ધોની અને વિરાટ કોહલી મેદાન પર રમતા જોવા મળવાના છે. આ દિગ્ગજોને જોવા માટે ચાહકો આતુર છે. રોહિત શર્માએ આજના પ્લાનને લઈને એક ફની ટ્વીટ કર્યું છે. રોહિતે ટ્વિટ કરીને શુક્રવારે સાંજે 6 વાગેનો પ્લાન લખ્યો હતો. ગાર્ડન મે નહીં ઘુમને કા...Jio સિનેમા પર IPL દેખને કા... હવે રોહિતની આ પોસ્ટ પર યુઝર્સ ફની કોમેન્ટ પણ કરી રહ્યા છે. એક યુઝરે કોમેન્ટ કરી અને લખ્યું કે ગાર્ડનમાં ન ફરવું, નહીંતર રોહિત ભાઈ આવી જશે. અન્ય યુઝરે બગીચામાં બેસીને Jio સિનેમા પર IPL જોવા વિશે લખ્યું.

# IPLમાં આ બે ખેલાડીઓની થઈ અચાનક એન્ટ્રી

IPL શરૂ થવાના થોડા કલાકો પહેલા ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન



રોયલ્સની ટીમોમાં ફેરફાર જોવા મળ્યા હતા. વિકેટકીપર બેટ્સમેન બીઆર શરથ અને ઓલરાઉન્ડર તનુષ કોટિયન IPL 2024નો ભાગ હશે. ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની 17મી સિઝન 22 માર્ચથી શરૂ થઈ રહી છે. જેમાં પ્રથમ મેચ ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ વચ્ચે છે.

IPLની નવી સિઝન શરૂ થવાના થોડા કલાકો પહેલા ગુજરાત ટાઈટન્સ (GT) અને રાજસ્થાન રોયલ્સ (RR)ની ટીમોમાં ફેરફાર જોવા મળ્યા છે.

# T20 વર્લ્ડકપ માટેની ટીમની ટૂંક સમયમાં થશે જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી | તા.23

IPL 2024ની શરૂઆત આજથી એટલે કે 22મી માર્ચથી RCB અને CSK વચ્ચે પ્રથમ મેચ રમાશે. આ વખતે આ ટૂર્નામેન્ટ ભારતીય ખેલાડીઓ માટે ખૂબ જ ખાસ બની રહી છે. IPL 2024 પછી T20 વર્લ્ડકપ 2024 શરૂ થશે. જેના માટે BCCIના પસંદગીકારોએ મજબૂત ટીમ ઈન્ડિયાની પસંદગી કરવી પડશે. હવે BCCI પસંદગીકારોએ આ અંગે એક ખાસ યોજના બનાવી છે, જેના દ્વારા તેઓ ખેલાડીઓના પ્રદર્શન પર નજર રાખી શકશે. IPL 2024થી ભારતને પરફેક્ટ ટીમ મળશે T20 વર્લ્ડકપ 2024 1 જૂનથી શરૂ થશે. આ વખતે ટૂર્નામેન્ટ વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં રમાશે. જેના કારણે BCCI પસંદગીકારો મજબૂત ભારતીય ટીમની શોધમાં છે. તે જ સમયે, IPL 2024માં સારૂ પ્રદર્શન કરનાર ખેલાડીઓને T20 વર્લ્ડકપ માટે ટીમ ઈન્ડિયામાં તક મળી શકે છે. આ અંગે, આ વખતે BCCI પસંદગીકારો IPL મેચોમાં ભાગ લેવા જઈ રહ્યા છે અને ખેલાડીઓના પ્રદર્શન, રમવાની ટેકનિક વગેરે પર નજર રાખશે. મીડિયા અહેવાલો અનુસાર, BCCI પસંદગીકારો ખેલાડીઓ સાથે વ્યક્તિગત રીતે વાતચીત કરીને અને તેમના પ્રદર્શનનું નિરીક્ષણ કર્યા પછી ભારતની ટીમને અંતિમ રૂપ આપવા માટે IPL 2024 પર ધ્યાન આપશે. IPL મેચોમાં ભાગ લેવાનો BCCI પસંદગીકારોનો આ નિર્ણય વ્યૂહરચનામાં ફેરફાર દર્શાવે છે. ખેલાડીઓને ઉચ્ચ દબાણની પરિસ્થિતિઓમાં કેવું પ્રદર્શન કરે છે તેનું ધ્યાન રાખશે.

# દુનિયાની 5 અમીર રમત, ક્રિકેટનું તો દૂર દૂર સુધી નામો નિશાન નથી

વિશ્વમાં ઘણી રમતો રમાય છે. જેનું માર્કેટ કરોડોમાં છે. આજે અમે તમને દુનિયાની 5 સૌથી ધનિક સ્પોર્ટ્સ વિશે જણાવીશું.ભારતની સૌથી ફેવરિટ ગેમ ક્રિકેટ લિસ્ટમાં નથી. આજકાલ વિશ્વમાં રમતગમતનું બજાર ખીલી રહ્યું છે. તેથી લોકો પણ કરિયર તરીકે સ્પોર્ટ્સ પર ધ્યાન આપવા લાગ્યા છે. દુનિયાની સૌથી ધનિક સ્પોર્ટ્સની વાત કરીએ તો ફૂટબોલનું નામ સૌથી પહેલા આવે છે. ફૂટબોલની રમતનું બજાર અંદાજે 600 અબજ ડોલરનું છે. ફૂટબોલની પ્રીમિયર લીગમાં ખેલાડીઓ વાર્ષિક 3.9 મિલિયન ડોલરનો પગાર મેળવે છે. અમેરિકન ફૂટબોલ બીજા ક્રમે આવે છે. જેનું કુલ વૈશ્વિક બજાર 532 અબજ ડોલરથી વધુ છે.

# માણસ કેટલું જીવશે તે AI ની મદદથી જાણી શકાશે, 78 ટકા અનુમાન સાચું પડ્યું

(એજન્સી) ડેનમાર્ક | ડેનમાર્કના વૈજ્ઞાનિકો એઆઈની મદદથી કોની ઉંમર કેટલી છે તે જાણવા કરોડો લોકોના ડેટા લઈ રહયા છે. વૈજ્ઞાનિકોને આશા છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મોડેલ તૈયાર કરીને માણસ કેટલું જીવશે તેનું અનુમાન લગાવી શકાશે. જો કે આ ટેકનિક વિકસાવવાનો એક માત્ર હેતું લોકોને ખતરાથી વાકેફ કરવાનો છે. પ્રાપ્ત માહિતી અનુસાર લાઈફ ટુ વેક નામનો પ્રોગ્રામ તૈયાર કરવામાં આવી રહયો છે. કોમ્પ્યૂટર અને એઆઈની મદદથી સ્વાસ્થ્ય પ્રોગ્રામ અને ઘટનાઓનું પૂર્વાનુમાન કરવાનો ઈરાદો છે.ડેનમાર્કની ટેકનિકલ યુનિવર્સિટીના પ્રોફેસર જુને લેહમાને જણાવ્યું હતું કે માનવ જીવનની ભવિષ્યવાણી કરવા માટેનું આ એક જાળું છે. આમાંથી જાણકારી મેળવવાની અસિમ સંભવનાઓ રહેલી છે. જો આપની પાસે ટ્રેનિંગ ડેટા હોયતો કોઈ પણ ચીજનું અનુમાન લગાવવું અઘરુ નથી. આ એક સ્વાસ્થ્ય અંગેની ભવિષ્યવાણી પણ કહી શકાય જેમાં કેન્સર થશે કે નહી, જાડા રહેશો કે પાતળા તેનો પણ સમાવેશ થાય છે.



## 6000 લોકોના કાર્યક્રમમાં અંધાધૂંધ ગોળીબાર, ચારેબાજુ મૃતદેહો વેરવિખેર; ISISએ લીધી હુમલાની જવાબદારી

# મોસ્કોમાં આતંકવાદી હુમલો : વિશ્વભરમાં નિંદા થઈ










(એજન્સી) મોસ્કો | તા.23

રશિયાની રાજધાની મોસ્કોના ક્રોક્સ સિટી હોલમાં થયેલા આતંકી હુમલામાં મૃત્યુઆંક 60 પર પહોંચી ગયો છે. આંકડો વધવાની શક્યતા છે. 100થી વધુ લોકો ઘાયલ થયા છે. આ હુમલો ત્યારે થયો જ્યારે પ્રખ્યાત રશિયન રોક બેન્ડ 'પિકનિક'ના કોન્સર્ટમાં ભાગ લેવા માટે ક્રોક્સ સિટી હોલમાં લોકોની ભીડ એકઠી થઈ હતી. આ હોલમાં 6,000થી વધુ લોકો બેસી શકે છે. લડાયક પોશાકમાં ઓછામાં ઓછા પાંચ લોકો કોન્સર્ટ હોલમાં પ્રવેશ્યા અને ગોળીબાર કર્યો હતો. આ હુમલો શુક્રવારે સાંજે (22 માર્ચ) થયો હતો. આતંકવાદી સંગઠન ISISએ આની જવાબદારી લીધી છે. આર્મી યુનિફોર્મમાં સજ્જ પાંચ આતંકવાદીએ અંધાધૂંધ ગોળીબાર કર્યો અને બોમ્બ ફેંક્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું- અમે મોસ્કોમાં આતંકવાદી હુમલાની નિંદા કરીએ છીએ. અમારી સંવેદના પીડિતોના પરિવારો સાથે છે. દુઃખની આ ઘડીમાં ભારત રશિયાની સરકાર અને લોકો સાથે ઊભું છે.

**ISISએ કહ્યું- ખ્રિસ્તીઓની એક મોટી સભા પર હુમલો કર્યો :** આતંકવાદી સંગઠન ISISએ અમાક ન્યૂઝ એજન્સી દ્વારા નિવેદન જારી કર્યું છે. 'ઇસ્લામિક સ્ટેટના લડવૈયાઓએ રશિયાની રાજધાની મોસ્કોની સીમમાં આવેલા ક્રાસ્નોગોર્સ્ક શહેરમાં ખ્રિસ્તીઓની એક વિશાળ સભા પર હુમલો કર્યો, તેઓ સુરક્ષિત રીતે તેમના સ્થાને પાછા ફરે એતે પહેલાં સેંકડો લોકોને મારી નાખ્યા અને ઘાયલ કર્યા, હુમલા બાદ આતંકીઓ સ્થળ પરથી ભાગી ગયા હતા.

**ISISએ રશિયા પર શા માટે હુમલો કર્યો? :** બીબીસીએ પોતાના રિપોર્ટમાં એક્સપર્ટ્સને ટાંકીને લખ્યું - આ હુમલો ISISની ખોરાસન વિંગ એટલે કે ISIS-K દ્વારા કરવામાં આવ્યો હતો. ISIS-Kનું નામ ઉત્તર-પૂર્વ ઈરાન, દક્ષિણ તુર્કમેનિસ્તાન અને ઉત્તર અફઘાનિસ્તાનનો સમાવેશ કરતા પ્રદેશના નામ પરથી રાખવામાં આવ્યું છે.

**હુમલાખોરો આર્મી યુનિફોર્મમાં આવ્યા હતા :** મોસ્કોના મેયર સર્ગેઈ સોબ્યાનિને કહ્યું હતું કે ઘાયલોની મદદ માટે 70 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે મોકલવામાં આવી છે અને એક ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. તેણે કહ્યું હતું કે આ હુમલો ત્યારે થયો જ્યારે હોલમાં પ્રખ્યાત રશિયન રોક બેન્ડ પિકનિકનો કોન્સર્ટ ચાલી રહ્યો હતો.

## ન્યૂઝ ટ્રેક

### પૃથ્વીથી સૌથી દૂર 'દરિયાઈ કબ્રસ્તાન'માં પુત્ર સાથે પહોંચ્યો આ શખ્સ

લંડન | મોટાભાગના મુસાફરો પ્રાચીન સ્થળો અથવા ઐતિહાસિક જગ્યાએ પહોંચવાની ઈચ્છા ધરાવતાં હોય છે પરંતુ બ્રિટનના 62 વર્ષીય શોધકે એક નવા ઠેકાણે પહોંચ્યાં છે. એન્ટાર્ટિકાથી પણ 2000 માઈલ દૂર દરિયામાં નિમો પોઈન્ટ પર પોતાના 32 વર્ષીય પુત્ર સાથે એક વિશેષ જહાજામં પહોંચ્યાં છે. પેસિફિક મહાસાગરની મધ્યમાં નિમો પોઈન્ટ પૃથ્વીથી સૌથી દૂરન જગ્યાં છે જ્યાં નજીકના માણસો ગણવા હોય તો 254 માઈલ (408 કિ. મી.) ઉપર આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન પર છે. એન્ટાર્ટિકાથી 2000 માઈલ દૂર દરિયાની વચ્ચોવચ્ચે નિમો પોઈન્ટ પૃથ્વી પર સૌથી દૂર એટલે કે એન્ટાર્ટિકાથી પણ નામની જગ્યા આવેલી છે. આ જગ્યા એટલી બધી સૂમસામ છે ત્યાં કોઈ વનસ્પતિ કે પ્રાણીઓ નથી. 1992માં સર્વેક્ષણ ઈજનેર હ્રોજે લુકાટેલાએ નિમો પોઈન્ટની શોધ કરી હતી.

### CAAને લઇ આ શું બોલ્યા અમેરિકાના વિદેશ પ્રવક્તા

ન્યૂયોર્ક | ભારતની વર્તમાન સરકારે 2019 માં સંસદમાં CAA રજૂ કર્યો હતો. આ દરમિયાન તે બંને ગૃહમાં પસાર થઈ ગયો. ત્યારે આ બાબતે સંયુક્ત રાષ્ટ્રએ આ કાયદાને ભેદભાવ પૂર્ણ ગણાવ્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર (યુએન) અને અમેરિકાએ નાગરિકતા સુધારા કાયદા (CAA) અંગે ચિંતા વ્યક્ત કરી છે. ગયા મંગળવારે (12 માર્ચ 2024), યુનાઈટેડ નેશન્સે CAAને ભેદભાવપૂર્ણ ગણાવ્યું, જ્યારે અમેરિકાનું કહેવું છે કે તે આ બાબત પર ચાંપતી નજર રાખી રહ્યું છે. રોઈટર્સ સાથેની ખાસ વાતચીત દરમિયાન યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાએ કહ્યું, અમે 11 માર્ચે જારી કરાયેલ CAA નોટિફિકેશનથી પરેશાન છીએ. અમે સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક પૃથ્થકરણ કરી રહ્યા છીએ કે તેને ત્યાં કેવી રીતે લાગુ કરવામાં આવશે. લાગુ CAA કાયદા દ્વારા માનવાધિકાર કાર્યકર્તાઓ અને તેમની સાથે જોડાયેલા સંગઠનોને પણ નિશાન બનાવવામાં આવી રહ્યા છે. હ્યુમન રાઈટ્સ વોચ અને એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે CAAને મુસ્લિમો સામે ભેદભાવ દર્શાવ્યો છે.

### UK જનારા ભારતીયો માટે ખરાબ સમાચાર

લંડન | યુકે ગવર્નમેન્ટ આ નિયમ લાવવા પાછળ વધી રહેલા વિદેશીઓની સંખ્યાને ગણાવે છે. સરકારી આંકડા પ્રમાણે કેર વિઝા પર ગત વર્ષે આવેલા 1 લાખ વર્કર્સની સામે તેમના ડિપેન્ડન્ટ 1,20,000 છે. યુકે એટલે કે યુનાઈટેડ કિંગ્ડમના ગૃહ મંત્રાલય દ્વારા વિદેશથી આવતા નાગરિકો માટે નવા નિયમો લાગુ કરી દેવાયા છે. આ નિયમો ખાસ કરીને કેર સેક્ટર એટલે હેલ્થ સેક્ટરમાં લાગુ કરાયા છે. જે મુજબ કેર અથવા હેલ્થ સેક્ટરમાં કામ કરતા વિદેશી નાગરિકો હવે પોતાના પરિવારજનોને યુકે નહીં લાવી શકે. યુકે ગવર્નમેન્ટ આ નિયમ લાવવા પાછળ વધી રહેલા વિદેશીઓની સંખ્યાને ગણાવે છે. સરકારી આંકડા પ્રમાણે કેર વિઝા પર ગત વર્ષે છે. હોમ સેક્રેટરી જેમ્સ ક્લેવરલી એ આ મામલે છે કે દુરુપયોગ થતો અટકાવવા સંખ્યાને નિયંત્રિત કરવા માટે આ નિયમ લાગુ કરવામાં આવ્યો છે.

## બ્રિટનના શાહી પરિવાર માટે કપરાં દિવસો:વેલ્સની પ્રિન્સેસ કેટ મિડલટનને કેન્સર

(એજન્સી) લંડન | તા.23

વેલ્સની રાજકુમારી કેટ મિડલટનને કેન્સર હોવાનું સામે આવ્યું છે. તેની કીમોથેરાપી ચાલી રહી છે. કેટે શનિવારે આ માહિતી આપી હતી. જાન્યુઆરી 2024માં કેટની પેટની સર્જરી થઈ હતી. તે બે અઠવાડિયા સુધી હોસ્પિટલમાં રહી. ત્યારથી તે જાહેરમાં જોવા મળી નથી. આ જ કારણ હતું કે તેના સ્વાસ્થ્યને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા હતા. બે મહિના પહેલા રાજા ચાર્લ્સ પણ કેન્સરથી પીડિત હોવાના સમાચાર સામે આવ્યા હતા. જાન્યુઆરીમાં તેની પ્રોસ્ટેટ સર્જરી થઈ હતી. તે સમયે તેમના શરીરમાં અન્ય કોઈ રોગના લક્ષણો દેખાયા હતા. આ પછી બકિંગહામ પેલેસે કહ્યું કે તે લક્ષણોની તપાસમાં એક પ્રકારના કેન્સરની પુષ્ટિ થઈ છે. કેન્સર શેનું થયું તેની માહિતી આપી નથી કેટે એક વીડિયો જાહેર કરીને જણાવ્યું કે તેને કેન્સર છે. જોકે, તેમણે એ નથી જણાવ્યું કે કેન્સર ક્યાં અને કયા સ્ટેજમાં છે. કેટલી કીમોથેરાપી થઈ છે તેની માહિતી પણ આપવામાં આવી નથી. તેણે કહ્યું- કેટલાક ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તેને કેન્સર હોવાનું બહાર આવ્યું હતું. હું ઠીક છું! મેડિકલ ટીમની સલાહ પર હું કીમોથેરાપી કરાવી રહી છું. મારા અને વિલિયમ માટે આ આઘાતજનક સમાચાર હતા. અમે આને વ્યક્તિગત રીતે હેન્ડલ કરવા માંગીએ છીએ.આ પહેલીવાર નથી કે જ્યારે કેટને લઈને વિવાદ થયો હોય. ગયા વર્ષે, એક પુસ્તકમાં દાવો કરવામાં આવ્યો હતો કે પ્રિન્સેસ ડાયનાની પુત્રવધૂ કેટ મિડલટન (પ્રિન્સ વિલિયમની પત્ની)ને લગ્ન પહેલાં ફર્ટિલિટી ટેસ્ટમાંથી પસાર થવું શાહી પરિવારમાંથી આવતી ન હતી. ટોમ ક્વિન, જેઓ બ્રિટિશ રાજવી પરિવારની નજીક હતા, તેમણે ગિલ્ડેડ યુથ: એન ઈન્ટીમેટ હિસ્ટ્રી ઓફ ગ્રોઈંગ અપ ઈન ધ રોયલ ફેમિલી નામનું પુસ્તક લખ્યું હતું.

## અમેરિકા ભણવા આવતા ભારતના વિધાર્થીઓ ખૂબ સાવધ રહે : નૂયી

(એજન્સી) ન્યૂયોર્ક | તા.23

પેપ્સિકોના પૂર્વ સીઈઓ ઈંદ્રા નૂયીએ અમેરિકામાં રહેતા કે અમેરિકા જવાની તૈયારી કરી રહેલા ભારતીય વિદ્યાર્થીઓને સલાહ આપી છે કે તેઓ અમેરિકામાં ખુબ સાવધાનીથી રહે અને સ્થાનિક કાયદાઓનું પાલન કરે.

તેમણે અપીલ કરી છે કે ભારતના યુવાનો અમેરિકા આવીને ડ્રગ કે પછી કોઈપણ પ્રકારના નશાથી દૂર રહે. તાજેતરમાં અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ સાથે બનેલી અનેક દુર્ઘટના સામે આવી છે. તેથી જ ઈંદ્રા નૂયીએ ભારતીય વિદ્યાર્થીઓને સાવધ રહેવા અપીલ કરી છે. ઈંદ્રા નૂયી વૈશ્વિક ફલક પર કોર્પોરેટ જગતના શક્તિશાળી મહિલા છે. તેમણે 10 મિનિટનો વીડિયો જારી કર્યો છે. ન્યૂયોકમાં ભારતના કે,' આ વીડિયો સંદેશો જારી કરવાનો હેતુ એ છે કે હું તે તમામ યુવાનો કે જે અમેરિકામાં આવવા માંગે છે કે પછી પહેલેથી રહીને અભ્યાસ કરી રહ્યા છે.

## આતંકવાદી હુમલામાં નાઈજરના 23 સૈનિકોના મોત થયા

(એજન્સી) કરાંચી | તા.23

દુનિયામાં એવા દેશોની કમી નથી જ્યાં આતંકવાદ એક ગંભીર સમસ્યા છે. આફ્રિકન દેશોમાં પણ આતંકવાદનો પડછાયો છે. આફ્રિકાના ઘણા દેશોમાં આતંકવાદ એક મોટી સમસ્યા છે. તેવી જ રીતે પશ્ચિમ આફ્રિકન દેશ નાઈજરમાં સૈન્ય શાસન હેઠળ પરિસ્થિતિ ઘણી બદલાઈ ગઈ છે. જો કે દેશના લોકો તેનાથી નાખુશ નથી, તેમ છતાં નાઈજરમાં પણ આતંકવાદી હુમલાના કિસ્સા પ્રકાશમાં આવતા રહે છે. આવું જ કંઈક તાજેતરમાં થયું. શુક્રવારે નાઈજરના સૈનિકો બુર્કિના ફાસો અને માલીની સરહદ નજીક, તિલાબેરીમાં સુરક્ષા કામગીરીમાં રોકાયેલા હતા, પરંતુ , આતંકવાદીઓએ નાઈજર સૈન્ય ટુકડી પર હુમલો કર્યો.

23 જવાનો શહીદ થયા મળતી માહિતી મુજબ લગભગ 100 આતંકીઓએ નાઈજરના સૈનિકો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં નાઈઝરની સેનાના 23 જવાનો શહીદ થયા હતા. આ હુમલામાં લગભગ 17 જવાનો ઘાયલ પણ થયા છે.

જવાબી કાર્યવાહીમાં 30 આતંકવાદીઓ માર્યા ગયા નાઈજર સેના પર થયેલા આતંકવાદી હુમલામાં નાઈજરના સૈનિકો જ માર્યા ગયા નથી, પરંતુ આતંકવાદીઓને પણ નુકસાન થયું છે. નાઈજર સેનાની જવાબી કાર્યવાહીમાં 30 આતંકવાદીઓ માર્યા ગયા।

## ભારતીય માછીમારો વિરુદ્ધ પાકિસ્તાનનું ઓપરેશન

(એજન્સી) કરાંચી | તા.23



પાકિસ્તાન ભારતીય માછીમારો વિરુદ્ધ ઓપરેશન ચલાવી રહ્યું છે. પાકિસ્તાની મીડિયા 'ધ ડોન' અનુસાર 21 માર્ચે 7 ભારતીય માછીમારો પાકિસ્તાનની દરિયાઈ સીમામાં ખોટી રીતે ઘૂસી ગયા હતા. અહીં માછલી પકડતા હતા. પાકિસ્તાન મેરીટાઇમ સિક્યુરિટી એજન્સી PMSAએ તેમને કસ્ટડીમાં લેવા માટે ઓપરેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન ભારતીય માછીમારોથી ભરેલી બોટ ડૂબી ગઈ હતી. 2 માછીમારો ગુમ થયાના અહેવાલ છે. ડૉનના રિપોર્ટ અનુસાર, PMSA જહાજ પાકિસ્તાનના એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોનમાં પેટ્રોલિંગ કરી રહ્યું હતું. ત્યારે ભારતીય માછીમારોની બોટ જોવા મળી હતી. કોઈપણ દેશનો એક્સક્લૂઝિપ ઈકોનોમિક ઝોન મોટાભાગે 200 નોટિકલ માઈલ સુધી ફેલાયેલો હોય છે. એક નોટિકલ માઈલમાં 1.852 કિમી છે. એટલે કે 200 નોટિકલ માઈલ એટલે 370.4 કિમી. EEZમાં હાજર કુદરતી સંસાધનો (તેલ, ગેસ અને જળચર પ્રાણીઓ) પર સંબંધિત દેશનો અધિકાર છે. પાકિસ્તાનીઓથી બચતી વખતે બોટ ડૂબી ગઈભારતીય માછીમારો પાકિસ્તાની વિસ્તારમાં ગેરકાયદે માછીમારી કરતા હતા. પીએમએસએ જહાજને નજીક આવતું જોઈને તેઓ ભાગવાનો પ્રયાસ કરવા લાગ્યા. તેમણે ઝડપથી બોટને ભારતીય પ્રાદેશિક જળસીમા પાસે લઈ જવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન બોટ ડૂબી ગઈ. શિપે અનેકવાર માછીમારોને સરેન્ડર કરવાની ચેતાવણી પણ આપી હતીડોનના અહેવાલ મુજબ, એક સમય એવો આવ્યો જ્યારે PMSA નાવિકો ભારતીય બોટમાં સવાર થયા. આ દરમિયાન માછીમારોએ બોટની સ્પીડ વધારી દીધી હતી અને બોટ પાકિસ્તાની જહાજ સાથે અથડાઈ હતી. અથડામણ બાદ બોટ અને તેમાં સવાર તમામ લોકો ડૂબી ગયા હતા.ઘણી વખત પાકિસ્તાની સુરક્ષા ધરપકડ કરે છે. નવેમ્બર 2023માં પાકિસ્તાન સરકારે 80 ભારતીય માછીમારોને મુક્ત કર્યા હતા. ઘણી વખત પાકિસ્તાની સુરક્ષા એજન્સીઓ અરબી સમુદ્રમાં ભારતીય માછીમારોની ધરપકડ કરે છે. નવેમ્બર 2023માં પાકિસ્તાન સરકારે 80 ભારતીય માછીમારોને મુક્ત કર્યા હતા. PMSAએ કહ્યું- ઘટના દરમિયાન 7 માછીમારોમાંથી 5 અને PMSA નાવિકને બચાવી લેવામાં આવ્યા હતા. આ દરમિયાન બે માછીમારો ગુમ છે.45 માછીમારોથી ભરેલી બોટ 5 માર્ચે ડૂબી ગઈ હતી. અમે સર્ચ-રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન 31 માછીમારોને બચાવ્યા હતા.

## સાઉદીનું રૂપિયા 41 લાખ કરોડના ખર્ચે આકાર લઈ રહેલું 'નિયોમ'

(એજન્સી) અબુધાબી | તા.23



નિયોમ ડેવલપમેન્ટમાં સૌથી જાણીતો અને સૌથી મોટો પ્રોજેક્ટ 'ધ લાઈન' છે.આ સિવાય નિયોમમાં 'ઓક્સાગોન', 'ટ્રોજેના', 'સિન્દાલાહ', 'લેજા', 'એપીકોન', 'સિરાન્ના', 'ઉટામો', 'નોર્લાના', 'એક્વેલમ' અને 'ઝેનોર' નામના શહેરો પણ હશે. દુબઈ એક સમયે વિશ્વના કોઈપણ સામાન્ય શહેર જેવું જ હતું. પરંતુ, શેખના સપનાએ રણમાં ગુલાબ ખીલવ્યું અને આજે દુબઈ વિશ્વનું સૌથી મોટું રિયલ એસ્ટેટ માર્કેટમાંનું એક છે. દુબઈ પરથી પ્રેરણા મેળવીને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને 500 બિલિયન ડોલરના ખર્ચે ફ્યુચર પ્રોજેક્ટ સિટી 'નિયોમ' બનાવવાનો નિર્ણય કર્યો છે. ગ્રીક અને અરબીના મિશ્રણ એવા નિયોમનો મતલબ નવું જીવન થાય છે. આ સિટી સાઉદી અરેબિયાને વિશ્વના ટોચના દેશમાં સ્થાન અપાવવા માટે સક્ષમ છે. ઉત્તર પશ્ચિમ સાઉદી અરેબિયામાં આકાર લઈ રહેલો આ મેગા પ્રોજેક્ટ 26,500 સ્કેવર કિલોમીટરથી વધુ વિસ્તારને આવરી લેશે. આ પ્રોજેક્ટ માત્ર ભૌગોલિક સ્થાન કરતાં ઘણું વધારે છે. લાલ સમુદ્ર અને પહાડો વચ્ચે આવેલા નિયોમમાં ટેકનોલોજી અને પ્રકૃતિઓનો અદભૂત સમન્વય છે. 10 અલગ અલગ પ્રદેશોમાં ફેલાયેલો આ પ્રોજેક્ટ સપનાઓની શક્તિની સાથે માનવ સંકલ્પની મક્કમતાને દર્શાવે છે.ધ લાઈન પ્રોજેક્ટમાં 170-કિલોમીટર લાંબા શહેરનો પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. લાઈન પ્રોજેક્ટમાં આખું શહેર બે 500 મીટર ઊંચી સમાંતર હાઈરાઈસ બિલ્ડિંગ્સમાં પ્લાન કરવામાં આવ્યું છે. આ બંને ઈમારતો એકબીજાથી 200 મીટરના અંતરે હશે. જેમાં બહારની તરફ અરીસા લગાવેલા હશે. આ પ્રોજેક્ટને અમેરિકન આકટેક્ચર સ્ટુડિયો મોર્ફોસિસ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો છે. જ્યારે, અસંખ્ય અન્ય આકટેક્ટ્સે શહેરના 800-મીટર-લાંબા પાર્ટને ડિઝાઈન કર્યા છે. મોર્ફોસિસના સ્થાપકે કહ્યું હતું કે, એવી કોઈ વ્યક્તિ નથી જે આ પ્રોજેક્ટનો ભાગ બનવા ન માંગતી હોય. જ્યારે, કૂક હેફનર આકટેક્ચર પ્લેટફોર્મના સહ-સ્થાપક કૂકે કહ્યું હતું કે, જો આ પ્રોજેક્ટ સફળ થશે, તો તે એક નવું બેબીલોન બનશે. નિયોમે આ વર્ષે જ ઉત્તર પશ્ચિમ સાઉદી અરેબિયામાં વેકેશન માટેનું નવુ સ્પોટ સિરાન્ના રજૂ કર્યું છે. ઈનોવેશન અને લકઝરીના સમન્વય સમાન સિરાન્નામાં આર્કિટેક્ટે પર્યાવરણને બચાવવા ધ્યાન કેન્દ્રીત કર્યું છે. અહીં, પર્વતો અને જંગલ વિસ્તાર જેવો વિસ્તાર બનાવવામાં આવશે. આ સાથે જ તાજેતરમાં સાઉદી ક્રાઉન પ્રિન્સે ગોલ્ફ માટેના ખાસ પ્રોજેક્ટ ગિદોરીની જાહેરાત કરી છે. ગિદોરી એક પ્રાઈવેટ ગોલ્ફ કમ્યુનિટી તરીકે વિકસાવવામાં આવશે. નિયોમના ઝેનોર પ્રોજેક્ટ વિશ્વનો શોપિંગ મોલ બનાવવાના વિઝન સાથે વિકસાવવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટમાં ખાનગી પૂલ, બીચ સાઈડ રિલેક્સેશન લાઉન્જ, ફાઈન ડાઈનિંગ, સ્પેશિયલ મનોરંજન સ્થળો અને વર્લ્ડ કલાસ સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ફેશન જગતની ટોપ બ્રાન્ડ્સને ઝેનોરના અપસ્કેલ સ્ટોર્સમાં સ્થાન અપાશે.

## UNO: રમઝાનમાં ગાઝામાં યુદ્ધવિરામના ઠરાવ પર મતદાન માટે તૈયાર

કોપનહેગન તા 23



યુએન સુરક્ષા પરિષદ મુસ્લિમ પવિત્ર રમઝાન માસ દરમિયાન ગાઝામાં માનવતાવાદી યુદ્ધવિરામની હાકલ કરતા ઠરાવ પર મતદાન કરવા તૈયાર છે. જો કે, અમેરિકાએ ચેતવણી આપી છે કે આ પ્રકારનું પગલું હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા લોકોને મુક્ત કરવાના ઇઝરાયેલના પ્રયાસોને ફટકો આપી શકે છે. શનિવારે કાઉન્સિલમાં મતદાન થવાની શક્યતા છે. કાઉન્સિલના 10 ચૂંટાયેલા સભ્યો દ્વારા સબમિટ કરાયેલા ઠરાવને રશિયા અને ચીનનું સમર્થન છે, બંને દેશોએ શુક્રવારે ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામની હાકલ કરતા યુએસના ઠરાવને વીટો કર્યો હતો. દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રમાં 22-રાષ્ટ્રીય આરબ જૂથે શુક્રવારે રાત્રે એક નિવેદન બહાર પાડીને તમામ 15 કાઉન્સિલ સભ્યોને 'એકતા અને તાકીદ સાથે કાર્ય કરવા, રક્તપાતને રોકવા અને માનવ જીવનની સુરક્ષા કરવાની પ્રતિજ્ઞા સાથે મતદાન કરવા વિનંતી કરી.' માટે અપીલ કરી. પ્રદેશમાં રમઝાન 10 માર્ચથી શરૂ થયો હતો અને 9 એપ્રિલે સમાપ્ત થશે. ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામના અમેરિકાના પ્રસ્તાવને રશિયા અને ચીને ફગાવી દીધો છે. ગાઝામાં નરસંહાર રોકવા માટે અમેરિકા દ્વારા લાવવામાં આવેલા પ્રસ્તાવ સામે ચીન અને રશિયા એક થયા. રશિયા અને ચીને અમેરિકન પ્રસ્તાવને વીટો કર્યો હતો, જે પછી તેને ફગાવી દેવામાં આવ્યો હતો. ઠરાવમાં નાગરિકોની સુરક્ષા અને ભૂખમરોનો સામનો કરી રહેલા 2 મિલિયનથી વધુ પેલેસ્ટિનીઓને માનવતાવાદી સહાય પૂરી પાડવા ગાઝામાં ઇઝરાયેલ-હમાસ યુદ્ધને તાત્કાલિક સમાપ્ત કરવાની હાકલ કરવામાં આવી હતી.

## આતંકીઓથી પાકિસ્તાન ભીંસાયું છે પોતે જ પોષેલો આતંકવાદ તેની સામે પડયો છે : અમેરિકાની સહાય

(એજન્સી) કરાંચી | તા.23

પાકિસ્તાને, તાજેતરમાં જ અફઘાનિસ્તાનની સીમાએ રહેલા વિસ્તારોમાં એર સ્ટ્રાઈક કરી હતી. ત્યારથી અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે મતભેદો વધી રહ્યા છે. આ ફજેતી થતાં હવે પાકિસ્તાને તેના જૂનાં મિત્ર અમેરિકાનું શરણું લીધું છે. બાયેડન તંત્રના અધિકારીએ કહ્યું હતું કે અફઘાનિસ્તાન અને પાકિસ્તાનની સરહદે આતંકી ગતિવિધિઓ વધી રહી છે.

પાકિસ્તાન અત્યારે ભયાનક ખતરા સામે ઝઝૂમી રહ્યું છે અને પોતે જ રચેલી જાળમાં તે પોતે ફસાયું છે. તેમ કહેતાં અમેરિકાના દક્ષિણ અને મધ્ય એશિયાના સહાયક વિદેશ મંત્રી ડોનાલ્ડ લૂએ વિદેશી બાબતો અંગેની કોંગ્રેશ્યતલા કમીટી સમક્ષ નિવેદન કરતાં જણાવ્યું હતું કે છેલ્લાં ૪૦ વર્ષોથી પાકિસ્તાન અફઘાનિસ્તાનમાં સંઘર્ષ ચાલી રહ્યો છે. પાડોશી દેશોમાં આતંક ફેલાવવા માગતું પાકિસ્તાન ખુદ આતંકમાં ફસાઈ રહ્યું છે. આપણે અત્યારે પાકિસ્તાનને સહાય તો કરીએ જ છીએ પરંતુ સત્ય તે છે કે પાકિસ્તાને જ આતંકીઓને પાળ્યા પોષ્યા હતા, તેઓ હવે તેની જ સામે પડયા છે. જો કે અત્યારે તો આપણે પાકિસ્તાને સહાય કરવી જ પડે કારણ કે તેઓને જ પોતે પાળી પોષીને ઉછેરેલા આતંકીઓનું ભોગ બન્યું છે.

બાયેડન તંત્રના અધિકારીએ કહ્યું હતું કે અફઘાનિસ્તાન અને પાકિસ્તાનની સરહદે આતંકી ગતિવિધિઓ વધી રહી છે.

બલુચીસ્તાનમાં આવેલાં ગ્વાદર બંદરગાહને ચાઈનીઝ ઈજનેરો અને ટેક્નિશ્યનો ઉપર પણ હુમલા કરે છે. આ હુમલાની પણ અમે નિંદા કરીએ છીએ. ચીને પણ તેની નિંદા કરી છે. બૈજિંગ પણ આતંકવાદ સામે લડવાના, અને રાષ્ટ્રીય સલામતી જાળવવાના ઈસ્લામાબાદના પ્રયત્નોનું સમર્થન કરે છે.

## હૈદરાબાદની મેઘા એન્જિ.એ ઝોજિલા પાસનો કોન્ટ્રાક્ટ મેળવ્યો તે વખતે જ બોન્ડ ખરીધા હતા

# ભાજપને તપાસમાં ઘેરાયેલી 41 કંપનીઓએ 2471 કરોડ આપ્યા, સુપ્રીમકોર્ટમાં ચોંકાવનારો આરોપ

(એજન્સી)નવી દિલ્હી : સીબીઆઈ, ઈડી અને આવકવેરા વિભાગની તપાસનો સામનો કરતી 41 કંપનીઓએ ભાજપના કુલ 2,471 કરોડ રુપિયાના ઈલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા હતા. તેમાના 1,698 કરોડના બોન્ડ તો એજન્સીઓના દરોડા પછી ખરીદ્યા હતા એવો દાવો ઈલેક્ટોરલ બોન્ડને પડકારનારા સિવિલ સોસાયટીના સભ્યોએ સુપ્રીમ કોર્ટમાં કર્યો હતો. 30 શેલ કંપનીઓએ 143 કરોડના બોન્ડ ખરીદ્યા હતા.

અરજદારે વતી કોર્ટમાં હાજર થયેલા વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે જણાવ્યું હતું કે 33 ગ્રુપને તો મોટા કોન્ટ્રાક્ટ્સ અને પ્રોજેક્ટ મંજૂરી ઈલેક્ટોરલ બોન્ડ્સ દ્વારા દાન મળ્યા બાદ આપવામાં આવી હતી. તેઓએ ભાજપના કુલ 1,751 કરોડના બોન્ડ ખરીદ્યા પછી તેમને 3.7 લાખ કરોડના પ્રોજેક્ટ અને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હોવાનો



આક્ષેપ તેમણે કર્યો હતો. ભૂષણે આ ઉપરાંત દાવો કર્યો હતો કે સીબીઆઈ, ઈડી અને આવકવેરા વિભાગની તપાસનો સામનો કરતી 41 કંપનીઓએ ભાજપના કુલ 2,471 કરોડ રૂપિયાના ઈલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા છે. તેમાના 1,698 કરોડના બોન્ડ તો એજન્સીઓના દરોડા પછી ખરીદ્યા હતા. ભૂષણે આરોપ મૂક્યો હતો કે કમસેકમ 49 કેસોમાં ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકારોએ ઈલેક્ટોરલ બોન્ડના સ્વરુપમાં 580 કરોડ આપવામાં આવ્યા પછીના ત્રણ મહિનામાં તેમને 62,000 કરોડના પ્રોજેક્ટ મળ્યા હતા. ભૂષણનો દાવો હતો કે કલ્પતરુ જૂથે આવકવેરા વિભાગના દરોડા પડ્યાના ત્રણ મહિનામાં ઈલેક્ટોરલ બોન્ડના સ્વરુપમાં 5.5 કરોડ જમા કરાવ્યા હતા.ફ્યુચર ગેમિંગે 12 નવેમ્બર 2023 અને પહેલી ડિસેમ્બર 2021ના રોજ આઈટી અને ઈડીના દરોડા પડ્યાના ત્રણ મહિનામાં 60 કરોડ રુપિયા ઈલેક્ટોરલ બોન્ડ પેટે આપ્યા હતા. આ જ રીતે ઓરોબિન્દો ફાર્માએ 10 નવેમ્બર 2022ના રોજ ઈડીના દરોડા પછીના ત્રણ મહિનામાં ભાજપને ઈલેક્ટોરલ બોન્ડ પેટે પાંચ કરોડ આપ્યા હતા. આ ઉપરાંત હૈદરાબાદની મેઘા એન્જિનિયરિંગ 966 કરોડના બોન્ડની ખરીદી સાથે ઈલેક્ટોરલ બોન્ડના સૌથી મોટા ખરીદદાર તરીકે ઉભરી આવી છે. ઉલ્લેખનીય છે કે આ જ કંપનીને જમ્મુ- કાશ્મીરમાં 4,500 કરોડનો જોજિલા ટનલનો અને બાંદ્રાકુર્લાના કોમ્પ્લેક્સમાં બુલેટ ટ્રેનનું સ્ટેશન બનાવવાનો 3,681 કરોડનો કોન્ટ્રાક્ટ મળ્યો છે. આ અનલિસ્ટેડ ફર્મે ભાજપને 585 કરોડ, બીઆરએસને 195 કરોડ અને ડીએમકેને 85 કરોડ રુપિયા આપ્યા હતા.

આ જ રીતે ભારતી એરટેલની પેટા કંપની ભારતી ટેલીમીડિયાએ ભાજપને ઈલેક્ટોરલ બોન્ડ પેટે 234 કરોડ રૂપિયા આપ્યા હતા. આ જ રીતે કોટક ફેમિલીની માલિકીની ઈંફિનાએ ભાજપને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા 60 કરોડ રુપિયા આપ્યા હતા. દિલ્હી લિકર કૌભાંડમાં પકડાયેલા ઓરોબિન્દો ફાર્માના ડિરેક્ટરોમાં એકે ભાજપને 52 કરોડ ઈલેક્ટોરલ બોન્ડ પેટે આપ્યા હતા.

## ભાજપે આ પગલું ભર્યું ન હોત તો સીધે સીધી 8 બેઠકો ગુમાવી હોત! હવે વિપક્ષનું ટેન્શન વધ્યું

નવી દિલ્હી : નાગરિકતા સુધારો કાયદો (CAA) પશ્ચિમ બંગાળની અડધો ડઝન લોકસભા સીટો પર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે તેવી શક્યતા છે. ચૂંટણી પહેલા તૃણમૂલ કોંગ્રેસ આ બેઠકો પર ભાજપની વ્યૂહનીતિને લઈને સતર્ક છે. નિષ્ણાતો કહે છે કે પશ્ચિમ બંગાળની ઓછામાં ઓછી આઠ લોકસભા સીટો પર તે મહત્વની ભૂમિકા ભજવે તેવી શક્યતા છે.એવું મનાય છે કે બંગાળમાં નાદિયા અને ઉત્તર 24 પરગણા જિલ્લાની ઓછામાં ઓછી પાંચ બેઠકો આ નિર્ણયથી પ્રભાવિત થશે. જ્યારે રાજ્યના ઉત્તર વિસ્તારની બેથી ત્રણ બેઠકો પર પણ રાજકીય અને ચૂંટણી અસર જોવા મળશે. દક્ષિણ બંગાળમાં મતુઆ અને ઉત્તર બંગાળમાં રાજબંશી અને નામસુદ્ર સામેલ છે. જો 2019ના ચૂંટણી ઢંઢેરામાં આપેલા વચન મુજબ CAAનો અમલ ન થયો હોત તો ભાજપને અહીં નુકસાન થઈ શકે તેમ હતું.અહીં મતુઆ, રાજબંશી, નામશુદ્ર નાગરિકતા ઈચ્છે છે. મતુઆ સમુદાય એ હિંદુ શરણાર્થી જૂથ છે જે વિભાજન પછીના વર્ષો દરમિયાન અને ભારતમાં આવ્યા હતા. કોઈ ચોક્કસ આંકડા ઉપલબ્ધ નથી પરંતુ મતુઆ સમુદાયના લોકોની સંખ્યા ઘણી નોંધપાત્ર છે.

**ન્યૂઝ કોર્નર**

### સાબરમતી-મહેસાણા-આબુ રોડ ડેમુ સ્પેશિયલ ટ્રેનમાં ચાર વધારાના કોચ ઉમેરવામાં

અમદાવાદ : સાબરમતી-મહેસાણા-આબુ રોડ ડેમુ સ્પેશિયલ ટ્રેનમાં ચાર વધારાના કોચ ઉમેરવામાં આવ્યા છે પશ્ચિમ રેલવેએ હોળીના તહેવારને ધ્યાનમાં રાખીને, મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક અસરથી સાબરમતી-મહેસાણા-આબુ રોડ ડેમુ સ્પેશિયલ ટ્રેનમાં ચાર વધારાના કોચ ઉમેરવામાં આવ્યા છે. તદનુસાર, ટ્રેન નંબર 09431/09432 સાબરમતી-મહેસાણા-સાબરમતી ડેમુ સ્પેશિયલ અને ટ્રેન નંબર 09437/09438 મહેસાણા-આબુ રોડ-મહેસાણા ડેમુ સ્પેશિયલ ટ્રેનમાં ચાર વધારાના કોચ ઉમેરવામાં આવ્યા છે. ટ્રેનોના પરિચાલન સમય, રોકાણ, અને સંરચનાને લગતી વિસ્તૃત માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

### વેદાંતાના મતે પાઇપલાઇન પ્રોજેક્ટ્સ વેચાણમાં 6 અબજ ડોલર અને એબિટામાં 2.5-3 અબજ ડોલરનો ઉમેરો કરશે

નવી દિલ્હી : વૃદ્ધિને આગળ ધપાવવા માટે માઈનિંગ સમૂહ વેદાંતા લિમિટેડ 50થી વધુ એક્ટિવ પ્રોજેક્ટ્સ અને વિસ્તરણ પર કામ કરી રહી છે જે પૂરા થવા પર વાર્ષિક એબિટામાં 2.5-3 અબજ ડોલર અને આવકમાં 6 અબજ ડોલરનો વિક્રમી વધારો કરે તેવી સંભાવના છે, એમ કંપનીના એક ટોચના એક્ઝિક્યુટિવે ઈન્વેસ્ટર ઈવેન્ટમાં જણાવ્યું હતું. કંપની જેને હાલ ડિસ્કવરી સ્ટેજ, કન્સેપ્ટ સ્ટેજ અને એક્ઝિક્યુશન સ્ટેજમાં ગણાવે છે તેવી આ વિકાસ પહેલ વેદાંતાના સમગ્ર બિઝનેસ સેગમેન્ટ્સ - એલ્યુમિનિયમ, ઝિંક, બેઝ મેટલ્સ, સ્ટીલ, કોપર અને પાવરમાં ફેલાયેલી છે. "અમે અમારી તમામ સાઈટ્સમાં અધિક મૂલ્ય ઊભું કરવા માટે વિકલ્પોની સતત ખોજ કરીએ છીએ. અમે હાલ અમારા તમામ બિઝનેસીસમાં અનેક હાઈ-ઈમ્પેક્ટ પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યા છીએ. આનાથી અમારી કોસ્ટ લીડરશિપમાં વધુ પ્રદાન મળશે જ્યારે ઓપરેટિંગ ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો થશે. આ લેવલર્સ અમારી એબિટાને વાર્ષિક 7.5 અબજ ડોલરના નિર્ધારિત લક્ષ્યાંક તરફ આગળ લઈ જવામાં મદદ કરશે", એમ કંપનીના વાઈસ ચેરમેન નવીન અગ્રવાલે એક ઈવેન્ટમાં જણાવ્યું હતું.

## સાંસદની સાથે તેમના ભાઈ સુરેશને પણ પાર્ટીમાંથી હાંકી કાઢ્યા

# લોકસભા ચૂંટણી પૂર્વે માયાવતીની મોટી કાર્યવાહી, પાર્ટી વિરોધી પ્રવૃત્તિમાં સામેલ સાંસદને બરતરફ કર્યા

(એજન્સી) નવી દિલ્હી

લોકસભા ચૂંટણી પહેલા બસપા સુપ્રીમો માયાવતીએ મોટી કાર્યવાહી કરી છે. બહુજન સમાજ પાર્ટી (BSP)ના પ્રમુખ માયાવતીએ આજે શ્રાવસ્તી લોકસભા બેઠકથી સાંસદ રામ શિરોમણિ વર્માને પાર્ટીમાંથી બરતરફ કરી દીધા છે. તેમના પર પાર્ટી વિરોધી પ્રવૃતિમાં સામેલ હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. સાંસદની સાથે તેમના ભાઈ સુરેશને પણ પાર્ટીમાંથી હાંકી કાઢ્યા છે. અંબેડકરનગરના BSP જિલ્લા અધ્યક્ષ સુનીલ સાવંત ગૌતમે એક પ્રેસ રિલીઝ જારી કરીને સાંસદ રામ શિરોમણિ વર્માને પાર્ટીમાંથી બરતરફ કરી દીધા હોવાની જાણકારી આપી છે. રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે સાંસદ અને



તેમના ભાઈને પાર્ટીમાં અનુશાસનહીનતા અપનાવવા અને પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હોવાની આપવામાં આવેલા રિપોર્ટની વિવિધ સૂત્રો દ્વારા તપાસ કર્યા બાદ આજે BSPમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે.સુનીલ સાવંત ગૌતમે કહ્યું કે રામ શિરોમણી વર્માને BSPમાં અનુશાસનહીનતા અપનાવવા અને પાર્ટી વિરોધી પ્રવૃતિઓ વિશે ઘણી વખત ચેતવણી આપવામાં આવી હતી પરંતુ તેમ છતાં તેમની કાર્યશૈલીમાં કોઈ સુધારો ન આવ્યો. તેથી પાર્ટી અને મૂવમેન્ટ હિતમાં આજે તેમને પાર્ટીમાંથી બરતરફ કરી દેવામાં આવ્યા છે.

રામ શિરોમણી વર્માએ 2019માં સપા-બસપા ગઠબંધનના ઉમેદવાર તરીકે શ્રાવસ્તીથી જીત મેળવી હતી. તેમણે તત્કાલિન સાંસદ દદ્દન મિશ્રાને 5320 મતોથી હરાવ્યા હતા. આ વખતે તેઓ સપા તરફથી ચૂંટણી લડશે તેવી અટકળો લગાવવામાં આવી રહી છે. વર્મા દ્વારા 2019માં ફાઈલ કરવામાં આવેલી ચૂંટણી એફિડેવિટ પ્રમાણે તેમની પાસે 191 કરોડ રૂપિયાની સંપત્તિ છે. તેમનો જન્મ 5 ઓગસ્ટ 1975ના રોજ થયો હતો. તેમણે અયોધ્યાની ડોક્ટર રામ મનોહર લોહિયા યુનિવર્સિટીમાંથી શિક્ષણ મેળવ્યું હતું.

## કેશ ફોર ક્વેરી કેસમાં TMC નેતા સામે આ કાર્યવાહી કરવામાં આવી છે

# TMC નેતા મહુઆ મોઈત્રાના ઠેકાણા પર CBIના દરોડા, કેશ ફોર ક્વેરી મામલે વધી મુશ્કેલી

(એજન્સી) કોલકાતા

TMC નેતા મહુઆ મોઈત્રાની મુશ્કેલી વધતી નજર આવી રહી છે. આજે CBIએ મહુઆના નિવાસસ્થાન સહિત અનેક ઠેકાણે દરોડા પાડ્યા છે. કેશ ફોર ક્વેરી કેસમાં TMC નેતા સામે આ કાર્યવાહી કરવામાં આવી છે. CBI આ મામલે TMC નેતાના કોલકાતા સ્થિત આવાસ અને અન્ય ઠેકાણા પર સર્ચ કરી રહી છે. CBIએ તાજેતરમાં જ કેશ ફોર ક્વેરી મામલે FIR નોંધી હતી. CBIએ લોકપાલના આદેશ પર આ FIR નોંધી હતી. દિલ્હીથી CBIની એક ટીમ મહુઆના પિતાના દક્ષિણ કોલકાતાના અલીપુર વિસ્તારમાં સ્થિત ફ્લેટ પર પહોંચી છે. લોકપાલે CBIને મહુઆ મોઈત્રા વિરુદ્ધ 'પૈસા લઈને સવાલ પૂછવાના' કેસમાં કેસ નોંધવાનો આદેશ આપ્યો હતો. લોકપાલે CBIને મહુઆ મોઈત્રા સામે ભ્રષ્ટાચાર વિરોધી અધિનિયમ હેઠળ કેસ નોંધીને તપાસ



કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ સાથે જ લોકપાલે તપાસ એજન્સીને છ મહિનામાં પોતાનો રિપોર્ટ આપવા માટે કહ્યું છે. TMC નેતા મહુઆ મોઈત્રા પર પૈસા લઈને સંસદમાં સવાલ પૂછવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. તપાસ બાદ એથિક્સ કમિટીએ પોતાનો રિપોર્ટ સ્પીકરને સોંપ્યો હતો. આ સમગ્ર મામલાની શરૂઆત બીજેપી સાંસદ નિશિકાંત દુબેના આરોપોથી થઈ હતી. નિશિકાંત દુબેએ મહુઆ મોઈત્રા પર સંસદમાં સવાલ પૂછવા માટે રિયલ એસ્ટેટ બિઝનેસમેન હિરાનંદાની પાસેથી લાંચ લેવાનો આરોપ લગાવ્યો હતો. નિશિકાંત દુબેએ આ આરોપો મહુઆના પૂર્વ મિત્ર જય અનંત દેહાદ્રઈની ફરિયાદના આધારે લગાવ્યા હતા.

ગત વર્ષે ડિસેમ્બર મહિનામાં કેશ ફોર ક્વેરી કેસમાં મહુઆ મોઈત્રાનું સાંસદ પદ રદ કરી દેવામાં આવ્યુ હતું. નિશિકાંતની ફરિયાદ પર લોકસભા સ્પીકર ઓમ બિરલાએ એક કમિટીની રચના કરી હતી. નિશિકાંત દુબેએ ઓમ બિરલાને લખેલા પત્રમાં ગંભીર 'વિશેષાધિકારનું ઉલ્લંઘન' અને 'ગૃહની અવમાનના'નો મામલો ગણાવ્યો હતો. કમિટીએ મહુઆ મોઈત્રા, નિશિકાંત દુબે સહિત ઘણા લોકોના નિવેદનો નોંધ્યા હતા. વિનોદ કુમાર સોનકરની આગેવાની હેઠળની કમિટીએ 9 નવેમ્બરના રોજ મળેલી એક બેઠકમાં 'કેશ ફોર ક્વેરી'ના આરોપો પર મહુઆ મોઈત્રાનું લોકસભા સભ્યપદ રદ કરવાની ભલામણ કરતો રિપોર્ટ તૈયાર કર્યો હતો.

### સત્યપાલ મલિકે વર્ષ પહેલાં કેજરીવાલ અંગે કરેલી ભવિષ્યવાણી સાચી ઠરી! શું છે મામલો

નવી દિલ્હી :સત્યપાલ મલિકે X પર ટ્વીટ કરીને કહ્યું છે કે, મેં તો પહેલા જ કહ્યું હતું કે, ચૂંટણી પહેલા કેજરીવાલની ધરપકડ કરવામાં આવશે. આટલું જ નહીં નરેન્દ્ર મોદીનું નામ લીધા વગર સત્યપાલ મલિકે પીએમ પ્રહારો કર્યા હતા.દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ અનેક નેતાઓના નિવેદનો સામે આવી રહ્યા છે. કોંગ્રેસમાંથી રાહુલ ગાંધી, સંદીપ દીક્ષિત જેવા નેતાઓએ તેમની સાથે ઉભા રહેવાની વાત કરી છે, તો અખિલેશ યાદવ જેવા નેતાઓએ પણ ધરપકડ પર સવાલો ઉઠાવ્યા છે. આ દરમિયાન સત્યપાલ મલિક ટ્વિટર પર ટ્રેન્ડ થઈ રહ્યા છે. તેમણે ગયા વર્ષે જ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણી પહેલા અરવિંદ કેજરીવાલની ધરપકડ થઈ શકે છે. તેમની આ ભવિષ્યવાણી સાચી પડી છે. એવામાં તેમના નિવેદનની ક્લિપ શેર કરતાં લોકો ટિપ્પણી કરી રહ્યા છે કે મલિકની ભવિષ્યવાણી સાચી સાબિત થઈ છે.ખુદ સત્યપાલ મલિકે જ આ અંગે ટ્વીટ કર્યું છે.

### જોર લગા કે હઈસા... રેલવે કર્મચારીઓએ ધક્કા મારીને ટ્રેનને સ્ટેશન સુધી પહોંચાડી

નવી દિલ્હી :ઉત્તર પ્રદેશના અમેઠી જિલ્લામાં રેલવે વિભાગની બેદરકારી સામે આવી છે. જ્યાં રેલવે અધિકારીઓ માટે બનાવવામાં આવેલી ડીપીસી ટ્રેન પાટાની વચ્ચે જ બંધ થઇ ગઇ હતી. જે બાદ રેલવે કર્મચારીઓ દ્વારા ટ્રેનને મેઇન લાઇનથી લૂપ લાઇન પર પહોંચાડી હતી. રેલવે કર્મચારીઓ દ્વારા ટ્રેનને ધક્કો મારતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહ્યો છે.અમેઠી જિલ્લાના નિહાલગઢ રેલવે સ્ટેશનનો છે, જ્યાં સુલતાનપુર તરફથી અધિકારીઓ ડીપીસી ટ્રેન દ્વારા લખનઉ જઇ રહ્યા હતા. ત્યારે અચાનક ટ્રેન સ્ટેશનની બહાર ઊભી રહી હતી. મુખ્ય લાઇન પર ટ્રેન બંધ થઇ જતા અન્ય ઘણી ટ્રેનોને પણ અસર પડી હતી. ઘણાં પ્રયત્નો છતાં ડીપીસી ટ્રેન રીપેર થઇ શકી નથી. બાદમાં રેલવે કર્મચારીઓ દ્વારા ડીપીસી ટ્રેનને મેઇન લાઇન પરથી હટીને લૂપ લાઇનમાં ખસેડવામાં આવી હતી. લોકોએ તેનો વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. જેમાં જોઇ શકાય છે કે, કેટલાક લોકો ટ્રેનને ધક્કો મારી રહ્યા છે.

## AAPના ધારાસભ્યએ સોશ્યલ મીડિયામાં પોસ્ટ કરી, બીજી બાજુ 24 કલાકમાં ઘરે ઈડી ત્રાટકી

(એજન્સી) નવી દિલ્હી

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના લિકર પોલિસી કેસમાં છ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે અને આ મામલે દેશભરમાં રાજકારણ ગરમાયું છે ત્યારે હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ આમ આદમી પાર્ટી (AAP)ના અન્ય ધારાસભ્યના ઘરે દરોડા પાડ્યા છે. આજે સવારે ઈડીની ટીમે દેશની રાજધાની ક્ષેત્રના મટિયાલા વિસ્તારમાંથી ધારાસભ્ય ગુલાબ સિંહ યાદવના ઘરે દરોડા પાડ્યા હતા.ઈડી દ્વારા આપના ધારાસભ્ય ગુલાબ સિંહ યાદવ વિરુદ્ધ આ કાર્યવાહી એવા સમયે થઈ છે જ્યારે તેમણે અરવિંદ કેજરીવાલના સમર્થનમાં સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું હતું. ગુલાબ સિંહે સોશિયલ મીડિયા એક્સ (X) પર દિલ્હીના મુખ્યમંત્રીનો ફોટો શેર કરીને લખ્યું હતું કે 'મોદી કા એક હી કાલ, કેજરીવાલ કેજરીવાલ'. ઉલ્લેખનીય છે કે આપ નેતા ગુલાબ સિંહ યાદવ બે વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે.

## નારાયણ શાળાઓ તેની પહોંચ વિસ્તારે છે; સપના સાકાર કરવા 50 નવી શાળાઓ ખોલશે

હૈદરાબાદ | ગુણવત્તાયુક્ત શિક્ષણ બનાવવાના સપનાને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું વિદ્યાર્થીઓ માટે સુલભ, નારાયણા સ્કૂલને 10માં 50 નવી શાળાઓ ખોલવાની જાહેરાત કરવામાં ગર્વ છે ભારતના રાજ્યો અને 36 શહેરો. આ ભારતભરમાં પહેલેથી અસ્તિત્વમાં રહેલી 500 શાળાઓમાં એક ઉમેરો છે. વિદ્યાર્થીઓની તેમની શાળાની મુસાફરીના વિવિધ તબક્કામાં અનન્ય જરૂરિયાતોને સમજીને, નારાયણ ઓફર કરે છે વય-યોગ્ય કાર્યક્રમો. eKidz પ્રોગ્રામ નર્સરીથી UKG માટે વ્યક્તિગત શિક્ષણ પ્રદાન કરે છે વિદ્યાર્થીઓ સુરક્ષિત, સુરક્ષિત અને આરોગ્યપ્રદ વાતાવરણમાં. eChamps, 1 થી 5 માં વર્ગના વિદ્યાર્થીઓ માટે, એકંદરે પ્રોત્સાહન આપે છે સકારાત્મક સેટિંગમાં વૃદ્ધિ, ભવિષ્યના શિક્ષણ માટે મજબૂત પાયો નાખે છે. eTechno, 6ઠ્ઠા થી 10મા વર્ગ માટે વિદ્યાર્થીઓ, તેમને સ્પર્ધાત્મક વિશ્વના પડકારો માટે તૈયાર કરે છે અને તેમને જરૂરી બાબતોથી પરિચિત કરે છે સ્પર્ધાત્મક વાતાવરણ, નારાયણ માનસિક સુખાકારીની ભૂમિકાને સ્વીકારે છે અને ભાવનાત્મક ઓફર કરે છે ની કુશળ ટીમ તરફથી ત્વરિત સહાયતા સુનિશ્ચિત કરીને, તેના દિશા કાર્યક્રમ દ્વારા તેના વિદ્યાર્થીઓને સમર્થન આપે છે સલાહકારો અને મનોવૈજ્ઞાનિકો. eTechno પ્રોગ્રામ વ્યક્તિગત શક્તિઓને વધારવા માટે રચાયેલ છે અને સુધારણાની જરૂર હોય તેવા ક્ષેત્રોને સંબોધિત કરો.

### ઉનાળામાં પાણીનું ગંભીર સંકટ સર્જાય તેવા એંધાણ, દેશના જળાશયોમાં ફક્ત 38% પાણી બચ્યું : રિપોર્ટ

નવી દિલ્હી : કેન્દ્રીય જળ કમિશનના લેટેસ્ટ બૂલેટીનમાં ઉનાળા પહેલાં ઘટી ગયેલા પાણીના જથ્થા બાબતે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ઉનાળા પહેલાં ઓછો પાણીનો જથ્થો બચ્યો છે. દેશના ૧૫૦ મોટાં જળાશયોના જળસ્તરના આધારે રજૂ થયેલા અહેવાલ પ્રમાણે હવે માત્ર ૩૮ ટકા પાણીનો જથ્થો જ બચ્યો છે એટલે ઉનાળામાં ઠેર-ઠેર પાણીની અછત સર્જાય તેવી ભીતિ છે. બેંગ્લુરુમાં પાણીનું ગંભીર જોખમ સર્જાયું છે. બેંગ્લુરુમાં ૧૪ હજાર કરતાં વધુ બોરવેલ છે, એમાંથી 6900 એટલે કે અડધો અડધ સૂકાઈ ગયા છે. બેંગ્લુરુમાં દરરોજ ૨૬૦૦ એમએલડી પાણીની જરૂરિયાત સામે અત્યારે માત્ર ૫૦૦ એમએલડી પાણી મળે છે, પરિણામે લોકોને ગંભીર અછતનો સામનો કરવો પડી રહ્યો છે. બેંગ્લુરુ જેવી જ સ્થિતિ દેશભરમાં ન સર્જાય તે માટે અત્યારથી ચેતવણી આપવામાં આવી છે. કેન્દ્રીય જળ આયોગના લેટેસ્ટ બૂલેટીન પ્રમાણે દેશના મોટાં ૧૫૦ જળાશયોમાં ગત વર્ષની તુલનાએ આ વર્ષે ઓછું પાણી વધ્યું છે.

## કેજરીવાલની ધરપકડ બાદ તેમને 6 દિવસ ઈડીના રિમાંડ પણ મોકલાયા છે

# કેજરીવાલની ધરપકડ બાદ AAPના આકરા પ્રહાર, કૌભાંડના મની-ટ્રેલમાં ભાજપ પણ સામેલ હોવાનો દાવો

(એજન્સી) નવી દિલ્હી

દિલ્હી લીકર પોલિસી કૌભાંડ મામલે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ થયા બાદ તેમને છ દિવસ માટે ઈડીને રિમાન્ડ પર લેવા સોંપી દેવાયા છે. આ દરમિયાન આમ આદમી પાર્ટીના નેતાઓએ આજે એક પત્રકાર પરિષદ કરીને અનેક પુરાવા રજૂ કરીને ભાજપ પર મની ટ્રેલમાં સામેલ હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. આપ નેતા આતિશીએ પત્રકારોની સામે મની ટ્રેલનો પુરાવો રજૂ કરતાં કહ્યું કે દિલ્હીના કથિત લીકર કૌભાંડ કેસમાં સત્તાવાર મની ટ્રેલ પકડાઈ ગયો છે. તેના બધા જ પૈસા ભાજપના ખાતામાં ગયા છે.

એટલા માટે અમે માગ કરીએ છીએ કે ભાજપના અધ્યક્ષ જે. પી.નડ્ડાની ધરપકડ કરવામાં આવે. ઈડી આ કાર્યવાહી કરે. આ સાથે તેમણે ઈડીને ભાજપનો જમણો હાથ ગણાવ્યો હતોઆતિશીએ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે છેલ્લા બે વર્ષથી દિલ્હીમાં તથાકથિત લીકર પોલિસી કૌભાંડની ઈડી અને સીબીઆઈ દ્વારા તપાસ ચાલી




રહી છે. જે દરમિયાન સૌથી મોટો સવાલ મની ટ્રેલને લઈને પૂછવામાં આવી રહ્યો છે એટલે કે કૌભાંડના પૈસા ક્યાં ગયા? તેમાં લીકર વેપારીઓને નફો પહોંચાડવાના આરોપો મૂકાયા.

## સિદ્ધુ મુસેવાલાની માતા ચરણ કૌરની ઉંમર 50 વર્ષથી વધુ છે

# સિદ્ધુ મુસેવાલાની માતા ચરણ કૌર પર IVFના નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ, શું છે તેના નિયમો અને શરતો?

(એજન્સી) નવી દિલ્હી :

પંજાબના દિવંગત ગાયક સિદ્ધુ મુસેવાલાની માતા ચરણ કૌરે 58 વર્ષની ઉંમરે IVF ટેકનીક દ્વારા પુત્રને જન્મ આપ્યો, જેના કારણે ખળભળાટ મચી ગયો. તેના પર કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે પંજાબ સરકારને પત્ર મોકલીને આ અંગે જવાબ માંગ્યો છે. કેન્દ્ર દ્વારા લખવામાં આવેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન (IVF)ના નિયમો અનુસાર આ ટેકનિક દ્વારા માત્ર 21 થી 50 વર્ષની મહિલાઓ જ માતા બની શકે છે, પરંતુ સિદ્ધુ મુસેવાલાની

### IVF અંગે ભારતમાં કાયદો?

- 21 થી 50 વર્ષની વયની મહિલાઓ IVF સારવાર લઈ શકે છે
- પુરુષો માટે તેની ઉંમર 21 થી 55 વર્ષ સુધીની છે
- મહિલા એગ્સ ડોનર માટે લઘુત્તમ વય 35 વર્ષ છે
- કોઈપણ સ્ત્રી તેના જીવનમાં માત્ર એક જ વાર એગ ડોનેટ કરી શકે છે
- એક મહિલાના માત્ર 7 એગ્સ જ કાઢી શકાય છે
- એગ ડોનરે પણ લગ્ન કરવા જરૂરી છે
- એક દંપતીના એગ્સનો ઉપયોગ બીજા દંપતી દ્વારા કરી શકાતો નથી
- એગ્સ ડોનેટ કરવાના બદલામાં મહિલા કોઈ ફી કે પૈસા લઈ શકતી નથી

માતા ચરણ કૌર તેનાથી મોટી છે. આથી કેન્દ્રએ પંજાબ સરકાર પાસેથી ચરણ કૌરની ઉંમર અને અન્ય બાબતો અંગે વિગતવાર રિપોર્ટ માંગ્યો છે. આ મામલે મુસેવાલાના પિતા બલકૌર સિંહે કહ્યું કે, તેણે કોઈપણ રીતે કાયદાનું ઉલ્લંઘન કર્યું નથી. તો ચાલો જાણીએ તેના નિયમો અને શરતો શું છેદરેક દેશમાં IVF સંબંધિત કાયદાનો અલગ અલગ હોય છે. IVF બાબતે ભારતમાં પણ કાયદાઓ બનાવવામાં આવ્યા છે. આના સંદર્ભમાં, આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેક્નોલોજી રેગ્યુલેશન એક્ટ, 2021 બનાવવામાં આવ્યો હતો. જે અનુસાર ભારતમાં મહિલાઓ 50 વર્ષની ઉંમર સુધી જ IVF દ્વારા માતા બની શકે છે. જ્યારે પુરુષો માટે ઉંમર 55 વર્ષ નક્કી કરવામાં આવી છે. દરેક IVF સેન્ટરે વંધ્યત્વ ધરાવતી મહિલાની સંપૂર્ણ વિગતો ભરવાની હોય છે. આમાં, યોગ્ય વયની માહિતી સાથે ડિસ્ચાર્જ પેપર આપવા સુધીની તમામ કામગીરી કાયદેસર હોવી જોઈએ. નિયમ એ પણ જણાવે છે કે મહિલા તેના જીવનમાં કેટલી વખત IVFનો આશરો લઈ શકે છે તેની માહિતી આપવી જોઈએ. વર્ષ 2023માં IVF અંગેના નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેક્નોલોજી રેગ્યુલેશન, 2023 હેઠળ, હવે માત્ર એક કે બે સ્વસ્થ ભ્રૂણ જ મહિલાના ગર્ભાશયમાં ટ્રાન્સફર થઈ શકે છે. ત્રણ ભ્રૂણ માત્ર ગંભીર કિસ્સાઓમાં જ ટ્રાન્સફર કરી શકાય છે.

**ઉત્તર મધ્ય રેલવે**

ટેન્ડર નોટિસ નંબર :-EL-C-PRYJ-211-23-24 — તારીખ :- 22-03-2024

**ઈ-ટેન્ડર નોટિસ**

ભારતના રાષ્ટ્રપતિ વતી, ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર/બાંધકામ/ઉત્તર મધ્ય રેલવે/પ્રયાગરાજ નીચેના કામો માટે 15-04-2024 ના રોજ 15:30 વાગ્યા સુધી ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડરને લગતી વિગતવાર વિગતો નીચે મુજબ છે.

ટેન્ડર નંબર :- EL-C-PRYJ-211-23-24 | ટેન્ડર ખુલવાની તારીખ :- 15-04-2024

કામનું નામ:- બ્લોક વિભાગ ચિક્કી-કરછાણા-ભીરપુર 18 કિમી અને બ્લોક વિભાગ કૈલાહાટ-અહરૌરા રોડ-જીવનાથપુર-બ્લોક હટ 18 કિમી, રૂમામાં 2×25KVAC સિસ્ટમ સાથે સંબંધિત એરિયલ અર્થ કંડક્ટર, બ્રીડ અર્થ કંડક્ટર અને ફીડર વાયરની જોગવાઈ. -ચકેરી-ચંદારી- ત્રીજી લાઇન 12.5 કિમી અને દાદરી-ચિપિયાણા રોડ 12 કિમી પ્રયાગરાજ અને ઉત્તર મધ્ય રેલવેના પ્રયાગરાજ વિભાગના પંડિત દિનદયાલ ઉપાધ્યાય વચ્ચેની ત્રીજી લાઈનના જોડાણમાં.

પ્રકાશિત કાર્યની કિંમત (રૂ માં):- 10,73,85,378.43

બિડ અનામત (રૂ માં):- 6,87,000.00 | કાર્ય સમયગાળો :- 06 મહિના

નોંધ :- 1. ઉપરોક્ત તમામ ઈ-ટેન્ડરોની સંપૂર્ણ વિગતો (ટેન્ડર ફોર્મ સહિત) વેબસાઈટ www.ireps.gov.in પર ટેન્ડર ખોલવાની તારીખ 15:30 કલાક સુધી ઉપલબ્ધ છે. 2. ઉપરોક્ત તમામ ટેન્ડરોમાં, ઈ-બિડ સિવાયના અન્ય કોઈપણ સ્વરૂપની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે, વિક્રેતાઓએ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઈટ પર પોતાને નોંધણી કરાવવી જોઈએ. 3. કોઈપણ પ્રકારની ટેકનિકલ સમસ્યાના ઉકેલ માટે IREPS વેબસાઈટની હેલ્પલાઈનનો સંપર્ક કરી શકાય છે.

558/24 (P)

North central railways | www.ncr.indianrailways.gov.in | @northcentralrailway | @CPRONCR

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

એકિકૃત સર્વગ્રાહી માનવશક્તિ આધારિત કોન્ટ્રાક્ટ

**ટેન્ડર નોટીસ નં.** એમ-2024-01-સીસીસી-ઓખા તા.16-03-2024. (1) **કામનું નામઃ** C&W ડેપો ઓખા માટે ડેપો સંકુલની સફાઈ સહિત 2 વર્ષોના સમયગાળા માટે બાયો-ટોઈલેટ્સ અને OBHS ની કોચ સફાઈ, પાણી ભરવા અને જાળવણી કરવા માટે એકિકૃત સર્વગ્રાહી માનવશક્તિ આધારિત કોન્ટ્રાક્ટનું કામ. (2) **અંદાજિત પડતરઃ** ₹ 8,85,99,927.08 (3) **અર્નેસ્ટ મનીઃ** ₹ 5,93,000/- (4) **ટેન્ડર જમા કરવાની તથા ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** તા.08-04-2024 ના રોજ 15:00 કલાકે અને તા.08-04-2024 ના રોજ 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. (5) **ઓફીસનું સરનામું જ્યાં થી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે, નોટીસ બોર્ડનું સ્થળ અને વેબસાઈટ વિગતઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (મિકેનીકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. **વેબસાઈટઃ** www.ireps.gov.in

RJT-177

અમને ફોલો કરો: twitter.com/WesternRly

**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નંબરઃ- ઝાંસી/ઉમુસાપ્ર/2023-24/09 — તારીખ :- 22-03-2024

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ**

ભારતના રાષ્ટ્રપતિ વતી, ડેપ્યુટી ચીફ મટીરીયલ મેનેજર, જનરલ સ્ટોર ડેપો, ઝાંસી નીચેની વસ્તુઓ માટે ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડરો આમંત્રિત કરે છે.

| ટેન્ડર નંબર | ટેન્ડર ખુલવાની તારીખ | બાના રકમ :- | જથ્થો |
|---|---|---|---|
| 51245191 | 22-04-2024 | રૂ:114270.00 | |
| કાર્યનું વર્ણન | ઈન્વર્ટર આધારિત એર પ્લાઝ્મા કટીંગ મશીન ક્ષમતા 25 મીમી જાડી પ્લેટ કટિંગ સ્પષ્ટીકરણ મુજબ. | | 10 નંગ |
| | ઈન્વર્ટર આધારિત એર પ્લાઝ્મા કટીંગ મશીન ક્ષમતા 25 મીમી જાડી પ્લેટ કટિંગ સ્પષ્ટીકરણ મુજબ. | | 08 નંગ |
| | 2 વર્ષની વોરંટી પછી 5 વર્ષના સમયગાળા માટે ઈન્વર્ટર આધારિત એર પ્લાઝ્મા કટીંગ મશીન ક્ષમતા 25 મીમી જાડા પ્લેટ કટીંગ CAMC માટે વોરંટી પછીનો વાર્ષિક જાળવણી કરાર. | | 18 નંગ |

નોંધ :- 1. ઉપરોક્ત ઈ-ટેન્ડરોના ટેન્ડર દસ્તાવેજ સાથેની સંપૂર્ણ માહિતી વેબસાઈટ http://www.irpes.gov.in પર ઉપલબ્ધ છે. 2. ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બિડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે, વિક્રેતાઓએ IT ACT-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્રો સાથે IREPS વેબસાઈટ પર નોંધણી કરાવવી જરૂરી છે. 3. નાણાકીય દર પેજમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી સહી કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય ફોર્મ/લેટરહેડમાં હોય તો તેને સીધી અવગણવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

561/24 FA

North central railways | @CPRONCR | @northcentralrailway | www.ncr.indianrailways.gov.in

## સુરત સિવિલમાંથી બાળકીને સાથે રાખી ચોરી કરતી 2 મહિલા ઝડપાઇ

ગાંધીનગર | સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં બાળકીને સાથે રાખીને ચોરીને અંજામ આપતી બે મહિલાઓને ઝડપી પાડવામાં આવી છે. એટલું જ નહીં આ મહિલાઓ છ મહિના પહેલા પણ ચોરી કરતી પકડાઈ હતી. ત્યારબાદ આજે ફરી ચોરી કરવા આવતા સિક્યોરિટી દ્વારા બંને મહિલાઓને પોલીસને સોંપી દેવામાં આવી છે. આ અંગેની માહિતી આપતાં સુરત સિવિલના સિક્યોરિટી અધિકારીએ જણાવ્યું કે, આ મહિલાઓ દ્વારા છ મહિના પહેલા ઝડપી પાડવામાં આવી હતી. ત્યારબાદ પોલીસમાં ફરિયાદ કરીને સોંપી દેવાઈ હતી.


# સિટી એક્સપ્રેસ

SUNDAY 24 MARCH-2024

AHMEDABAD


## ઝુંડાલ કેનાલ પરથી CCTV સાથે 40 હજારનાં સાધન ચોરાયાં

ગાંધીનગર |ગાંધીનગર શહેર અને જિલ્લાને સુરક્ષા પુરી પાડવા માટે સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. જિલ્લામાં લગાવેલા કેમેરા ગુના ઉકેલવામાં અનેક વખત મહત્વની ભુમિકા ભજવી ચૂક્યા છે. ત્યારે ઝુંડાલ કેનાલ ઉપર લગાવવામાં આવેલા સીસીટીવી સહિત તેના 40 હજારના સાધનોની ચોરી થઇ ગઇ છે. ફીલ્ડ એન્જિનિયર તપાસમાં નિકળતા બોક્સ ખુલ્લુ જોવા મળતા ચોરી થઇ હોવાનુ સામે આવ્યુ હતુ. જેથી અડાલજ પોલીસ મથકમાં ચોરીની ફરિયાદ નોંધાવી હતી.



# ડાકોરમાં ફાગણી પૂનમને લઇને ભક્તોનું માનવ મહેરામણ.....



(એજન્સી) ડાકોર | તા.23

સુપ્રસિધ્ધ યાત્રાધામ ડાકોર ખાતે ફાગણી પુનમના દિવસે ભક્તોનું ઘોડાપુર દર્શનાર્થે ઉમટતુ હોય છે. જેને ધ્યાને લઈ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ડાકોર નગરમાં પદયાત્રીઓના રૂટ ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવાયો છે. ફાગણી પુનમના મેળામાં આવનાર દર્શનાર્થીઓની આસ્થાને ધ્યાને રાખીને ડાકોર ટેમ્પલ કમિટિના આગેવાનો અને ટ્રસ્ટી મંડળ દ્વારા મંદિરના દર્શનના સમયમાં ફેરફાર કરાયો હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. દર્શનનો સમય સવારે ૬.૦૦ થી ૮.૩૦ રહેશે. બાદમાં સવારે ૯.૦૦ કલાકે શણગાર આરતી થશે. સવારના ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન ભક્તો દર્શનનો લ્હાવો લઈ શકશે. સાથે સાથે ૧૨.૩૦ થી ૨.૦૦ કલાક દરમ્યાન ભક્તો દર્શન કરી શકશે. સાંજે ૩.૪૫ કલાકે ઉત્થાપન આરતી બાદ નિત્યક્રમાનુસાર શયનભોગ, સખડીભોગ આરોગી શ્રી ઠાકોરજી પોઢી જશે.

## 'ડાકોરમાં કોણ છે, રાજા રણછોડ છે':પગપાળા જતા પદયાત્રીઓના જુસ્સામાં જ 'રાજા રણછોડ'ના દર્શન



ફાગણી પૂનમને આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે ભક્તોમાં અનોખો જોમ જૂસ્સો જોવા મળી રહ્યો છે. બપોરના ઊંચા તાપમાન વચ્ચે પણ ભક્તો ભક્તિના દરબાર તરફ સતત આગેકૂચ કરી રહ્યા છે. ડાકોરને જોડતા તમામ માર્ગો 'જય રણછોડ માખણચોર'ના નાદ સાથે ગૂંજી ઉઠ્યા છે. યાત્રાધામ ડાકોરમાં રાજાધિરાજને મળવા ભક્તો આતૂર બન્યા છે પગપાળા ચાલતા જતાં પદયાત્રીઓ માટે હવે ડાકોર ગણતરીના અંતરે છે ત્યારે આ પદયાત્રીઓમા અનોખો જોમ જૂસ્સો જોવા મળી રહ્યો છે. મહુધા થઈને ડાકોર તરફ જતા રસ્તાઓ 'જય રણછોડ માખણચોર'ના નાદ સાથે ગૂંજી ઉઠ્યો છે. ઊંચા તાપમાન વચ્ચે ભક્તો અગ્નિ પરિક્ષા આપી સતત ચાલી ઠાકોરજીના દ્વારે પહોંચી રહ્યા છે. જોકે પદયાત્રીઓના રૂટ પર અસંખ્ય સેવા કેમ્પો ધમધમી રહ્યા છે. માથે તાપ હોવા છતા રણછોડ રાય ભક્તો 'જય રણછોડ માખણચોર'ના નાદ સાથે સતત આગળ ડાકોર કાળિયા ઠાકોરની ભૂમી તરફ આગળ વધી રહ્યા છે.

### આરતીના સમયમાં ફેરફાર

**રવિવારની આરતી :** સવારે ૫.૦૦ કલાકે મંગળા આરતી બાદ ૫.૦૦ થી ૭.૩૦ કલાક દરમિયાન મંદિર ખુલ્લુ મુકાશે. સવારે ૮.૦૦ કલાકે શણગાર આરતી બાદ ૮.૦૦ થી ૧.૩૦ કલાક સુધી ભક્તો દર્શન કરી શકશે. બપોરે ૨.૦૦ કલાકે રાજભોગ આરતી કરાશે. બપોરના ૨.૦૦ થી ૫.૩૦ કલાક દરમિયાન ભક્તો ઠાકોરજીના દર્શન કરી શકશે. સાંજે ૬.૦૦ કલાકે ઉત્થાપન આરતી બાદ ૬.૦૦ થી ૮.૦૦ કલાક સુધી મંદિર ખુલ્લુ રહેશે. સાજે ૮.૧૫ કલાકે શયનભોગ આરતી બાદ નિત્યક્રમાનુસાર સેવા થઈ સખડીભોગ આરોગી શ્રી ઠાકોરજી પોઢી જશે.

**સોમવારની આરતી :** ૨૫ માર્ચના રોજ સવારે ૪.૦૦ કલાકે મંગળા આરતી બાદ ૪.૦૦ થી ૮.૩૦ કલાક સુધી દર્શન કરી શકશે. સવારે ૯.૦૦ કલાકે શણગાર આરતી બાદ ૯.૦૦ થી ૧.૦૦ કલાક સુધી ગોપાલલાલજી મહારાજ ફુલડોળમાં બિરાજશે. જ્યાં ફુલડોળના દર્શનો લાભ મેળવી શકશે. ૧.૦૦ થી ૨.૦૦ કલાક દર્શન માટે મંદિર ખુલ્લુ રહેશે. બપોરે ૩.૩૦ કલાકે રાજભોગ આરતી કરાશે. બાદમાં ૩.૩૦ થી ૪.૩૦ દરમ્યાન ભક્તો દર્શન કરી શકશે. સાંજે ૫.૧૫ કલાકે ઉત્થાપન આરતી બાદ નિત્યક્રમાનુસાર ઠાકોરજી સખડીભોગ આરોગી પોઢી જશે.

**મંગળવારની આરતી :** તા.૨૬મી માર્ચને મંગળવારના રોજ સવારે ૬.૪૫ કલાકે મંગળા આરતી બાદ ૬.૪૫ થી ૮.૩૦ દરમ્યાન ભક્તો દર્શનનો લ્હાવો લઈ શકશે. સવારે ૯.૩૦ કલાકે શણગાર આરતી બાદ ૧૨.૦૦ કલાક સુધી મંદિર દર્શનાર્થે ખુલ્લુ રહેશે. બપોરે ૧૨.૩૦ કલાકે રાજભોગ આરતી યોજાશે. જ્યાં રાજભોગ દર્શન થઈ શ્રી ઠાકોરજી પોઢી જશે. સાજે ૪.૦૦ કલાકે ઉત્થાપન આરતી થઈ શયનભોગ, સખડીભોગ આરોગી શ્રી ઠાકોરજી પોઢી જશે.

**Quick Read**

## વડોદરા એરપોર્ટ પરથી 60 હજાર ડોલર રોકડા મળતાં દોડધામ

અમદાવાદ | સમગ્ર દેશમાં ચૂંટણીની જાહેરાત બાદ આચરસંહિતા લાગુ થઈ છે. આ વચ્ચે રોકડ વ્યવહારથી લઈ કેશની લેવડદેવડ પર તંત્ર દ્વારા નજર રાખવામાં આવી રહી છે. આ વચ્ચે ઈડીની અમદાવાદ બ્રાન્ચને માહિતી મળી હતી જેમાં દિલ્હીથી વડોદરાની ફ્લાઈટમાં એક મુસાફર મોટા પ્રમાણમાં વિદેશી ચલણ લઈને જઈ રહ્યો છે. જેના આધારે ઈડીની ટીમે પેસેન્જરને પ્રથમ ટ્રેસ કર્યો હતો. આ પેસેન્જર 22, માર્ચે વડોદરા એરપોર્ટ પર લેન્ડ થયો હતો. જ્યાં તેની સઘન સર્ચ કરવામાં આવી હતી. દરમિયાન ટીમને તેની પાસેથી 60,000 USD મળી આવ્યા છે. આ ચલણની ભારતીય ચલણ પ્રમાણેની ગણના રૂ. 50 લાખ આંકવામાં આવી રહી છે. આ ચલણ તેની હેન્ડબેગમાંથી જપ્ત કરવામાં આવ્યું છે. જેના સાથે જ તમામ ટીમ દ્વારા આગળની તપાસ શરૂ કરવામાં આવી છે. આટલી મોટી માત્રામાં રોકડ લઈને પકડાનાર શખ્સની તમામ પાસાઓને ધ્યાને લઈને વિશેષ પુછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

## SG હાઈવે, પાલડીમાં વાહનની ટક્કર વાગતાં 2 રાહદારીનાં મોત

અમદાવાદ | સુવિધા ચાર રસ્તા પાસેથી રોડ ક્રોસ કરી રહેલી મહિલાને એક્ટિવાએ ટક્કર મારતાં તેનું મોત નીપજ્યું હતું. જ્યારે એસજી હાઈવે પરની મોતી મહેલ હોટેલ પાસેથી રોડ ક્રોસ કરી રહેલી વ્યક્તિનું અજાણ્યા વાહનની ટક્કરે મોત નીપજ્યું હતું. બંને અકસ્માત મામલે ટ્રાફિક પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સુવિધા ચાર રસ્તા પાસે ફૂટપાથ પર રહેતાં 60 વર્ષીય નયનાબેન પટેલ બપોરે તડકો હોવાથી ફૂટપાથ છોડીને આગળ બેસવા રોડ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે ત્યાંથી પસાર થતા એક ટુવ્હીલરચાલકે તેમને ટક્કર મારી હતી. અકસ્માત કરનાર યુવતીએ પણ ત્યાં હાજર રહી નયનાબેનને સારવાર માટે મોકલી આપ્યાં હતાં. જ્યાં લાંબી સારવાર બાદ નયનાબેનનું મૃત્યુ થયું હતું. આ મામલે જે ડિવિઝન ટ્રાફિક પોલીસે ટુવ્હીલરચાલક યુવતી રિયા શાહ (ઉં. 25) સામે ગુનો નોંધ્યો છે. બીજા બનાવમાં ઉત્તરપ્રદેશના ઈન્દલસિંઘ હવલદારસિંઘ ગુરુવારે રાત્રે એસજી હાઈવે પરની મોતી મહેલ હોટેલ પાસેથી રોડ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહનચાલકે ઈન્દલસિંઘને ટક્કર મારી હતી, જેથી ગંભીર ઈજાઓના કારણે ઘટના સ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું.

## સરખેજમાં મુસાફરો ભરેલી ST બસમાં ભીષણ આગ

અમદાવાદ | અમદાવાદના સરખેજ વિસ્તારમાં આજે બપોરે એકાએક એસટી બસમાં આગ લાગી હતી. જેના પગલે બસમાં મુસાફરી કરનારા તમામ મુસાફરો તાત્કાલિક બહાર નીકળી ગયા હતા. ફાયરબ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. બસમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. જોકે, જોતજોતામાં આખી બસ બળીને ખાખ થઈ જતા ખોખુ બની ગઈ હતી. ઘટનાને પગલે આસપાસના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. તેમજ અન્ય વાહનચાલકો પણ ભયમાં મૂકાયા હતા. અમદાવાદથી ધોળકા જતી એસટી બસમાં અચાનક આગ લાગી હતી. સરખેજ સર્કલ પાસે ભરચક વિસ્તારમાંથી આ બસ પસાર થઈ રહી હતી એન્જિનમાંથી ધૂમાડો નીકળતા જોઈ ડ્રાઈવરે સમય સૂચકતા વાપરીને તમામ મુસાફરોને સુરક્ષિત નીચે ઉતારી લીધા હતા.

# હોળી સાથે જ સૌરાષ્ટ્ર-કચ્છમાં હિટવેવની આગાહી

(એજન્સી) અમદાવાદ | તા.23

રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. જેના સાથે જ કેટલાંક વિસ્તારોમાં ગરમીનો પારો 35 ડિગ્રીની ઉપર પહોંચી રહ્યો છે. આ સાથે જ પશ્ચિમ ઉત્તર પશ્ચિમ દિશામાં પવન ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી 5 દિવસ માટે હિટ વેવની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, કચ્છ અને સૌરાષ્ટ્ર માટે આગામી 5 દિવસ માટે હિટ વેવની આગાહી કરી છે. આગામી એક સપ્તાહ રાજ્યમાં ગરમી યથાવત રહેશે. તેમજ રાજ્યના મહત્તમ તાપમાનમાં 2 ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે. હાલ રાજ્યમાં પોરબંદર અને ગીર સોમનાથમાં હિટ વેવ નોંધાઈ છે. હીટવેવના પગલે હવામાન વિભાગે યેલ્લો એલર્ટ જાહેર કર્યું છે.

આ સાથે જ સૌરાષ્ટ્રના પોરબંદર, જૂનાગઢ, ગીરસોમનાથ, રાજકોટ, અમરેલી અને દીવમાં હિટ વેવની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં ઉત્તર પશ્ચિમના પવનના કારણે સામાન્ય કરતા વધારે ગરમીની આગાહી કરાઈ છે. રાજ્યમાં આગામી 5 દિવસ સૂકું વાતાવરણ રહેવાની આગાહી કરવામાં આવી છે.



### હીટવેવમાં કાળજી રાખવા સૂચના

તેમજ કચ્છ, ગીરસોમનાથ અને પોરબંદરમાં ગરમ પવન ફૂંકાવાની આગાહી આપવામાં આવી છે. છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમરેલીમાં નોંધાયું છે. અમદાવાદમાં 39 ડિગ્રી સેલ્સિયસ તાપમાન પહોંચ્યું છે. પશ્ચિમથી ઉત્તર દિશામાં પવન ફૂંકાઈ રહ્યો હોવાથી ગરમીમાં વધારો થયો છે. આ સાથે જ હવામાન વિભાગે હિટ વેવમાં લોકો બપોર બાદ ઘરની બહાર ના જાય અને પાણી વધુ પીવું સૂચના આપવામાં આવી છે.

### શિક્ષણ વિભાગે જિલ્લા શિક્ષણાધિકારીઓને આપી સૂચના

રાજ્યમાં ગરમીની શરૂઆત સાથે જ હીટ વેવની પણ શરૂઆત જોવા મળી રહી છે. માર્ચ મહિનામાં જ વિવિધ ભાગોમાં ગરમીનો પારો ઉપર જતો જોવા મળી રહ્યો છે. જેમાં હવામાન વિભાગ દ્વારા આગામી 26 માર્ચ સુધી રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છના પોરબંદર, ગીર-સોમનાથ, રાજકોટ, અમરેલી, જૂનાગઢ અને કચ્છમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે જેના પગલે શૈક્ષણિક સંઘે શિક્ષણ સચિવ પત્ર લખીને શાળાના સમયમાં ફેરફાર કરવા માંગણી કરી છે. જેના પર રાજ્ય સરકારે જિલ્લા શિક્ષણાધિકારીઓને સૂચના આપી દીધી છે. વિદ્યાર્થીઓની જાળવણી માટે શૈક્ષણિક સંઘે શિક્ષણ સચિવને પત્ર લખીને આગામી સપ્તાહથી સ્કૂલના સમયમાં ફેરફાર કરવા માંગણી કરી છે. કારણોસર જે સ્કૂલનો સમય બપોરનો હોય તે સ્કૂલોનો સમય સવારનો કરવા માટે માગણી કરી છે. વિદ્યાર્થીઓના હિતમાં આ નિર્ણય કરવામાં આવે તેવી માગ શૈક્ષણિક સંઘ દ્વારા કરવામાં આવી છે.

**AMCની ટાર્ગેટ પૂરો કરવા આડેધડ નોટિસ**

## 6 રૂપિયા વ્યાજ સાથે વસૂલવા AMCની નોટિસ, ટેક્ષ ન ભરાતાં પાણી-ગટર કનેકશન કાપવાની ચિમકી

■ **ટેક્સ ભરવા ગ્રાહક તાત્કાલિક ઓફીસ દોડી આવ્યા**

(એજન્સી) અમદાવાદ | તા.23

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્સ વિભાગ દ્વારા બાકી પ્રોપ્રટી ટેક્સ ધારકો પાસેથી ટેક્સ વસૂલાત માટેની સઘન ઝૂંબેશ ચાલી રહી છે. જેમાં બાકી બિલ ધારકોને નોટિસ ઉપરાંત સીલિંગ કાર્યવાહી કરવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોનના ટેક્સ વિભાગના કર્મચારીઓએ નારણપુરાના સરદાર પટેલનગરમાં એક મકાનનું વર્ષ 2023-24નું માત્ર 6 રૂપિયા બાકી બિલ ભરવા તેને છેલ્લી ચેતવણીની નોટિસ આપી દીધી હતી. જો કે, પાછળથી આ ભૂલ સમજાતા ટેક્સ વિભાગ દ્વાર નોટિસ પર લઈ લેવામાં આવી હતી. પરંતુ જે રીતે સીલિંગ અને નોટિસ આપવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે તેમાં ક્યાંક ને ક્યાંક કર્મચારીઓ હવે ટાર્ગેટ પૂરો કરવા આડેધડ નોટિસ ફટકારી રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્સ વિભાગ દ્વારા જે પણ પ્રોપર્ટી ટેક્સ ધારકનું રૂપિયા 500 અને 1,000થી વધુનું બિલ બાકી હોય તેમને છેલ્લી ચેતવણી અને પાણી-ગટરનું કનેક્શન કાપવા સુધીની નોટિસ આપવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત પશ્ચિમ ઝોનના ટેક્સ વિભાગ દ્વારા નારણપુરા વિસ્તારમાં આવેલા સરદાર પટેલનગરમાં રહેતા મનુભાઈ ગોહિલ નામના વ્યક્તિને પ્રોપર્ટી ટેક્સનું બાકી બિલ માત્ર 6 રૂપિયા માટે છેલ્લી ચેતવણીની નોટિસ આપી હતી. જેમાં લખ્યું હતું કે, જો રૂપિયા 6 + વ્યાજ ત્રણ દિવસમાં નહીં ભરવામાં આવે તો પાણી તેમજ ગટરનું કનેક્શન કાપી નાખી જાહેર હજારી સુધીની પ્રક્રિયા કરવામાં આવશે.

**અમદાવાદ ક્રિકેટના રંગે રંગાયું**

## હોળીના દિવસે ગુજરાત ટાઇટન્સ અને મુંબઇ ઇન્ડિયન્સ વચ્ચે જામશે જંગ

■ **હોળીમાં ક્રિકેટ રસિકો રોમાંચના રંગે રંગાશે**

(એજન્સી) અમદાવાદ | તા.23



ક્રિકેટનો તહેવાર ગણાતા એવા IPLની સીઝન શરૂ થઈ ગઈ છે, જેમાં ગુજરાત ટાઇટન્સની ત્રણ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાવાની છે. આવતીકાલે 24 માર્ચના રોજ સાંજે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચ રમાવાની છે. એને લઈને ક્રિકેટરસિકોમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ટિકિટ લેવા માટે સ્ટેડિયમ પર સવારથી જ મોટી સંખ્યામાં લોકો આવી રહ્યાં છે. ક્રિકેટરસિકો ઓનલાઈન ટિકિટ બુક કરાવી ફિઝિકલ ટિકિટ મેળવવા માટે પહોંચ્યા હતા. ગુજરાત ટાઇટન્સની પહેલી મેચ હોવાને પગલે 70 ટકાથી ઉપર ટિકિટનું બુકિંગ થઈ ચૂક્યું છે. માત્ર ગુજરાતના અમદાવાદ, રાજકોટ, સુરત જ નહીં, પરંતુ ગોવા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ જેવાં રાજ્યોનાં વિવિધ શહેરોમાંથી પણ લોકો મેચ જોવા માટે અમદાવાદ આવી પહોંચ્યા છે. ક્રિકેટનો મોટો તહેવાર IPLને કહેવાય છે, જેની ત્રણ મેચ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચ રમાવાની છે.

**ધારાસભ્યની ઓફિસમાં દસ્તાવેજો સહિત કેટલોક સામાન સળગી ગયો**

## સુરતના સિંગણપુરમાં MLAની ઓફિસમાં એસી બ્લાસ્ટ થતાં આગ લાગી

(એજન્સી) સુરત | તા.23

સુરતના સિંગણપુર વિસ્તારના કંકાવતી કોમ્પ્લેક્સના પહેલા માટે કતારગામ વિધાનસભાના ધારાસભ્ય વીનુ મોરડીયાની ઓફિસમાં આગ લાગવાની ઘટના બનતા ફાયર વિભાગ દોડતું થયું હતું. કોમ્પ્લેક્સના પહેલા માળે આવેલી ઓફિસમાં એકાએક આગ લાગતા આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા. ત્રણ ફાયર સ્ટેશનની ગાડીઓ ઘટના સ્થળ ઉપર પહોંચીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જોકે, આગની ઘટનામાં મહત્વના દસ્તાવેજો સહિત ફર્નિચર કોમ્પ્યુટર અને એસી બળીને ખાક થઈ ગયું છે.

સિંગણપોર હેલ્થ સેન્ટરની સામે કંકાવટી કોમ્પલેક્ષના પહેલા માળે ધારાસભ્યની ઓફિસ કાર્યરત છે. કતારગામ વિધાનસભાના ધારાસભ્ય વીનુ મોરડીયાની ઓફિસમાં એસીમાં ધડાકો થયા હોવાનું જાણવા મળ્યું છે. જેને કારણે આખી ઓફિસમાં શોર્ટ સર્કિટ થઈ ગયું હતું અને ભડકે બળવાનું શરૂ થયું હતું. ઓફિસમાં રાખેલા કોમ્પ્યુટર અન્ય એસી તેમજ જરૂરી દસ્તાવેજો પણ સળગી ગયા હોવાનું જાણવા મળ્યું છે. ધારાસભ્યની ઓફિસમાં આગ લાગતાની સાથે જ ફાયર વિભાગ પણ સતત થઈ ગયું હતું. સિંગણપુર ચાર રસ્તા ઉપર



જ ઘટના બનતા આસપાસના લોકો પણ મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા. ધારાસભ્યના કાર્યાલયમાં લાગેલી આગની ઘટનામાં ફર્નિચર અને કોમ્પ્યુટરના સાધનો સહિતની પ્રચાર સામગ્રી અને અન્ય કાગળો પણ બળીને ખાક થઈ ગયા હતાં. આગ લાગવાનું કારણ અંકબંધ રહેવા પામ્યું છે. જો કે ફાયર બ્રિગેડ દ્વારા પ્રાથમિક માહિતી આગ શોર્ટ સર્કિટને ગણાવવામાં આવી રહી છે. ફાયર ઓફિસરે કહ્યું કે, ઓફિસ ખોલતાં જ જેવું એસી શરૂ કર્યું કે, ધડાકા સાથે આગ લાગી હતી. કોઈ ઈજા જાન હાનિ થઈ નથી.

### એસી ચાલુ કરતા થયો ધડાકો

ફાયર અધિકારી રમેશ સેલરે જણાવ્યું કે, કંકાવટી કોમ્પ્લેક્સના પહેલા માળે આવેલી ઓફિસમાં જ્યારે કર્મચારીઓ દ્વારા ઓફિસ ખોલીને એસીની સ્પીચ ઓન કરી હતી, ત્યારે એકાએક જ એસીમાં ધડાકો થતાં આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. જોત જોતામાં સર્કિટ થયું અને તેના કારણે આખી ઓફિસ લપેટમાં આવી ગઈ હતી. કોલ મળતાની સાથે જ ફાયર વિભાગની ગાડીઓ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. કતારગામ, ડભોલી અને મોગલી સરાઈ ફાયર સ્ટેશનની ગાડીઓ આગ બુજાવવા માટે રવાના થઈ હતી. જોકે સર્કિટ થતા જ કર્મચારીઓ બહાર આવી ગયા હતા. જેને કારણે કોઈ જાનહાની થઈ નથી, પરંતુ ઓફિસમાં રહેલા મહત્વના દસ્તાવેજો સહિત ફર્નિચર કોમ્પ્યુટર અને એસી બળીને ખાક થઈ ગયું છે.

**જય આદિનાથનો જયઘોષ**

## પાલિતાણાની છ ગાઉ પરિક્રમામાં હજારો ભકતો ઉમટયા



(એજન્સી) ભાવનગર | તા.23

જ્યાં કાંકરે કાંકરે અનંત આત્માઓ મોક્ષ પામ્યા છે તેવા શાશ્વત ગિરીરાજ શેત્રુંજયની છ ગાઉંની યાત્રાનો આજે વહેલી સવારે પાલિતાણા તળેટી થી જય જય આદીનાથ ના જયઘોષ સાથે પ્રારંભ થયો, આજના દિવસે શેત્રુંજય ગિરીરાજ પર કૃષ્ણના બે પુત્રો પદ્યુંમ્ન અને સામ્બુમ્ન કરોડો મુનીઓ સાથે આજના દિવસે અહી મોક્ષને પામ્યા હતા. ત્યારે જૈન ધર્મ માં આજની આ છ ગાઉની યાત્રા કરી મોક્ષની પ્રાપ્તિ થતી હોય છે એવી માન્યતા હોય છે. આજે હજારો લોકો છ ગાઉની યાત્રા કરી ધન્યતા અનુભવે છે,આજની આ છ ગાઉંની યાત્રા માં દેશભર ઉપરાંત વિદેશ માંથી 30 થી 40 હજાર શ્રાવક .શ્રાવિકાઓ સાધુભગવંતો ,સાધ્વીજી ભગવંતો બહોળી સંખ્યામાં જોડાયા.તેમજ સિદ્ધવડ ખાતે પાલમાં એક લાખ કરતા વધુ યાત્રિકો અને સ્થાનિકો આવ્યા.

**જૈન સમાજમાં ફાગણસુદ તેરસનું અનોખું મહત્વ**

### તળેટીથી યાત્રાની શરૂઆત



છ ગાઉની યાત્રાની શરૂઆત શત્રુંજય તીર્થની તળેટીએથી શરૂ થઇ ગિરિરાજ ઉપર શ્રી આદીશ્વર દાદાની મોટી ટૂકમાં દર્શન કરીને રામપોળની બહાર નિકળી દેવકીનંદનની ડેરી આવે છે, ત્યાં ટેકરી ઉપર દર્શન કરે છે, ચૈત્યવંદન કરે છે,પછી ત્યાંથી ગિરિરાજની પ્રદક્ષિણા શરૂ કરે છે. આગળ જાય ત્યારે ઉલખા જળ આવે છે. ત્યાં દેરીમાં શ્રી આદીશ્વર ભગવાનના પગલાં છે. ત્યાં ચૈત્યવંદન કરે છે. પૂર્વ કાળે અહીં દાદાનું ન્હવણ આવતું હશે તેવી કલ્પના છે. ત્યાથી આગળ શ્રીઅજિત-શાંતિનાથની દેરી આવે છે. ત્યાં દર્શન, ચૈત્યવંદન કરે. બાજુમાં ચિલ્લણ(ચંદન) તલાવડી આવે છે, ત્યાં બેઠા-સૂતા કે ઉભા ૯ કે ૧૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવામાં આવે છે. ત્યાથી આગળ ચાલતાં ભાડવાના ડુંગર પર જાય છે. ત્યાં શાંબ-પ્રદ્યુમ્નની દેરી આવે છે.

### મેડીકલની કરાઈ વ્યવસ્થા

આ ઉપરાંત સારવાર કેન્દ્ર દ્વારા યાત્રિકો ને મેડીકલ ટ્રીટમેન્ટ આપવામાં આવે છે, તેમજ આકસ્મિક સંજોગો ને પહોચી વળવા માટે ૧૦૮ ફાયર બ્રિગેડની વ્યવસ્થા પણ તંત્ર દ્વારા કરવામાં આવી છે.પાલ માં ખોવાયેલ કે ગુમ થયેલ વ્યક્તિ માટે સતત એલાઉન્સ માટે ની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...